પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૪ ॥

ॐ

नमो अरिहंताणं।
नमो सिद्धाणं।
नमो आयरियाणं।
नमो उवज्झायाणं।
नमो लोए सव्वसाहूणं।
एसो पंच नमुक्कारो
सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं,
पढमं हवइ मंगलं॥१॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराज



मयि तद्रूपं सोऽहं ।


परमात्मानुं रूप मारामां छे अने ते ज हुं छुं.

आगमन : संवत १९५९ ने मागशर सुद त्रीज (ई.स.१९०२)

ऊर्ध्वगमन : सवंत २०३६ ने वैशाख सुद चौदस (ई.स.१९८०)

## નવકારમાં પંચતીર્થ

નવકારના ૯ પદમાં મુખ્ય પદ પાંચ
અને ચૂલિકાના ચાર પદ છે.




| પદ | ટૂંકમાં | તીર્થ |
|---|---|---|
| નમો અરિહંતાણં | અ | અષ્ટાપદજી |
| નમો સિદ્ધાણં | સિ | સિદ્ધાચલજી |
| નમો આયરિયાણં | આ | આબુજી |
| નમો ઉવજ્ઝાયાણં | ઉ | ઉજ્જયન્ત - ગિરનારજી |
| નમો લોએ સવ્વસાહૂણં | સા | સમ્મેતશિખરજી |

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ મધ્યે**
**'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥૫૪॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ VOLUME - 54

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai | Vadodara

---

☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




હાં... હસ્તાક્ષરનું અક્ષયપાત્ર...! એનો મજાનો અર્થ ‘હસતાં અક્ષર...’ જે પાત્રમાં છે, તે ય અ-ક્ષય બની જાય, એવો કરી શકાય. આવા અક્ષયપાત્ર માટે પૂજ્યો-ભાવિકોના પ્રેરક-અનુમોદક પત્રો તો આવે જ છે, પણ કેટલાંયે પૂજ્યોએ આ અક્ષયપાત્રોને જાહેર પ્રવચનોમાં અત્યંત આદરપૂર્વક ફરમાવ્યા છે તથા આમાં સમાવિષ્ટ તત્ત્વના વિષયોને શ્રોતાઓ સમક્ષ વાગોળીને રૂચિ ઉત્પન્ન કરાવી છે! હાં... આવા જ એક પૂજ્યના પ્રવચનમાં ફરમાવાયેલ હૃદયના ભાવો ભાવવા જેવા છેઃ

‘‘જૈનશાસનના મહાયોગી, સાધનામનીષી અને હૃદય ભાવવિભોર બની જાય એવા પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને મેં તો મારા જીવનમાં જોયા નથી, પરંતુ એમનું સાહિત્ય આજે વાંચીને અનુમોદના માટે કહું છું કે... રાજકોટની અંદરમાં એક શશીકાંતભાઈ હતાં, તેમની પાસેથી પૂજ્યપાદ્ પંન્યાસશ્રીજી મહારાજના હસ્તાક્ષરમાં લખાયેલી અનેક રોજનીશીઓ મળી, જે પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ અને પૂજ્ય આચાર્યદેવશ્રી હેમપ્રભસૂરિજી મહારાજ સાહેબે ભારતીબેનને આપી અને એ રોજનીશીઓને મૂળ હસ્તાક્ષરની અંદરમાં જ છાપવાનું કાર્ય શ્રી સી.કે.મહેતાની આર્થિક ઉદારતાથી પાંચ વર્ષ પૂર્વે પ્રારંભ કરાયું. હવે... તમને ખબર છે આ કેટલું ભીષ્મ કાર્ય છે? જૂની ૨૨૪ રોજનીશીઓ, જર્જરીત પાનાં, ઝાંખા પડી ગયેલાં અક્ષરો, છૂટાં પડી ગયેલાં કાગળો અને અસ્તવ્યસ્ત રહેલાં અક્ષરો. હવે એને computerized કરાવડાવી જાપાનની પદ્ધતિથી આખી નવી system ગોઠવી. કાગળને polish વગેરે કરવાના, અક્ષરો enlarge કરવાના, તૂટેલાં અક્ષરો હોય તો કોઈ જૂનો અક્ષર આખો હોય, એમાંથી અહીં joint કરવાના

અને પછી તેને તૈયાર કરવાના. આ ભગીરથ કાર્ય કરીને ૪૫ ભાગ તો બહાર પડી ચૂક્યા છે, જે વાંચતા-વાંચતા પૂજ્ય પંન્યાસશ્રી મહારાજની જે છબી આંખની સમક્ષ આવે, એમાં થાય કે... તીર્થંકરનો કોઈ જીવ ભરતક્ષેત્રમાં ભૂલો પડી ગયેલો છે.

આજાનબાહુ તેઓની કાયા હતી. તેમનું નામ બોલો અને હોઠ-હૈયું છલકાઈ જાય, એવા મહાપુરૂષે રાજસ્થાનમાં સૌથી વધુ વિહાર કર્યા. એકાંતની ખરલમાં સાધનાને ઘૂંટીને જૈનદર્શનનો અર્ક આપવા રોજનીશીઓ લખી. તમને કહું? તેમના સ્વહસ્તે લખાયેલી અને આજે છપાયેલી આ રોજનીશીઓ વાચું, તો એમ થાય કે આ મહાપુરૂષ કેટલાં બધા શુભ વિચારો અને શુભ પરિણતિઓના માલિક હતાં! એક પણ નબળી વાત જ નહીં! આખે-આખી રોજનીશીઓ ચિંતનથી ભરેલ અને નમસ્કાર મહામંત્ર, મૈત્રીભાવ અને જૈનશાસનના તત્ત્વજ્ઞાનને તો એ રીતે ઘટાવ્યું કે પ્રત્યક્ષ અનુભવી શકાય! આ ગ્રંથના ૫૦-૬૦ ભાગ જૈનશાસનમાં અજોડ reference તરીકે કામ લાગશે. વ્યવહાર, નિશ્ચયની સાથે મૈત્રીભાવના, નમસ્કાર મહામંત્રનું અદ્‌ભૂત ચિંતન અને વિશ્વના બધા જ ઉપનિષદ, વેદ ને અંગ્રેજી સાહિત્યમાંથી લીધેલી બધી વાતો પણ મૂકી. આમ, કમાલ - કમાલ કહેવાનું મન થાય, એમાં નવાઈ નથી.''

આજે શાસનના અનેક સંઘોમાં નાના-મોટા ધર્મપર્વોની આરાધનાઓમાં કે પ્રવચનોમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં રહેલાં પદાર્થો માટે પૂજ્યશ્રીઓ આવા અદ્‌ભૂત ભાવો વ્યક્ત કરે છે, તે જોઈ-વાંચી-સાંભળી દાદાગુરૂમહારાજ માટે ખરેખર જ અપૂર્વ અહોભાવ છલકાય છે, જે શબ્દોમાં વ્યકત કરવો પ્રાયઃ અશક્ય જ છે.

આ ગ્રંથાવલીના ૫૩-૫૪ ભાગ આપણા સુધી પહોંચ્યા છે, તેમાં પાયામાં વડોદરા-મુંબઈના પરમ ગુરૂભક્ત સુશ્રાવક **સી.કે.મહેતા**ની અસીમ આર્થિક મહાઉદારતા તેમ જ રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ગુરૂભક્તહૃદયી **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની અખૂટ જહેમત ગોપાયેલ છે. આપણે સૌ આ ગ્રંથો દ્વારા તત્ત્વજ્ઞાન પામીને અધ્યાત્મભાવનાં સાધક બનીએ, એ જ... મંગલ ભાવના.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# અનાહૂત સહાય થકી
# સાતે કોઠે દીવા...



મોક્ષપ્રાપ્તિના મનોરથને પૂર્ણ કરવા જિનગુણદર્શનથી નિજગુણદર્શનની યાત્રા કરનાર ગુરૂમહારાજમાં પરિશુદ્ધ ભાવ હતો, વિશુદ્ધ ક્રિયા હતી અને અણિશુદ્ધ ચારિત્ર હતું. શ્રી નમસ્કાર મહામંત્ર તથા મૈત્રીધર્મના તત્ત્વાર્થની તો હરતી-ફરતી બૃહદ્ પાઠશાળા હતાં તેઓ! તેઓ કહેતાં મને કેઃ ''પૂર્વબદ્ધ કર્મો સંયોગો આપે છે, કિન્તુ આપણો ધર્મ તે સંયોગોમાં કેમ જીવવું, તેનો અભિગમ આપે છે! ચીમનભાઈ, 'કોઈનાં પ્રત્યે દ્વેષ નહીં અને આપણા પૂરતો પ્રેમ નહીં...' બસ, એ ફિલોસોફી જીવનમાં ઉતારજો, તો જીવનમાં ધર્મજાગરિકાનું પર્વ બારમાસી રીતે ઉજવી શકશો.''

અરે... તેઓનું મૌન પણ હતું મૂલ્યવાન! તેઓની ઑરામાં બેસનારને મનનાં પ્રત્યેક સંશયો શમી જતાં જણાતાં! રાજસ્થાનમાં તેઓ સમીપે ગયો હોઉં, ત્યારે તો અનુભવાતી જ, પરંતુ મુંબઈ-દિલ્હી-પરદેશ કે ગમે ત્યાં વ્યવસાયિક કારણસર પણ જો હું મુંઝાતો હોઉં, તો ત્યાં ય તેઓની 'અનાહૂત સહાય' મને અચૂક અનુભવાતી. ન પુકારો - છતાં હાજર એવી કૃપા! અભિરામ વાર્ધક્યનાં વર્ષોમાં જોયેલી તેઓની આંખોમાંથી વહેતી કરૂણાની ગંગોત્રીનો શીતલ સ્પર્શ આજે મારા નેવુંમાં વર્ષની સમીપે ય અનુભવું છું! જેમનું જીવન જ તપોવન હતું, તેવા મારા ગુરૂમહારાજને યાદ કરતાં જ આજે ય મારાં સાતે કોઠે દીવા પ્રગટી ઉઠે છે અને તેઓના આ અક્ષરબ્રહ્મનાં અજવાસમાં તો સમગ્ર અસ્તિત્વને ઝળકી ઉઠતું ભાળું છું.

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












ગતધના અપિ હિ ત્વદનુગ્રહાત્, કલિતકોમલવાક્યસુધોર્મયઃ ।
ચકિતબાલકુરઙ્ગવિલોચના, જનમનાંસિ હરન્તિતરાં નરાઃ ॥

ડુહાળા, સં. ૨૦૩૦, કારતક સુદી ૫, બુધવાર, ૩૧-૧૦-૭૩

વિશ્વ ઉપર સામ્રાજ્ય કોનું ? નમસ્કાર મહામંત્રનું.

ભક્તિનું સૌથી સરલ અને અનન્ય સાધન
પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર છે,
તેથી વિશ્વ ઉપર સામ્રાજ્ય આ નમસ્કાર મહામંત્રનું છે.
મુક્તિથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી, પરન્તુ ભક્તિને વશ
મુક્તિ હોવાથી મુક્તિ દાસી અને ભક્તિ સ્વામીની છે.
જો કે ભક્તિ મુક્તિને આધીન છે, તો પણ
ભક્તિ વિના મુક્તિ અસંભવિત હોવાથી
વિશ્વમાં પ્રભુત્વ મુક્તિનું નહિ પણ ભક્તિનું છે.
મહામંત્રનો આરાધક રંક હોય તો પણ રાજા છે અને
વિરાધક રાજાધિરાજ હોય તો પણ રંક છે.
રંકને રાજા બનાવનાર અને દરિદ્રને સમ્રાટ બનાવનાર
એવા મહામંત્રને જે આ રીતે સમજીને આરાધે છે,
તે વિશ્વનો ભાવિ ચક્રવર્તી, દેવ, દેવેન્દ્ર અને
અહમિન્દ્રથી પણ અધિક છે અને
સર્વ ભવ્ય આત્માઓને પૂજાનું સ્થાન બને છે.
જય હો આ પંચમંગલમહાશ્રુતસ્કંધ રૂપ
આ નમસ્કાર મહામંત્રનો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

(૧) સંસારમાં પ્રચુર દુઃખ છે અને દુઃખબહુલતાના કારણે સંસાર કરૂણરસથી ભરપૂર છે.

(૨) સંસારમાં પ્રચુર પાપ - કષાયબહુલતાના કારણે સંસાર રૌદ્રરસથી ભરપૂર છે.

(૩) સંસારમાં રહેલા અવિરતિ - વિષયરસના કારણે સંસાર બીભત્સરસથી ભરપૂર છે.

(૪) સંસારમાં રહેલા મિથ્યાત્વ - અજ્ઞાનના કારણે સંસાર ભયાનકરસથી ભરપૂર છે.

(૫) સંસારમાં પ્રમાદબહુલતા હોવાના કારણે સંસાર હાસ્યરસથી ભરપૂર છે.

(૬) સંસાર કર્મના નિયમથી બદ્ધ હોવાના કારણે સંસાર અદ્‌ભુતરસથી ભરપૂર છે.

(૭) સંસારમાં રહેલા દાન, દયા, પ્રેમ, પરોપકાર તથા ધર્મના કારણે સંસાર વીરરસથી ભરપૂર છે.

(૮) સંસારમાં રહેલા શમ, સંતોષાદિ ગુણોના કારણે સંસાર શાંતરસથી ભરપૂર છે.

(૯) સંસારમાં રહેલા રતિ, પ્રીતિ, સ્નેહ, પ્રેમ, કરૂણા, મૃદુતા, વાત્સલ્યાદિના કારણે ભક્તિરસથી ભરપૂર છે.

ભક્તિનું અનન્ય સાધન પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર છે.

## શ્રી નમસ્કાર મહામંત્ર અને શ્રી શક્રસ્તવ

(૧) નવકાર મંત્ર સર્વશ્રેષ્ઠ મંત્રોમાં રહસ્યભૂત મંત્ર છે.
તે અષ્ટ મહાસિદ્ધિપ્રદ છે.
સર્વ પાપનિવારક, સર્વ દુઃખહારક, સર્વ દોષહારક,
સર્વ ગુણકારક, મહાપ્રભાવક મંત્ર છે.
તે સર્વ સમ્યગ્દૃષ્ટિ - ભદ્રકપરિણતિ - અસંખ્ય દેવ-દેવીઓ વડે સેવિત છે, ભવાન્તરના - અસંખ્ય પુણ્ય વડે પ્રાપ્ય છે, જેનું સમ્યક્ પ્રકારે જપન, પઠન, ગુણન, શ્રવણ અને ચિન્તન - ભવ્ય જીવોને સચરાચર એવા
આ જગતલોકમાં એવી કોઈ સદ્વસ્તુ નથી,
કે જેને નમસ્કાર મહામંત્ર કરતલપ્રાપ્યવત્ ન બનાવે.

(૨) શ્રી નમસ્કાર મહામંત્રને જપનાર ભવ્ય જીવોને ચારે નિકાયના દેવો સદાને માટે પ્રસન્ન રહે છે.

(૩) તેઓને પાંચે પ્રકારના ભૂતો અનુકૂળ બને છે.

(૪) સર્વ સંપત્તિઓના મૂળ રૂપ જિનાનુરાગ જાગે છે.

(૫) સાધુપુરુષો પ્રસન્ન થઈને અનુગ્રહ કરનારા થાય છે.

(૬) આ મહામંત્ર ગણનારને ખલપુરુષો મૈત્રી પામે છે.

(૭) જલ-સ્થલ-ગગનચારી ક્રૂરજંતુઓ મંત્રાધીન બને છે.

(૮) અધમ વસ્તુઓ પણ ઉત્તમ વસ્તુભાવને પામે છે.

(૯) સાધક ધર્મ - અર્થ - કામ ગુણે વડે રમ્ય બને છે.
(૧૦) તેને આ લોકમાં સર્વ સંપત્તિઓ આવી મળે છે તથા તેના સદુપયોગ વડે પરલોક સુખકારક બને છે.
(૧૧) શુદ્ધ ગોત્ર, કલત્ર, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, જીવિત, યૌવન, રૂપ, આરોગ્ય, યશ મળવાની સાથે પરલોકમાં સ્વર્ગાપવર્ગની લક્ષ્મીઓ સ્વયંવરાની જેમ આવી મળે છે.
(૧૨) મંત્રસાધકને સર્વ શ્રેયનો સમુદય પ્રાપ્ત થાય છે.

## નમસ્કારનો મહિમા

(૧) નમસ્કાર નમસ્કાર્યનો છે, કેમકે તે પૂજ્ય વસ્તુને દાનરૂપ છે, દાન કરાયા પછી વસ્તુ દાતારની નહિ પણ ગ્રાહકની છે. ઋજુસૂત્રના મતે નમસ્કાર એ શબ્દરૂપ, લબ્ધિરૂપ કે ક્રિયારૂપ નમસ્કાર કરનારના ગુણરૂપ હોવાથી નમસ્કારનું સ્વામિત્વ કરનારનું હોય છે.

(૨) નમસ્કાર એ પૂજ્યોની પૂજ્યતાની પ્રતીતિ કરાવનાર હોવાથી પૂજ્યનો ધર્મ છે. ઘટનું રૂપ ઘટની પ્રતીતિ કરાવે છે, માટે તે ઘટનો ધર્મ છે. નમસ્કારનું ફળ પણ નમસ્કાર કરનારને મળે છે.
(૩) નમસ્કારનો પરિણામ નમસ્કાર્યનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે, માટે તે નમસ્કાર્યની પર્યાય છે.

ઘટના નિમિત્તે ઉત્પન્ન થતું
ઘટજ્ઞાન અને ઘટઅભિધાન - એ બેય ઘટરૂપ છે,
તેમ નમસ્કારની ઉત્પત્તિમાં
નમસ્કાર્યનું જ્ઞાન અને અભિધાન કારણ છે.
નમસ્કારનો ક્ષયોપશમ નમસ્કાર કરનારમાં હોય છે.
(૪) નમસ્કાર કરનાર નમસ્કાર્યનું દાસત્વ પામે છે,
તેથી નમસ્કાર અને તેનો કરનાર - બંને
નમસ્કાર્યના બને છે. આ નૈગમ - વ્યવહારનો મત છે.
નમસ્કારનો પરિણામ કરનારમાં હોય છે,
માટે તે નમસ્કાર કરનારનો છે.

## નમસ્કાર મહામંત્ર - શિરોમણિ મંત્ર

કર્મનો નિયમ દુષ્કૃત કરતાં રોકે છે,
ધર્મનો નિયમ સુકૃત કરવા માટે પ્રેરે છે તથા
રતિ, પ્રીતિ, સ્નેહનો નિયમ શરણાગમન માટે પ્રેરે છે.
નમન, વંદન, સ્મરણ, કીર્તન, સ્તુતિ, ભક્તિ,
પૂજા, સમર્પણ આદિ શરણાગમનના પ્રકાર છે.
ઇષ્ટની શરણાગતિ તો શરણ પદાર્થ છે.
'નમો' પદ વડે બેય શરણાગમન હોય છે, તેમ
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના પણ હોય છે, કેમકે

જેનું શરણું સ્વીકારવાનું છે,
તે પંચ પરમેષ્ઠિ દુષ્કૃતરહિત અને સુકૃતસહિત છે.
શરણ આપવાની શક્તિ પણ સર્વજ્ઞ, પાપરહિત અને
સર્વ પ્રકારના પુણ્યપ્રકર્ષને પામેલા પુરુષોમાં જ રહેલ છે.
તેઓના અચિન્ત્ય સામર્થ્ય જ
તેઓ શરણાગમન પ્રતિ પ્રેરે છે.
સર્વ ધર્મનો સાર શરણાગમન છે, તે નમન પરિણામથી
આવે છે, તેથી નમસ્કારને 'મહામંત્ર શિરોમણિ' કહ્યો છે.

સં. ૨૦૩૦, પોષ વદી ૭ ને સોમવાર, તા. ૧૪ - ૧ - ૭૪

સાધુપણાનો સાર શું ?

ઉપશમ, પ્રશમ, વિષય - કષાયનો નિરોધ,
ઇંદ્રિય - મનનો વિજય, શમ - દમ - ઉપરતિ - તિતિક્ષા.
ઉવસમસારં ખુ સામણ્ણં । - કલ્પસૂત્ર
ઉપશમ સાર છે પ્રવચને - ઉપાધ્યાયજી.

ઉપશમ સાધવાનો ઉપાય શું ?

'સહાયિત્તં ।' સહાયપણું ધરતાં સાધુઓ.
પરસ્પર સહાયભૂત થવું, તે જ સાધુપણું છે.
ઉપશમ ન થવામાં મુખ્ય કારણ...
બીજા પાસે પોતાનું કામ કરાવવાની ઇચ્છા છે.

લોભ પાસે પોતાનું કામ કરાવવાની ઇચ્છા જ્યારે
પૂર્ણ ન થાય, ત્યારે ચારે પ્રકારના કષાય થાય છે.
કષાયનું મૂળ ઇન્દ્રિયોના વિષયની ઇચ્છા છે.
તે ઇચ્છા જ્યારે લોભનું કામ કરવાની થાય છે,
ત્યારે ઉપશમ સ્વભાવસિદ્ધ બને છે.
બે પ્રકારની ઇચ્છા: એક સ્વસુખની, બીજી પરસુખની.
સ્વસુખની ઇચ્છા એ કષાયની જનની છે,
અન્યના સુખની ઇચ્છા એ કષાયશમની છે.
આ જ સિદ્ધાંતનો સાર છે. કહ્યું છે કે:

ये केचित् दुःखिता लोका ते सर्वे स्वसुखेच्छया ।
ये केचित् सुखिता लोके ते सर्वेऽन्यसुखेच्छया ॥

અન્યના સુખની ઇચ્છા કષાયને શમાવે છે,
સંતોષને જન્માવે છે અને તે ઉપરાંત
સરળતા, નમ્રતા અને ક્ષમાને સહજ બનાવે છે.
નવકારનું પ્રથમ પદ અર્થાત્ 'નમો અરિહંતાણં' એ
અરિહંતોને નમસ્કાર સ્વરૂપ છે એટલું જ નહિ, પરન્તુ
દ્રવ્યનિક્ષેપે પાંચે પરમેષ્ઠિ પદોના નમસ્કારરૂપ છે.
એક અરિહંતનો નમસ્કાર પણ ચાર નિક્ષેપે અને
પાંચે પરમેષ્ઠિઓને નમસ્કાર રૂપ બને છે.

અરિહંતનું નામ તે નામનિક્ષેપ છે,
અરિહંતોની આકૃતિ તે સ્થાપનાનિક્ષેપ છે.
અરિહંતોનું દ્રવ્ય તે ભૂત - ભાવિ અવસ્થારૂપ છે.
અરિહંતોની ભૂતઅવસ્થા એટલે
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની અવસ્થા છે,
અરિહંતોની ઉત્તરઅવસ્થા એ સિદ્ધઅવસ્થા છે અને
અરિહંતોની વર્તમાન અવસ્થા તે
સમવસરણસ્થ જિનની અવસ્થા છે.
તેઓ તીર્થને સ્થાપે છે, તેથી તીર્થંકર છે.
'તીર્થ' એટલે પ્રથમ ગણધર, દ્વાદશાંગી અને તેને ધારણ
કરનાર ચતુર્વિધ સંઘ, અન્ય અવિરત - ચરણક્રિયા
અને અત્યંત અનવદ્ય એવી કરણક્રિયા તથા
તેને ધારણ કરનાર સંઘ એ તીર્થ છે. તેને - સંઘને
સ્થાપનાર તીર્થંકર છે, તે અરિહંતનો ભાવનિક્ષેપ છે.
ભાવનિક્ષેપના પ્રકાર: એક આગમથી, બીજો નોઆગમથી.
નોઆગમથી તીર્થનું સ્થાપન કરનાર તીર્થંકર તીર્થ છે
અને આગમથી તે તીર્થને ગ્રહણ કરવું, ગ્રહણ યોગથી
ધારણ કરનાર સકલ શ્રી સંઘ છે અર્થાત્
પ્રભુની આજ્ઞા એજ તત્ત્વથી તીર્થ છે અને

તે તીર્થને જેઓ હૃદયમાં ધારણ કરે છે,
તેઓ આગમથી ભાવનિક્ષેપે ભગવંત છે.
એ રીતે અરિહંતના ચારે નિક્ષેપામાં ચતુર્વિધ સંઘ,
પાંચ પરમેષ્ઠિ અને મુક્તિમાર્ગનો સમાવેશ થઈ જાય છે.
'નમો અરિહંતાણં ।' એ પ્રથમ પદમાં
પ્રભુના ચાર અતિશયોનું પ્રણિધાન રહેલું છે.
'નમો' પદનું પ્રયોજન સહજમલનો હ્રાસ તથા
ભવ્યત્વનો પરિપાક છે, તેને જ અનુક્રમે
પાપનાશ અને મંગળનું આગમન કહેલું છે.
'અરિ + હંતાણં ।' ભાવશત્રુને હણનારા અર્થાત્
પોતામાંથી શત્રુભાવને સંપૂર્ણ દૂર કરનારા.
એ મૈત્રીભાવનાનો પ્રકર્ષ સૂચવે છે, તેથી
અપાયાપગમાતિશયનો લાભ થાય છે.
'અરિહં + તાણં ।' અર્હત્ ત્રિભુવનપૂજ્યતાને પામનારા.
એ પ્રમોદભાવનો પ્રકર્ષ સૂચવે છે.
પ્રમોદભાવ બીજાના ગુણ જોવાના પ્રમાદને હટાવે છે.
પરગુણપ્રહર્ષથી પ્રકૃષ્ટ પુણ્યકર્મનો બંધ થાય છે,
તેથી 'ત્રિભુવનપૂજ્યતા'ની પદવી મળે છે. સમવસરણ
આદિની ઋદ્ધિ વડે તે પૂજ્યતા અભિવ્યક્ત થાય છે.

'અરિહંત + આણં ।' અર્થાત્

અરિહંતોની આજ્ઞા વચનરૂપ અને જ્ઞાનરૂપ છે.
પ્રભુને વચનાતિશયની પ્રાપ્તિ તે કરુણાભાવનાનાં
પ્રકર્ષનું સૂચન કરે છે અને જ્ઞાનાતિશયની પ્રાપ્તિ
તે માધ્યસ્થ્ય ભાવનાનાં પ્રકર્ષનું સૂચન કરે છે.
ઉત્કૃષ્ટ કરુણા અને ઉત્કૃષ્ટ માધ્યસ્થ્યનું ફળ
અનુક્રમે વચનાતિશય અને જ્ઞાનાતિશયની પ્રાપ્તિ છે.
એ રીતે પ્રથમ પદના સ્મરણ વડે
પ્રભુના ચારે અતિશયો અભિવ્યક્ત થાય છે.

<u>આત્માનું પ્રતિબિંબ - નવકાર મંત્રમાં</u>

વર્તમાન શ્રી સંઘની સ્થિતિમાં ક્રિયોદ્ધારની જરૂર છે,
જેથી આપણાં અનુષ્ઠાનો દ્વારા ચૈતન્ય જાગૃત બને
અને જીવનમાં સમત્વનો આનંદ મળે.
સ્થૂલ શરીરનું પ્રતિબિંબ કેમેરામાં,
અંદર રહેલ હાડકાઓનું પ્રતિબિંબ એક્સરેમાં અને
આત્માનું પ્રતિબિંબ નવકાર મંત્રમાં પડી રહ્યું છે.
નવકારના ૬૮ અક્ષરો અક્ષય એવા
આપણા આત્માના જ અનાદિસંસિદ્ધ વર્ણો છે.

o

*It is a diagram of eternal Soul.*

નવકાર વગર વૈરાગ્ય અને મૈત્ર્યાદિ ભાવો લાવી
જીવનમાં ટકી શકવા અશક્ય છે.

નવકાર અસંખ્ય યોગમય છે.

આત્માર્થ, આત્મા વડે, આત્માને જોવો અને
નવકારમાં આત્માને જોવો - એ શ્રેષ્ઠ જ છે.

જાપ દ્વારા ધ્યાનમાં અને ધ્યાન દ્વારા લયમાં
લઈ જનાર આ નમસ્કાર મહામંત્ર એ પ્રકૃતિયોગ છે.

'નવકાર એ પરમ ગુરુ છે, એનું દર્શન
પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ જીવમાં નિત્ય થઈ રહ્યું છે.
નવકારના શબ્દો માત્ર જ પોતાનું ચૈતન્ય છે અને
તેની અચિન્ત્યશક્તિનો અભેદરૂપે અનુભવ થાય છે.'

નીચેની પાંચ વસ્તુ અજ્ઞેય છે, શ્રદ્ધાનો વિષય છે,
બુદ્ધિનો ત્યાં પ્રવેશ અશક્ય છે:

(૧) કર્મનો નિયમ અફર છે.

(૨) આત્માનો કદી નાશ થતો નથી.

(3) જીવાત્માનું જીવન પવિત્ર અને શ્રેષ્ઠ છે.

(૪) પ્રકૃતિ એ નિશ્ચિત સાક્ષિ છે.

(૫) વિશ્વમાં શ્રેષ્ઠ રચના છે, વ્યવસ્થા છે, બુદ્ધિ છે,
વૈજ્ઞાનિક નિયમબદ્ધતા છે.

## સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા અને પંચપરમેષ્ઠિ

(૧) જીવદ્રવ્ય સત્ છે, માટે સતત જીવવા ઈચ્છે છે.
(૨) જીવદ્રવ્ય ચિત્ છે, માટે નવું નવું જાણવા ઈચ્છે છે.
(3) જીવદ્રવ્ય આનંદ છે, માટે સુખને સદા ઝંખે છે.
(૪) જીવદ્રવ્ય સ્વતંત્ર છે, માટે સ્વાધીનતાને ઈચ્છે છે.
(૫) જીવદ્રવ્ય પરમૈશ્વર્ય યુક્ત છે, માટે આ જગતના બધા જીવો ઉપરનું સ્વસ્વામિત્વ ચાહે છે.

સત્ રૂપે સાધુ, ચિત્ રૂપે ઉપાધ્યાય, આનંદ રૂપે આચાર્ય, સ્વાતંત્ર્ય રૂપે સિદ્ધ અને જીવ ઐશ્વર્ય રૂપે અરિહંત છે.

એક જીવનું ભલું કરવું, તે જીવોનું જ કાર્ય છે.

જીવજીવન જીવરૂપે જ ટકે છે - વધે છે. 'જીવજીવન' એટલે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, શિક્ષા ઈત્યાદિ.

જૈન શાસ્ત્રો કહે છે કે:

એક જીવનું ભલું કરવું, તે જીવોનું જ કાર્ય છે, એટલે અરિહંત ભગવંતોનો, અનંતાનંત સિદ્ધોનો, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુભગવંતોનો ઉપરાંત પંચ પરમેષ્ઠિઓનો સમસ્ત વિશ્વ, માનવજગત, જૈનશાસન અને આ સંઘ ઉપર અસીમ ઉપકાર છે, એમ માન્યા સિવાય ચાલે તેમ છે જ નહિ.

વિશ્વમાં જ્યાં જ્યાં જ્ઞાન છે, શ્રદ્ધા છે, સદ્વર્તન છે, પરોપકાર, દાનદયાદિ ધર્મો છે, ક્ષમાદિ ગુણો છે, ત્યાં તેના અસ્તિત્વ માટે જીવોને ઉપકાર કરનાર ભાવ પરોપકારી જીવો માનવા જ જોઈએ. એ રીતે સર્વજીવહિતાર્થ વપરાતી સત્પુરુષોની શક્તિ ધન્યવાદને જ પાત્ર છે.

## નમસ્કાર અને નવરસની સમાનતા

આ સંસારમાં દુઃખ છે. તે દુઃખનાં મુખ્ય કારણો છે:
અજ્ઞાન, અવિરતિ, કષાય, પ્રમાદ, મિથ્યાત્વાદિ.
તેના ઉપર વિજય પ્રાપ્ત કરાવનાર ગુણો પણ છે:
જ્ઞાન, વિરતિ, અકષાય, અપ્રમાદ, સમ્યક્ત્વાદિ.
દુઃખના કારણે આ સંસાર કરૂણ છે,
અજ્ઞાનના કારણે આ સંસાર ભયાનક છે,
અવિરતિના કારણે આ સંસાર બીભત્સ છે,
પ્રમાદના કારણે આ સંસાર હાસ્યાસ્પદ છે,
કષાયના કારણે આ સંસાર રૌદ્ર છે,
મિથ્યાત્વના કારણે આ સંસાર પાપમય છે,
તે બધાનો વિજય પ્રાપ્ત કરાવનાર
એક મહામંત્ર નમસ્કાર જ છે.
તે કેવી રીતે? તેનો વિચાર હવે પછી.

૮-૯-૨૪, શનિ

નવકારના નવપદ અને આઠ સંપદાઓ છે.
નવપદ અને આઠ સંપદાઓનો વિચાર
નવનિધિ અને આઠ સિદ્ધિને આપનારો છે.
તેનું કારણ પ્રથમ પદમાં રહેલાં અરિહંતો
ધર્મવીર છે, તેથી વીરરસના નાયક છે.
બીજા પદમાં રહેલાં સિદ્ધ ભગવંતો
વિસ્મય કરાવનાર અનાદિ અવિદ્યા કર્મના બળ ઉપર
પ્રભુત્વ પ્રાપ્ત કરી અદ્ભુત રસના નાયક બન્યા છે.
ત્રીજા પદમાં રહેલાં આચાર્ય ભગવંતો
વિશ્વમાં હાસ્ય ઉપજાવનાર પ્રમાદ ઉપર
વિજય મેળવનારા હાસ્યરસના નાયકના પણ નાયક છે.
ચોથા પદમાં રહેલાં ઉપાધ્યાય ભગવંતો
રૌદ્ર અવિદ્યા કષાયો ઉપર વિજય મેળવીને
રૌદ્રરસના નાયકના પણ નાયક બન્યા છે.
પાંચમા પદમાં રહેલાં સાધુ ભગવંતો
જુગુપ્સનીય એવા વિષયસુખોનો સર્વથા ત્યાગ કરવા
વડે બીભત્સરસના નાયકોના પણ નાયક બન્યા છે.
છઠ્ઠા પદમાં રહેલાં પાંચે પરમેષ્ઠિઓને
એક સાથે કરવામાં આવતો નમસ્કાર

અત્યંત ભયાનક એવા આપ્તવિષયક અજ્ઞાનનો નાશ
કરનાર હોવાથી ભયાનકરસને ય ભયાનકસ્વરૂપ છે.
સાતમા પદમાં રહેલ પાપપ્રણાશ એ સર્વ પ્રકારનાં
દુઃખોનું મૂળ જે પાપ, તેનો નાશ કરનાર હોવાથી
કરુણારસને પણ કરુણ બનાવનાર એવા
કરુણારસના નાયકની પદવીને પ્રાપ્ત કરે છે.
આઠમા અને નવમા પદની એક જ સંપદા હોવાથી
તે ભક્તિરસના નાયક બનાવે છે તથા
ભવાભિનંદીપણાનો નાશ કરી મુમુક્ષુવૃત્તિને પ્રગટાવી
દેવ-ગુરુની ભક્તિ દ્વારા સ્વપર આત્મબોધ કરાવી
સમતા અને શાંતિદાયક પરમ આનંદને આપે છે.
દુઃખની પ્રચુરતાના કારણે સંસારસ્વરૂપની કરુણતા,
મિથ્યાત્વાદિ પાપપ્રચુરતાના કારણે સંસારની ભયાનકતા,
અવિરતિદોષના કારણે સંસારની બીભત્સતા,
કષાય - દ્રોહના કારણે સંસારની રૌદ્રતા,
પ્રમાદદોષના કારણે સંસારની હાસ્યાસ્પદતા,
કર્મના અનાદિ નિયમના કારણે સંસારની અદ્ભુતતા,
ધર્મવીરતાદિ કારણે સંસારની વીરરસપૂર્ણતા,
મુમુક્ષુતાના કારણે સંસારની ભક્તિરસપૂર્ણતા,

ભક્તિરસપ્રચુરતાના કારણે સંસારની મુક્તિ ને સાધકતા,
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે
અવિહડ ભક્તિના કારણે સંસારની મંગળમયતા બતાવનાર
મહામંત્ર શ્રી નવકાર વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે,
ત્યાં સુધી તેને આરાધનારા ભવ્ય જીવોની ભવ્યતા
વિશ્વની કીર્તિના ઉજ્જ્વળતાનો ધ્વજ હંમેશા ફરકતો
રાખે છે, એ કારણે પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપી
મહામંત્રનો મહિમા વિશ્વના શ્રેષ્ઠ પુરુષો, તીર્થંકરો,
ગણધરો, પૂર્વધરો, શ્રુતધરો અને માર્ગાનુસારિથી માંડીને
અપુનર્બંધક, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધરો,
સર્વવિરતિધરો આદિ સર્વ સત્પુરુષો ગાઈ ગયા છે,
ગાઈ રહ્યા છે અને સદાકાળ ગાતાં રહેશે.

નવકાર મંત્રની આ પ્રભુતાને જાણીને જેઓ તેના
શરણે રહે, તેઓ ભવસાગરને સુખે તરી જાય છે.
મુક્તિ જો સર્વશ્રેષ્ઠ છે, તો મુક્તિમાર્ગ - મુક્તિમાર્ગ
પ્રસ્થિત અને એ ત્રણેને ભાવથી નમનાર પણ શ્રેષ્ઠ છે.
મુક્તિ જો મંગળ છે - ઉત્તમ છે - શરણભૂત છે, તો
મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગ પ્રસ્થિત અને એ ત્રણેને કરાતો
નમસ્કાર પણ મંગળ, ઉત્તમ અને શરણભૂત છે.

## મંગળ, ઉત્તમ અને શરણરૂપ નવકાર

મંગળ = ગુણપ્રકર્ષવાન, ઉત્તમ = અચિન્ત્ય શક્તિમાન, શરણ = તેની સ્તુતિ, ભક્તિ આદિ વડે ભવભયથી મુક્ત કરનાર. સૌથી મોટો ભય ભવભ્રમણનો છે,

ભવભ્રમણનું નિવારણ કરવાનું સામર્થ્ય

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત એવા શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને કરાતો નમસ્કાર જ છે, જે નમસ્કાર કરનારને પંચ પરમેષ્ઠિસ્વરૂપ બનાવે છે, એટલું જ નહિ પણ જેઓએ પંચ પરમેષ્ઠિ સ્વરૂપને પામ્યા છે, પામે છે અને પામવાના છે, તે બધાને તે પરમ સ્વરૂપની પ્રાપ્તિ કરાવવામાં અસાધારણ કારણ પંચમંગલમહાશ્રુતસ્કંધરૂપ પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રની આરાધના છે, તેથી તે નમસ્કાર ભવ્ય જીવોનો પ્રાણ, ત્રાણ, શરણ, આધાર, ગતિ, મતિ અને સર્વસ્વ છે.

મુક્તિમાર્ગ મૌન અને ધ્યાનરૂપ છે,

તેને નમસ્કાર તે મૌન અને આત્મધ્યાન દ્વારા નમસ્કાર કરનારને કે પરંપરાએ મોક્ષ આપનાર બને છે. દરમ્યાન સર્વોત્કૃષ્ટ પાત્રોને સન્માન કરવારૂપ હોવાથી સર્વ પ્રકારના પુણ્યોમાં ઉત્કૃષ્ટ પુણ્ય બંધાવે છે.

નવકારના છેલ્લા બે પદોની સંપદા
સંસારની ભક્તિભર સભરતા દર્શાવે છે.
ભક્તિ મુક્તિથી પણ અધિક છે, તેથી
મુક્તિ - મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે
ભક્તિને ધારણ કરનારા પુરુષો
વિશ્વને સૌથી અધિક શોભાવનાર પાત્રવિશેષો છે,
તેથી અરિહંતોના ગુણોમાં મનને જોડયું.

આઠ મહાપ્રાતિહાર્યની શોભાયુક્ત, ત્રણ ગઢવાળા સમવસરણના મધ્યભાગમાં દેવનિર્મિત સ્વર્ણ સિંહાસન ઉપર બિરાજિત, ૯ સુવર્ણ કમલપર પાદપદ્મને મૂકીને ચાલનારા અને કરોડો દેવ - દેવેન્દ્રોથી પરિવરિત, કેવલજ્ઞાનરૂપી ભાસ્કરથી સકલ લોકને પ્રકાશિત કરનારી અને અતિશયવાળી વાણી વડે ધર્મદેશના દેનારા એવા અને અપાયાપગમાતિશયાદિ અતિશયોથી પરિવરેલા શ્રી અરિહંતોનું સ્વરૂપ મન ઉપર લાવવાથી ઈર્ષા - અસૂયા આદિ મલિન ભાવોનું વિસર્જન થાય છે અને મૈત્રી - પ્રમોદાદિ શુભ ભાવોનું સર્જન થાય છે.

૦ નમ્રતા એ ઉચ્ચતા છે, નમ્રતા ધરતીને ધારણ કરે છે,
નમ્રતા એ સ્વર્ગનું સોપાન અને મોક્ષનું દ્વાર છે.

નવકારના પ્રથમ પદના જાપથી ઔદયિક ભાવનો ત્યાગ,
ક્ષય, ક્ષયોપશમ, ઉપશમાદિ ભાવોનો સ્વીકાર થાય છે
અને સાધકના પારિણામિક ભાવમાં સ્થૈર્ય આવે છે.

નમો = મૌન, અરિહંતાણં = ધ્યાન.

ૐ = મૌન, અર્હં = ધ્યાન.

મૌન = શૂન્ય, ધ્યાન = પૂર્ણ.

પરભાવથી શૂન્ય - સ્વભાવથી પૂર્ણ.

મૌન = મન - વચન - કાયાની પુદ્ગલમાં અપ્રવૃત્તિ અને
ધ્યાન = ચિત્તવૃત્તિઓનો સંવર, અભાવ.

'નમો' વડે મૌન કેળવાય છે અને
'અરિહંતાણં |' પદ વડે વૃત્તિઓ આત્માકાર થાય છે.
આત્માકાર વૃત્તિનું જ બીજું નામ રૂપાતીત ધ્યાન છે.
પિંડસ્થાદિ અન્ય ધ્યેયોનું ધ્યાન પણ તે જ છે.
પિંડસ્થાદિ અન્ય ધ્યેયોનું ધ્યાન પણ રૂપાતીત ધ્યાન
તરફ ગતિ કરવા માટે છે, આત્માકાર વૃત્તિ વખતે
જ્યારે સાધકનો દેહાધ્યાસ સંપૂર્ણપણે નષ્ટ થાય છે,
ત્યારે મરજીવાપણું પ્રાપ્ત થાય છે.
મરજીવાપણાંને મેળવવું કે પ્રાપ્ત કરવું,
એ સર્વોત્કૃષ્ટ પુરુષાર્થનું ફળ છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ એક એકડા ઉપર પાંચ મીંડા છે.
એ રીતે કરેલો એક નમસ્કાર
૧૦૦૦૦૦ લાખ નમસ્કારનું ફળ આપે છે.

'નમો અરિહંતાણં' પદમાં 'નમો' એટલે...

સ્વકૃત દુષ્કૃતગર્હા - આસ્રવની ગર્હા અને
સ્વપર કૃત સુકૃતાનુમોદના - સંવરની અનુમોદના.
'આસ્રવ સર્વથા હેય, ત્યાજ્ય અને સંવર ઉપાદેય છે' એવા
શ્રી જિનેશ્વરોની આજ્ઞાનો સ્વીકાર = 'નમો' પદાર્થ.
નમો વડે દુષ્કૃતનો અનુબંધ તૂટે છે અને સુકૃતનો
અનુબંધ પડે છે, એથી ઉત્તરોત્તર દાન આદિ ધર્મોની
વૃદ્ધિ થાય છે અને હિંસાદિ પાપોનો વિચ્છેદ થાય છે.

અરિહંતોને નમસ્કાર કરવાનું પ્રયોજન કોઈ હોય, તો
તે એક જ છે કે હિંસાદિ પાપોનું ઉન્મૂલન કરવું અને
અહિંસાદિ ધર્મો રૂપી મંગલનો લાભ કરવો.

જેમજેમ નમસ્કારની પરિણતિ વિકસતી જાય, તેમતેમ
પાપરુચિ ઘટતી જાય છે અને ધર્મરુચિ વધતી જાય છે.
ધર્મરુચિને જગાડવાનો તથા પાપરુચિને ટાળવાનો સરળમાં
સરળ અને અમોઘમાં અમોઘ ઉપાય હોય, તો તે શ્રી
પંચ પરમેષ્ઠિ નમસ્કારનું પુનઃ પુનઃ સ્મરણ-ભાવન છે.

'નમો અરિહંતાણં |' પદમાં 'અરિહંતાણં |' એટલે...
આ ૫ અક્ષરોમાં પ્રભુના ૪ અતિશયો અંતર્ગત થાય છે.
અરિહંતો શત્રુભાવને હણનારા અને
જીવરાશિ પ્રત્યે ઉત્કૃષ્ટ મિત્રભાવ વિકસાવનારા હોવાથી
અપાયાપગમાતિશયના દ્યોતન કરનારા બને છે.
એ જ રીતે ઉત્કૃષ્ટ પ્રમોદ દ્વારા પૂજાતિશય,
ઉત્કૃષ્ટ કરુણા દ્વારા વચનાતિશય અને ઉત્કૃષ્ટ
માધ્યસ્થ્ય દ્વારા જ્ઞાનાતિશયને દ્યોતન કરનારા છે, તથા
તેમને કરેલો નમસ્કાર એ ચારે ભાવોને વિકસાવે છે.
'નમસ્કાર મંત્ર સર્વ પાપનો સર્વથા નાશ કરે છે'
એનો અર્થ 'પાપ હેય છે અને ધર્મ જ ઉપાદેય છે'
એવી બુદ્ધિ આ નમસ્કાર મહામંત્ર પેદા કરે છે,
અન્યથા પાપરહિત અને ધર્મમંગલ સહિત પુરુષોને
નમસ્કાર કરવાનું બીજું શું પ્રયોજન હોઈ શકે ?
નમસ્કારની વસ્તુ પંચ પરમેષ્ઠિ જ છે - બીજા નહિ,
એ વાત એમ સાબિત કરે છે કે જેમણે પાપને
હેય માનીને તેનો સર્વથા ત્યાગ કર્યો છે અને ધર્મને
ઉપાદેય માનીને તેને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે,
તેઓને બહુમાનનો વિષય બનાવ્યો એટલે તેમના

પાપરહિત અવસ્થાને અને ધર્મમય અવસ્થાને જ
આત્મજ્ઞાનપૂર્વક બહુમાનનો વિષય બનાવેલી ગણાય.
એ આત્મજ્ઞાન અને શ્રદ્ધા જ પાપના અનુબંધનો
નાશ કરે છે અને વળી ધર્મનો જ અનુબંધ પાડે છે.

## નમસ્કાર એટલે ધર્મબીજનું વપન

દોષોનો ત્યાગ કરવું જ ધર્મશાસ્ત્રોનું ધ્યેય યા સાધ્ય
નથી, કિન્તુ દોષના અનુબંધનો વિચ્છેદ કરવો અને
ધર્મનો અનુબંધ પાડવો, એ ધ્યેય છે.
અનુબંધ વિચ્છેદમાં કારણ જ્ઞાન, શ્રદ્ધા, ભક્તિ છે
અને સુકૃતનો અનુબંધ પણ જ્ઞાનપૂર્વકના
શ્રદ્ધા અને ભક્તિ વડે જ પડી શકે છે,
એને 'ધર્મબીજનું વપન' કહેવાય છે.

## ભાવધર્મ અને વ્યવહારધર્મમાં નમસ્કાર

નમસ્કાર મહામંત્રનો આરાધક ભાવધર્મમાં છે અને
વ્યવહારધર્મમાં કારણભૂત એવા
સ્વાધ્યાય, ધ્યાન, દાન, ક્રિયાદિને બાધ ન પહોંચે,
તેવી રીતે ભાવધર્મનું સેવન વિહિત છે.
વ્યવહારધર્મને બાધ ન પહોંચે,
તે રીતે શ્રી નમસ્કાર મંત્રાદિનો જાપ બતાવાયો છે.

સાસરે જતી પુત્રીને માતા-પિતા જે ૪ શિખામણ દે છે,
તેનો સાર ટૂંકમાં નીચે મુજબ છે:

(૧) સૂરજ - ચંદ્રની રોજ પૂજા કરજે = સાસુ - સસરા.
(૨) આરસી ચોકખી રાખજે = શીલ - મનની સ્વચ્છતા.
(૩) અગ્નિ સાથે અડપલાં કરીશ નહિ = પતિ.
(૪) લેજે પણ આપીશ નહિ = ઠપકો - શિખામણ.

પરમાત્માના ધ્યાન માટે પિંડસ્થાદિ ચાર છે અને પરમાત્માની વાણીના ધ્યાન માટે આજ્ઞાવિચયાદિ ચાર છે. વાણીનો પૂરો પરિચય આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાન દ્વારા થઈ શકે છે અને પરમાત્માના સ્વરૂપનો વિશિષ્ટ પરિચય પદસ્થ આદિ ધર્મધ્યાન વડે થાય છે. અરિહંત પરમાત્મામાં વીતરાગતાદિ અનંત ગુણો છે, પરંતુ તેમાં યથાર્થવાદિતા ગુણનું મહત્ત્વ સવિશેષ છે.

તેને અનેકાંતવાદથી અલંકૃત થયેલા અહિં સિદ્ધાંત તથા શાસ્ત્રના પરિશીલનથી જ જાણી શકાય. 'નમો |' એ ભક્તિ-સ્તુતિવાચક પદ છે પણ ભક્તિ માટે માહાત્મ્ય જ્ઞાન જોઈએ, તે વાણીથી આવે છે અને વાણીની યથાર્થતા અનેકાંતવાદથી આવે છે, માટે અનેકાન્તગર્ભિત શાસ્ત્રના અભ્યાસી અહિં

ગીતાર્થ ગુરુઓની નિશ્રા
એક ક્ષણવાર પણ છોડવા જેવી નથી.

ભગવાનના વચનોની વિશિષ્ટતાને સંક્ષેપમાં સમજાવનાર
જ્ઞાનસાર - અધ્યાત્મસાર આદિ ગ્રન્થો છે, તેના
પરિશીલનપૂર્વક થતો મંગળજાપ ભક્તિવર્ધક બને છે.

એ સનાતન નિયમ છે કે:

ભલાઈથી ભલાઈ અને બુરાઈથી બુરાઈ પેદા થાય છે.
મહામંત્ર નમસ્કારમાં જીવનનો અંતિમ આદર્શ મળે છે,
તેમ વિશ્વના આંતરિકજીવનનો પરિચય પણ થાય છે.

વિશ્વનો પરિચય શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે અને
વિશ્વની સ્વાભાવિક સમૃદ્ધિ
તપ, ક્રિયા અને ધ્યાનાદિથી પ્રાપ્ત થાય છે.

જેમ જળમાં ઉષ્ણતા સ્વાભાવિક નથી,
તેમ આત્મામાં દુઃખ એ સ્વાભાવિક નથી.
ઉષ્ણતા એ અગ્નિના સંયોગથી જેમ સાંયોગિક છે,
તેમ દુઃખ એ કર્મના સંબંધથી સાંયોગિક અને વિનશ્વર છે.
શુભાશુભ ફળ પ્રત્યે કારણ શુભાશુભ અદૃષ્ટ છે અને
તે અદૃષ્ટના સર્જનમાં મુખ્ય કારણ તેનો કર્તા છે
તથા ગૌણ કારણ શુભાશુભ આલંબન છે.

નવકારમાં પાપનાશક તરીકે કોને કહેલ છે?

સ્વર્ગાપવર્ગફલદઃ વીતરાગઃ ।

એ ઉક્તિમાં પ્રશસ્ત પરિણામ અને પ્રશસ્ત પ્રવૃત્તિમાં
શ્રી વીતરાગ અને તેનું શાસન પુષ્ટાલંબન હોવાથી
નિમિત્ત કર્તા બને છે, ઉપાદાનકર્તા આત્મા પોતે છે,
તેથી જ શ્રી નમસ્કાર મહામંત્રમાં
પાપનાશક તરીકે પંચ નમસ્કાર રૂપી ધર્મને કહેલ છે.
મુખ્ય કર્તા નમસ્કારકારક પ્રશસ્તાત્મા છે અને
નિમિત્તકર્તા તરીકે અરિહંતાદિ પાંચ દિવ્ય વસ્તુઓ છે.
'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા'માં જ્યાં
શ્રી સુસ્થિત મહારાજને પરમ કારણ તરીકે સંબોધ્યા છે,
ત્યાં પણ તેમની પરમ નિમિત્તકારણતા સમજવાની છે,
કારણ કે તેમના આલંબન વિના શુભ પરિણામની
પ્રાપ્તિ અસંભવિત છે, તેથી તેઓ પરમ કારણ છે,
કાળ આદિ સર્વે સાધારણ કારણ છે અને
આત્મા એ અસાધારણ કારણ છે.
કાર્ય માત્ર પ્રત્યે સાધારણ, અસાધારણ અને પરમ-
એમ ત્રણ પ્રકારના કારણો રહેલાં છે.
પરમ કારણ તરીકે પાંચ પરમેષ્ઠિઓ છે.

સુખ - દુઃખ એ કાર્ય છે, તેમાં આરાધના અને વિરાધના કરનાર આત્મા એ અસાધારણ, પરમાત્મા એ પરમ કારણ તથા બાહ્ય બાહ્યાંતર આલંબનો એ સાધારણ કારણ છે. ધ્યાતા - ધ્યેય વિના ધ્યાનની ઉત્પત્તિ નથી, તેથી શુભ પરિણામની ઉત્પત્તિમાં જેમ ધ્યાતારૂપ આત્માની આવશ્યકતા છે, તેમ ધ્યેયરૂપ પરમાત્માની પણ જરૂર રહેલી જ છે. ધ્યાતા એ ઉપાદાન છે પણ તેમાં કારણતાની ઉત્પત્તિ ધ્યેય વડે જ થઈ શકે છે. ઉપાદાનમાં વિશેષનું આધાન નિમિત્ત વિના અશક્ય છે, તેથી આત્મારૂપી ઉપાદાનમાં શુભ પરિણામરૂપી વિશેષની ઉત્પત્તિ પરમાત્મતત્ત્વરૂપી ધ્યેયના કારણે જ થાય છે, તેથી મુખ્ય કર્તા પુષ્ટાલંબન રૂપે પરમાત્મા છે, તેથી તેઓ પરમ કારણ તરીકે પ્રસિદ્ધ છે. નિશ્ચયનયનો વિષય ઉપાદાન કારણ છે અને વ્યવહારનયનો વિષય નિમિત્ત કારણ છે. ઉભયના સંયોગ વિના કાર્ય અશક્ય છે, તેથી સ્યાદ્વાદ - સિદ્ધાંત ઉભયનું આલંબન સ્વીકારે છે. જે નયને આગળ કરવાથી આત્મહિત સધાય છે, તે નયને પ્રધાનતા આપવાનું વિધાન છે.

પાપપ્રવૃત્તિમાં ઉપાદાનની પ્રધાનતા અને પુણ્યપ્રવૃત્તિમાં નિમિત્તની પ્રધાનતા અપાય તો જ આત્મહિત શક્ય છે.

અશુદ્ધિ અનાદિકાલીન છે, તેથી સહજ છે, શુદ્ધિ એ પ્રયત્નસાધ્ય છે, તેથી તેમાં શુભાલંબનોની મુખ્યતા છે.

સંસારીજીવન પતનસ્વસાધ્ય - ઉત્થાન નિમિત્તસાધ્ય છે.

પાંચે પ્રકારનાં જ્ઞાનનાં બધાં જ આવરણોને ભેદીને જગતને પરમ પ્રકાશ આપનાર નવકાર જેવી કોઈ પરમ જ્યોતિ જગતમાં ત્રણે કાળમાં નથી.

નમસ્કાર કરનાર જીવો પણ નમસ્કરણીય છે.

શરીરના સ્નાયુઓ જેમ શવાસનથી નિશ્ચેતન બનીને આરામ મેળવે છે, તેમ નમો એ મનનું શવાસન છે. 'નમો' વડે મન નિઃશબ્દ બની જાય છે અને નિઃશબ્દ મન એ પરમ શાંતિનું કેન્દ્ર છે.

દીર્ઘકાલીન સ્મરણના ઉપયોગથી જેમ સ્મરણજય પ્રાપ્ત થાય છે, તેમ દીર્ઘકાળ સુધીના અરિહંતના ધ્યાનથી મનોજય અપર પર્યાય મનોનાશ થાય છે. મનોનાશ થવાથી શુદ્ધ આત્મદ્રવ્યનો સાક્ષાત્કાર થાય છે, શરણાગતિભાવથી દેહાધ્યાસ સંપૂર્ણ નાશ પામીને બધે આત્મદ્રવ્યનું જ અસ્તિત્વ અને દર્શન પ્રાપ્ત થાય છે.

'નમો અરિહંતાણં ।' મંત્ર ચિત્તપ્રસાદ જન્માવી
મનનો આત્મામાં લય કરી આપનાર ચમત્કારી મંત્ર છે.
'आत्माकार मनः ।' એ રૂપાતીત ધ્યાન છે.
'નમો અરિહંતાણં ।' એ નિસર્ગનું દિવ્ય અનાહત સંગીત છે,
વિશ્વની સનાતન જ્યોતિ છે અને આત્મસ્વભાવની જ
અભિવ્યક્તિ છે. આ અનાહત નાદ તથા અખંડ જ્યોતિમાં
જગ, જગત અને જગદીશની સમાપત્તિ રહેલી છે.
આ મંત્ર પરમપદની પ્રાપ્તિનું અમોઘ સાધન છે.
'નમો અરિહંતાણં ।' મંત્ર એ
સત્, ચિત્, આનંદમય આત્માને પામવાનો મંત્ર છે.
'નમો' ભાવ સનાતન છે, તેથી સત્ છે,
'અરિહંત' પદ એ ચેતના છે, તેથી ચિત્ છે અને
'તાણં' પદ શરણાગતિવાચક છે અને શરણાગતિ
એ જ આત્મા અને પરમાત્માનો અભેદ સાધનાર
ઐક્યનો આનંદ છે, એ રીતે સન્મય, ચિન્મય અને
આનંદમય પદની પ્રાપ્તિ કરાવનાર આ મંત્ર પદ છે.

નમોની બહાર સત્નું અસ્તિત્વ નથી,
અરિહંતની બહાર ચિત્નું અસ્તિત્વ નથી તથા
શરણાગતિની બહાર આનંદનું અસ્તિત્વ નથી.

મેરા સત ચિત આનંદરૂપ કોઈ કોઈ જાને રે... (૧)
રાજેશ્વર નિજ રૂપ પિછાનો, જગ-પ્રભુ મેં ભેદ ન માનો,
મૈં હું પ્રભુસ્વરૂપ, કોઈ કોઈ જાને રે,
મેરા સત ચિત આનંદરૂપ કોઈ કોઈ જાને રે... (૨)

અનંતકાળથી ભવભ્રમણ કરનાર જીવના
પરિપુષ્ટ એવા 'અહં' ભાવને એક ક્ષણમાં નાબૂદ કરી
'અર્હં' ભાવને પ્રકટાવનાર 'નમો' મંત્ર છે.
'નમો'માં માગણી નહિ પણ લાગણી છે.
'તમે મારું કાંઈ કરો' એમ માગવાને બદલે
'હું આપનું કાંઈ કરું' એવી લાગણી પ્રગટાવવાની છે,
જે વડે 'અહં'નું વિસર્જન અને 'અર્હં'નું સર્જન થાય છે.
નીતિ તે ન્યાયયુક્ત વર્તન છે, ધર્મ એટલે પ્રેમયુક્ત
વ્યવહાર છે અને ભક્તિમાં દયાની યાચના છે.
અહીં ગુણો મુખ્ય છે: ન્યાય, પ્રેમ અને દયા.
ન્યાયમાં માનવતા, પ્રેમમાં ધાર્મિકતા, દયામાં પ્રભુતા છે.

ન્યાય = morality. પ્રેમ = religiousness.
દયા = Spirituality. Spirituality is related
with supreme one, who is the
source, our original source.

## નમસ્કાર મંત્ર જીવને કૃતજ્ઞ બનાવે છે.

જેમ આંખ પોતાના દોષને જોઈ શકતી નથી અને પોતા સિવાય બાકી સૌને જોવાનું સામર્થ્ય ધરાવે છે, તેમ ભાવનમસ્કારવાન પુરુષ પોતાના નાના પણ દોષને જોઈ શકતો નથી અને જો દોષ જણાય, ત્યાં તુરત તેને કાઢવા માટે સદા એ તત્પર રહે છે. નમસ્કાર મંત્ર ગણનાર સાધક બધા જીવોના ગુણ જોઈ શકે છે પણ પોતાના ગુણ જોઈ શકતો નથી,

એવો એનો સહજ સ્વભાવ બને છે.

આંખની જેમ તે પોતાના આશ્રયદાતા-ગુણદાતા જે કોઈ હોય, તેનો આશ્રય કદી છોડતો નથી. આ નમ્રતાગુણની વિશેષતા છે, તેથી 'નમ ઇતિ કુર્યાં।' વિશેષણ આપ્યું છે. નમ્રતા જ ઊંચી છે. તેની જ હું ઉપાસના કરું છું. જે નમ્રતાએ પૃથ્વી અને સ્વર્ગને ધારણ કર્યાં છે, તે નમ્રતા પરમેશ્વરનું જ બીજું નામ છે. નમ્રતાની પરાકાષ્ઠા જ્યાં હોય, ત્યાં ઈશ્વરતત્ત્વ બિરાજમાન છે.

નામસ્મરણ દ્વારા સૌથી પહેલી અને
સૌથી વધારે અપેક્ષા નમ્રતાપ્રાપ્તિની છે,
તે વાતને જ 'નમો' શબ્દ કહી રહ્યો છે.

જે ફરજ અદા કરે, તેને જ હક ભોગવવાનો અધિકાર છે.
સમર્પણ = સ્વેચ્છાનો અભાવ, ઈશ્વરેચ્છા પર નિર્ભરતા
અને તે માટે વ્યક્તિત્વનું સંપૂર્ણ વિસર્જન.
મોક્ષ = અનંતની ભૂમિકા પ્રાપ્ત કરવી.
જે પહેલેથી જ વિદ્યમાન છે, આત્માનો મૂળ સ્વભાવ છે.
જે સ્વભાવ છે, તેની ઇચ્છા કેવી?
તે તો છે જ, તે સિવાય બીજું જે છે, તે અસત્ છે.
તે અસત્નો ત્યાગ કરવાનો રહે છે.
નવકાર મંત્રમાં 'નમો' પદ વડે પુદ્ગલમાં પ્રવૃત્તિરૂપ
મૌન કેળવાય છે, શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ ધ્યાન થાય છે
અને શુદ્ધાત્માઓને નમસ્કારાત્મક ઉપયોગ તથા એ
ઉપયોગાદિ અભિન્ન એવા સ્વાત્માનું જ્ઞાન થાય છે.
આત્મા જ્ઞાન-દર્શન ઉપયોગાત્મક છે અને અરિહંતાદિને
નમસ્કારસ્વરૂપ-ઉપયોગરૂપ જ્ઞાન અને એનાથી અભિન્ન
એવા સ્વાત્માના સ્વસંવેદનાત્મક બોધની પ્રાપ્તિ થાય છે.
આમ મલદોષના નિવારણ માટેનો ક્રિયાયોગ,
વિક્ષેપદોષના નિવારણ માટેનો ભક્તિયોગ અને
આવરણભંગ કરાવનાર જ્ઞાનયોગ -
એમ આ ત્રણે યોગોની આરાધના નવકારથી થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું પ્રવર્તન

સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામને વિકસાવવો તે છે.
મહામંત્ર વડે જેઓનું બહુમાનપૂર્વક સ્મરણ થાય છે,
તે પરમેષ્ઠિઓ મૈત્ર્યાદિ ચારે ભાવોથી ભરેલાં છે
અને એ ભાવોના કારણે ઉત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિનો
બંધ તથા નિકાચના કરીને મહાન લબ્ધિઓ, સિદ્ધિઓ
અને અતિશયોને ધારણ કરનારા થયાં છે,
તેથી તેમને કરેલો નમસ્કાર સહજપણે
સમસ્ત જીવરાશિ પ્રત્યે સ્નેહભાવને વિકસાવે છે,
જે પાપરૂચિને નષ્ટ અને પુણ્યરૂચિને પેદા કરે છે.
પાપ એ આસ્રવરૂપ હોઈને સંસારનો હેતુ છે, તેથી હેય છે.
પુણ્ય એ સંવરરૂપ હોઈને મોક્ષનો હેતુ છે, તેથી ઉપાદેય છે.
'આસ્રવ એ ભવનો હેતુ હોવાથી હેય છે અને
સંવર એ મોક્ષનો હેતુ હોવાથી ઉપાદેય છે'
એવી સર્વ જિનેશ્વરોની આજ્ઞા છે.
એ આજ્ઞાનું આરાધન મોક્ષને માટે થાય છે અને
એ આજ્ઞાનું વિરાધન સંસારને માટે થાય છે.
સંસાર એ દુઃખની ખાણ છે અને
મોક્ષ એ સુખની ખાણ છે.

શાશ્વત સુખના અભિલાષાવાળા
પ્રત્યેક મુમુક્ષુ જીવનું કર્તવ્ય થઈ પડે છે કે
જીવનમાં આસ્રવને સર્વથા છોડવા અને સંવરને સેવવા.
એ કર્તવ્ય પ્રત્યે નિષ્ઠા જગાડનાર મંત્ર તે નવકાર
હોવાથી એ જિનશાસનમાં મહામંત્ર ગણાય છે અને
તેનું પુનઃ પુનઃ સ્મરણ કરવું, એ પરમકર્તવ્ય ગણાય છે,
એથી ભાવવિશુદ્ધિ થાય છે, જે ધ્યાનની પૂર્વભૂમિકા છે.

જિનશાસનમાં ધ્યાન એ ધ્યાન માટે નહિ,
પરન્તુ સમતાને સાધવાને માટે છે.

શત્રુ-મિત્ર પ્રત્યે સમતા તથા સુખ-દુઃખ પ્રત્યે સમતા
એ સમ્યગ્દર્શન અને જ્ઞાનનું લક્ષણ છે અને જેવું
જ્ઞાન અને દર્શન તેવું જ વર્તન, એ સમ્યક્ચારિત્રનું
લક્ષણ છે અને તે યોગસ્થૈર્ય રૂપ ધ્યાનનું ફળ છે.

ઉપનિષદો એવી ઘોષણા કરે છે કે:

સર્વે - સમગ્ર વેદોનો સાર પરમેશ્વરનું નામ જ છે.

'સર્વે વેદા યત્પદમામનન્તિ ।'

બધા વેદ ઈશ્વરના નામનું જ આમ્નાન* કરે છે,
તેના ઉપરથી જ વેદને 'આમ્નાય' એટલે કે
'નામનું આમ્નાન કરનારો' એવી સંજ્ઞા મળી છે.

* આમ્નાન = વિસ્તૃત મનન.

એમ રીતે સર્વે આગમોનો સાર પરમેષ્ઠિ નમસ્કાર છે.
આ નમસ્કાર મહામંત્ર એ પંચ પરમેષ્ઠિનું આમનન -
વિસ્તૃત મનન - ચિંતન - સ્મરણ - શરણ છે.
જેમ ચારે વેદોમાં સાર શિવનું નામ છે,
તેમ ચારે અંગોનો સાર પરમેષ્ઠિ નમસ્કાર છે.

मर्ता अमर्त्यस्य ते भूरि नाम मनामहे ।
विप्रासो जात वेदसः । અર્થાત્: 'હે પ્રભુ પરમેશ્વર!
અમે મરણધર્મા છીએ, તું અમૃતસ્વરૂપ છે. અમે
જ્ઞાનના ઉત્સુક-વિપ્ર છીએ, તું જાણનારો-જ્ઞાનમય છે.
અલ્પ એવા અમે વિશાળ નામનું મનન કરીએ છીએ.'
અહીં નામના રટણનો નહિ પણ મનનનો ઉલ્લેખ છે.

असतो मा सत् गमय । तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ।

ભગવાને નામ અસત્માંથી સત્માં લઈ જશે,
અંધકારમાંથી પ્રકાશમાં લઈ જશે,
મૃત્યુમાંથી અમૃત ભણી લઈ જશે અને
ચોથું પણ અભાવ એને નમ્ર બનાવશે.
નમ્રતા વિના સત્યશોધન શક્ય નહિ,
તેથી બધા વૈજ્ઞાનિકો નમ્ર રહેલ છે.

'तन्नमः इत्युपासीत ।'માં નિરહંકારિતાની ઉપાસના છે.
નમ્રતા વિના ચિત્તશુદ્ધિ શક્ય નહિ,
તેમ બધા આધ્યાત્મિક ગુણો નમ્ર હોય છે.
નમ્રતા એ નિરહંકાર પરમ શૂન્યનો વાચક શબ્દ છે.

## દ્રવ્ય અને ભાવથી નમસ્કારનું પદોચ્ચારણ

નમસ્કાર = દ્રવ્ય અને ભાવસંકોચ.
નમઃ પૂજાયાં સ્તુતૌ ચ ।
કાયાનો સંકોચ કરી અંજલિબદ્ધ થવું, તે પૂજાનો પ્રકાર છે,
વાણીનો સંકોચ કરી પદોચ્ચારણમાં પ્રતિબદ્ધ થવું,
તે (દ્રવ્ય) સ્તુતિનો એક પ્રકાર છે અને
મનને સંકોચી નમસ્કરણીયના ગુણોમાં જોડવું-
એ (ભાવ) સ્તુતિનો એક પ્રકાર છે.
કોઈપણ વસ્તુમાં મનને પ્રવેશ કરાવવો હોય, તો તે
વસ્તુના ગુણોની સ્તુતિ કરવા દ્વારા જ સુલભ બને છે.
નમસ્કરણીયના ગુણોની સ્તુતિ
કાયા, વાણી અને મન વડે કરવી, તે દ્રવ્યસંકોચ છે
અને તે દ્વારા પોતાના મનને અશુભભાવોથી સંકોચી
શુભ ભાવમાં પ્રવર્તન કરાવવું, તે ભાવસંકોચ છે.
દ્રવ્ય એ કારણ છે અને ભાવ એ કાર્ય છે.

V.V. Imp.

આત્મિક સમૃદ્ધિનો પરમ મંત્ર 'ૐ અર્હં નમઃ ।'

સદા સુખી જીવન બનાવવા તથા દુઃખોથી છૂટવા:
(૧) તમે પોતાને શરીર નહિ, પરન્તુ આત્મા સમજો.
(૨) સદા માટે પરમ પિતા પરમાત્માને જ યાદ કરો.
આ બે વાતોની જેઓ પાકી ધારણા કરશે, તેઓ જ
જન્મ - જન્માંતર માટે સર્વદા સુખ, શાંતિ અને
આત્મિક સમૃદ્ધિનો અમર વારસો પામી શકશે.
એ માટેનો પરમ મંત્ર તે 'ૐ અર્હં નમઃ ।' છે.
અર્હં એ આત્માનું નામ છે અને
ૐ રૂપી અગ્નિ વડે તેની સઘળી અશુદ્ધિઓ અર્થાત્
આત્માના વૈભાવિક ભાવો બળી જાય છે.
'ૐ' એ માનસિક મૌન - 'અર્હં' એ આત્મિક ધ્યાન છે.
અર્હં એ સિદ્ધચક્ર મહાયંત્રનું કેન્દ્ર છે - નાભિસ્થાન છે,
ત્યાં અધોમુખે કુંડાળું વાળીને રહેલી અને સર્પિણીની
આકૃતિરૂપે રહેલી તે શક્તિ જ્યારે જાગૃત થાય છે,
ત્યારે અદ્ભુત સિદ્ધિઓ સ્વયં પ્રાપ્ત થાય છે.
જે સ્થળે કુંડલિની છે, ત્યાં આત્માના શુદ્ધ ૮ રૂચક પ્રદેશો
રહેલાં છે, તે સ્થળે ધ્યાન થવાથી અગ્નિ પ્રગટે છે અર્થાત્
જાજ્વલ્યમાન જ્યોતિ શરીરમાં ચારેબાજુ પ્રસરે છે તથા

મલિન અથવા ભૌતિક તત્ત્વોને બાળીને ભસ્મીભૂત કરે,
પછી તે ઉર્ધ્વગામી બનીને અમૃતસ્રાવ કરે છે અર્થાત્
દિવ્યતા પ્રકટાવે છે. શુદ્ધ આત્મપ્રદેશોના ધ્યાન દ્વારા
ઘાતીના કર્મનિર્જરાના રૂપમાં આત્માનું મૌલિક શુદ્ધ
સ્વરૂપ પ્રગટ થાય છે. 'અર્હં'માં મલિનતાને દહન કરવાનું
અને શુદ્ધતાને પ્રકટ કરવાનું સંપૂર્ણ સામર્થ્ય છે.

'અર્હં'માં 'હ' એ અર્હતનો વાચક બીજાક્ષર છે.
બાકી બધો પરિકર છે.

'અ' અને 'ર' નો સંપુટ 'હ'ને બળવાન બનાવે છે.
'ર' અગ્નિબીજ છે અને 'અ' અમૃતસ્વરૂપ છે.
તે આત્માનું અજર-અમર સ્વરૂપ પ્રકટાવનાર છે.

મંત્રને જો સાધક પ્રભાવવાન અને ચૈતન્યવંત
બનાવવો હોય, તો સર્જનની શક્તિ આવશ્યક છે.
પુરુષ અને પ્રકૃતિના સંયોગ વિના સર્જન શક્તિ નહિ.
'હ' એ પુરુષ છે અને 'અ' એ પ્રકૃતિ છે.

प्रणवाऽनाहतोद्भूतांवर्णत्रयमयं परं ।
नासाग्रे ध्यानिनो मंत्रं ध्यायन्तु शिवशालिनो ॥१॥
एतेनाऽद्भुतमन्त्रेण ध्यानशुद्धिः परामवेत् ।
आत्यन्तिक सुखं स्वात्मजं च सिद्धगुणाष्टकम् ॥२॥

પ્રભાવ અને અનાહતથી ઉત્પન્ન થયેલ મહા શક્તિવાળા
આ શ્રેષ્ઠ મંત્રને મોક્ષસુખ માટે ધ્યાની મુમુક્ષુઓ
નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખીને ધ્યાન કરો.
most Important 'ॐ अर्हं' આ અદ્ભુત મંત્ર દ્વારા
ધ્યાનની પરમ શુદ્ધિ, આત્મામાં આત્યંતિક સુખ અને
સિદ્ધના આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે.
ॐ એ નાદધ્વનિ અને अर्हं જ્યોતિદર્શન છે અથવા
ॐ પરબ્રહ્મવાચક અને अर्हं શબ્દબ્રહ્મવાચક છે.
આ મંત્ર વડે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.
શબ્દબ્રહ્મ = ઉપયોગ (પર્યાય).
પરબ્રહ્મ = ઉપયોગવાન (દ્રવ્ય).
'ॐ अर्हं નમઃ ।' મંત્રમાં...
'ॐ' શબ્દથી પ્રભુને સંબોધન છે,
'अर्हं' શબ્દથી પ્રભુની વિશેષતા સંબોધાય છે અને
'નમઃ' શબ્દથી નમસ્કાર કરનારનું દૈન્ય અને
નમસ્કાર્ય પરમાત્માનું કારુણ્ય અભિવ્યક્ત થાય છે.
સંબોધન, વિશેષણ અને પ્રાર્થના -
એ ત્રણ મળીને મંત્ર સંપૂર્ણ બને છે, પ્રભુની સાથે
મંત્રણા - ગુપ્ત વાર્તાલાપ થાય છે અને તે દ્વારા

ધર્મ - અર્થ - કામ અને મોક્ષનો અખંડિત આધાર છે.
એ દૃષ્ટિએ 'ૐ અર્હં નમઃ ।' એ પૂર્ણ મંત્ર છે,
કારણ કે 'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં
પ્રભુનું મનન ધ્યેય છે અને ભક્તનું ત્રાણ ધ્યેય છે.
આત્મદ્રવ્યની પૂર્ણતા, આત્મગુણની એકતા અને
આત્મપર્યાયની ઉત્કૃષ્ટતાનો બોધ થવાથી
શાંતરસની પૂર્ણતા અનુભવાય છે.
શાંતરસની અભિવ્યક્તિ માટે વૈરાગ્યાદિ વિભાવ,
શમાદિનુભાવ અને ધૃત્યાદિ સંચારી ભાવ જરૂરી છે.
પૂર્ણતા વૈરાગ્યસૂચક છે, એકતાની અનુભૂતિ શમાદિસૂચક
અને ઉત્કૃષ્ટતાનું વિભાવન એ
ધૃતિ, મતિ, સ્મૃતિ, નિર્વેદાદિ ભાવોનું સૂચક છે.
તે વડે તૃષ્ણાક્ષય રૂપી શાંતરસ ચર્વણાને પામે છે.
'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં...
'ૐ' વડે વર્ણ વિચ્યુતિ સધાય છે,
'અર્હં' વડે અનાહત સધાય છે,
'નમઃ' વડે આત્મન સધાય છે.
એ રીતે પાંચ અક્ષરનો આ પૂર્ણ મંત્ર છે.
ૐ = સત્યં, અર્હં = ઋતં, નમઃ = To be.

શાંતિસ્નાત્ર મહોત્સવની પૂર્ણાહુતિના બીજા દિવસે

પ્રાતઃકાળ સવારે ૭ વાગે, સ્થળ - પૌષધશાળા,

શ્રી આદિનાથ જિનપ્રાસાદની સામે, વલ્લભ ચોક, કુહાવા.

સં. ૨૦૩૦, મહા વદી ૧૨, સોમવાર, તા. ૧૭ - ૨ - ૭૪

ॐ अर्हं नमः । सच्चिदानंदघन नाद ज्योतिः । વર્ણ - ૧૬

અરિહંત નમસ્કાર એ સત્ત્વનો પક્ષપાત છે.
સત્ત્વ સચ્ચિદાનંદઘન સ્વરૂપ છે,
તેની અભિવ્યક્તિ નાદ અને જ્યોતિ વડે થાય છે.
ॐ એ નાદરૂપ અને अर्हं એ જ્યોતિરૂપ પ્રત્યક્ષ છે,
તેને નમસ્કાર એ સત્ત્વનો પક્ષપાત છે.

આજ સુધી અસત્ત્વના પક્ષપાતથી જીવે જે અનંત ભવભ્રમણ કર્યું છે, તેમાંથી છોડાવનાર સત્ત્વનો પક્ષપાત છે અને તે 'ॐ अर्हं नमः ।' મહામંત્રના જાપ, સ્મરણ તથા ધ્યાન વડે સધાય છે. ॐ શાન્તિઃ ૩

નમો - ગુણવત્પારતંત્ર્ય, mental obedience.

સતતાભ્યાસ = માતા - પિતાને નમસ્કાર.
વિષયાભ્યાસ = દેવ - ગુરુને નમસ્કાર.
ભાવાભ્યાસ = સ્વપર આત્મતત્ત્વને નમસ્કાર.
પહેલો લૌકિક, બીજો લોકોત્તર, ત્રીજો અલૌકિક.

સં.૨૦૩૦, કા-સુ-૮, તા: ૨ ૩/૧૪

ॐ नमोऽर्हं ऐं श्रीं क्लीं स्वाहा । ॐ अर्हं नमः ।

नम इति प्रणिपातेन निवृत्तिः ।
नम इति मौनेन नादश्रवणम् ।
नम इति ध्यानेन ज्योतिर्दर्शनम् ।
नम इति नादश्रवणं ज्योतिर्दर्शनं च ।
नम इति मोहाद्यदुर्गग्रहणम् ।
नम इति तमोग्रन्थिभेदानन्दः ।
नम इति गुहान्धकारालोककल्पं ।
नम इति भवोदधि द्वीप स्थानं ।
नम इति अर्हदाकारोपयोगाभिन्नात्म ध्यानम् ।
नम इति अर्हदाकारोपयोगस्वरूपनिमज्जनं ।
नम इति सर्वपापप्रणाशनं सर्व मंगलकारणं च ।

## 'नमो अरिहंताणं ।'ની અર્થભાવના

સ્વકૃત દુષ્કૃતની ગર્હા, સ્વપરકૃત સુકૃતની અનુમોદના અને ૧૨ ગુણધારી અરિહંત પરમાત્માની શરણાગતિ. ૧૨ ગુણમાં ૮ મહાપ્રાતિહાર્ય તે પૂજાતિશયનો પ્રકાર છે. અપાયાપગમાતિશય, વચનાતિશય અને જ્ઞાનાતિશય એ અનુક્રમે મૈત્રી, કરુણા, માધ્યસ્થ્યભાવનાં પ્રત્યક્ષ ફળ છે.

નમોમાં ન્યાય, પ્રેમ અને પ્રભુની દયાનો સ્વીકાર છે.
દુષ્કૃતગર્હા ન્યાયસ્વરૂપ છે, સુકૃતાનુમોદના પ્રેમસ્વરૂપ છે
અને શરણાગમન પ્રભુની દયાસ્વરૂપ છે.
'નમો' પદ મનનું નમન બતાવે છે.
મનનું નમન એટલે મનમાં રહેલ
ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, દ્રોહ આદિ અસદ્‌વૃત્તિઓનો ત્યાગ.
સૌથી મુશ્કેલ ત્યાગ કોઈનો પણ હોય,
તો તે આ અસદ્‌વૃત્તિઓનો ત્યાગ છે, જે અત્યંત સૂક્ષ્મ
હોવાથી સૂક્ષ્મ પ્રયત્ન વડે જ તે દૂર થઈ શકે તેમ છે.
'પોતે બાળ અવિવેકપણું જગ કરતાં અધિક છે'
એવી વૃત્તિ જ્યારે સદંતર નીકળી જાય,
ત્યારે જ તે ત્યાગ સક્રિય બને છે.
'જીવત્વેન - જીવમાત્ર સમાન છે, જે કાંઈ ભેદ છે, તે
ઔદયિક, ક્ષાયોપશમિક કે અન્ય ભાવોથી છે, કિન્તુ
પારિણામિક ભાવથી જીવમાત્રનું જીવત્વ સરખું છે'
એ વાત જ્યારે શ્રદ્ધાના વિષયમાં દૃઢ બને છે,
ત્યારે તે નમસ્કારભાવ સાર્થક થાય છે.
અરિહંતોને નમસ્કાર પણ તેમનામાં રહેલાં
આ નમનભાવને ઉદ્દેશીને જ કરવાનો હોય છે.

જિનાજ્ઞાનાં જીવમાત્ર પ્રત્યે રહેલ સમત્વ
ની પરાકાષ્ઠાએ પહોંચેલું હોય છે કે જેના ફળરૂપે
પ્રધાન પરમર્ષિપદ, જગદુદ્ધારક તીર્થની સ્થાપના વડે
પરમપૂજ્યતા પદ પ્રાપ્ત થયેલું હોય છે.
તેમનું આર્હન્ત્ય જિનાજ્ઞામાં રહેલી ન્યાયની, પ્રેમની
અને દયાની ભાવના વડે અભિવ્યક્ત થાય છે,
તે જ તેમની પારમેશ્વરી શક્તિ છે.
જ્યાં જ્યાં ન્યાય, પ્રેમ અને દયાનો ભાવ રહેલો છે,
ત્યાં ત્યાં તે શક્તિ જ કામ કરી રહી હોય છે.
તેથી જ કહ્યું છે કે:

સકલાર્હત્પ્રતિષ્ઠાનમધિષ્ઠાનં શિવશ્રિયઃ ।
ભૂર્ભુવઃસ્વસ્ત્રયીશાનમાર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥૧॥ અર્થાત્:

તે આર્હન્ત્યનું અમે ધ્યાન કરીએ છીએ કે જે અરિહંતોનું
પ્રતિષ્ઠાન, સિદ્ધોનું અધિષ્ઠાન અને ત્રિભુવનનું ઈશાન છે.

'નમો' પદ કહે છે કે:

સાંભળો ભલે નહિ પણ ધ્યાન આપો,
માનો ભલે નહિ પણ સમજો, શોધો ભલે નહિ પણ પામો.
નમો ધ્યાનવાચક - સમજવાચક - પ્રાપ્તિવાચક બને,
ત્યારે જ તે સાર્થક - અન્વર્થક થાય છે.

'નમો' પદનો પ્રધાન સૂર એ છે કે:

અરિહંતનું ધ્યાન કરો, અરિહંતને સમજો, અરિહંતને પામો.

પ્રેમ એ સમગ્રતા છે, તેમ પ્રેમ એ સમગ્રતા સાથે
પરિસ્થિતિ સામે ઊભા રહેવાની પૂર્ણ તાકાત આપે છે.
પ્રેમની વાત જુદી અને પ્રેમનો અનુભવ જુદી વસ્તુ છે.
એક ચિત્રનો સ્પર્શ છે, બીજો હકીકતનો સ્પર્શ છે.

વ્યક્તિમાંથી સમષ્ટિમાં જવું,
એ જ સાચા મહાવીર બનવાની ચાવી છે.
સાંભળનારા અને માનનારાને બદલે
ધ્યાન આપનારા અને સમજનારા વધવા જોઈએ.
વ્યક્તિ મટીને મહાવીર બનવાનો એક જ એ માર્ગ છે.

'વંદન' અને 'નમન'માં શું ફેર?

વંદન એ ચૈત્યવંદન વિધિ વડે થાય છે અને
નમસ્કાર એ પ્રણિધાનાદિ યોગ વડે થાય છે.
'વંદઇનમંસઇ |' એ પદોનો અર્થ સામાન્યથી 'વંદન'
અને વિશેષથી 'નમન' એવો પણ થાય છે.
નમનમાં આશયવિશેષની વૃદ્ધિ છે.
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ સમાહિ મરણં ચ બોહિલાભો |
એ પ્રણિધાન છે, વંદનના અંતે કરવાનું હોય છે.

'ૐ અર્હં નમઃ ।' એ મહામંત્રમાં
ૐ એ પરમાત્મશક્તિવાચક છે, અર્હં એ પ્રભુની
ધર્મશક્તિનો વાચક છે, નમઃ એ કર્મશક્તિદર્શક છે.
નમઃ એટલે ક્રિયા છે, કે જે સર્વ પાપનાશક છે,
'અર્હં' એ પ્રેમપૂર્ણ ધર્મશક્તિ છે અને
ૐ એ ભવદુઃખ મિટાવનાર પ્રભુની પરમશક્તિ છે.
કર્મમાં ન્યાય, ધર્મમાં પ્રેમ, પ્રભુમાં અવિચળ દયા છે.
ન્યાય, પ્રેમ, દયા મળી વિશ્વોદ્ધારનું કાર્ય થઈ રહેલ છે.
ઈશ્વરમાં ન્યાય છે, પ્રેમ છે, દયા છે.
ન્યાય એ અચિન્ત્ય કર્મશક્તિ છે,
પ્રેમ એ અચિન્ત્ય ધર્મશક્તિ છે અને
દયા એ અચિન્ત્ય પરમાત્મશક્તિ છે.
ન્યાયમાં તુલ્યતાનો વિચાર છે. બીજા સાથે આત્મતુલ્ય
વ્યવહાર કરવો જોઈએ, એમ ન્યાય શીખવે છે.
ત્યાં કર્મનો અટલ નિયમ સહાયકારક બને છે.
પ્રેમમાં અધિકતાનો વિચાર છે. બીજા પ્રત્યે પોતાનું
ઋણ છે, તેને સ્વીકારવું અને ચુકવવું જ જોઈએ.
ઋણવાળો માનવ હંમેશાં નમ્ર રહે છે. અહીં નમ્રતાનો
નિયમ કામ કરે છે. ધર્મ માટે નમ્રતા અનિવાર્ય છે.

દ્રવ્યમાં પ્રકૃતિનો વિચાર છે.

કર્મનો નિયમ સ્વીકાર્યો, ધર્મનો નિયમ પણ વિચાર્યો,
પરન્તુ પ્રભુની પ્રભુતાનો સ્વીકાર ન થયો, ત્યાં સુધી
અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જવાનો માર્ગ ખુલ્લો થતો નથી.
અસત્માંથી સત્માં, અંધકારમાંથી પ્રકાશમાં અને
મૃત્યુમાંથી અમરતામાં લઈ જવાની શક્તિ પ્રભુની
પ્રભુતાના સ્વીકાર અને તેની શરણાગતિમાં રહેલી છે.
જ્યાં સુધી જીવ પ્રકૃતિને શરણે ન જાય, ત્યાં સુધી
તેની અપ્રકૃતિ કોટિ ઉપાયે પણ દૂર થઈ શકતી નથી.
પરિધિમાં ઉત્કૃષ્ટતાનો વિચાર કર્મના નિયમને માન્ય રખાવે છે,
ગુણમાં શ્રેષ્ઠતાનો વિચાર ધર્મના નિયમમાં શ્રદ્ધા કરાવે છે
અને દ્રવ્યમાં પ્રકૃતિનો વિચાર
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ અપાવે છે.
તેનું જ નામ ભગવદ્ભક્તિ યા ઈશ્વરશરણાગતિ છે.
પ્રથમથી દુષ્કૃતગર્હા, દ્વિતીયથી સુકૃતાનુમોદના અને
તૃતીયથી શરણાગમનના સાર્થક થાય છે તથા તે ત્રણ
વડે ભવ્યત્વનો પરિપાક થાય છે. પરિધિની ઉત્કૃષ્ટતાના
કારણે ન્યાયવૃત્તિ - ગુણની શ્રેષ્ઠતાના કારણે પ્રેમવૃત્તિ
અને દ્રવ્યોની પ્રકૃતિના કારણે ભક્તિવૃત્તિ જાગે છે.

ન્યાયવૃત્તિ કર્મના નિયમને, પ્રેમવૃત્તિ ધર્મના નિયમને
અને ભક્તિવૃત્તિ પ્રકૃતિના નિયમને સૂચવે છે.
ૐ અર્હં નમઃ । મંત્ર એ તત્ત્વથી નાદસ્વરૂપ છે.
અર્હં આદિ મંત્રો જ્યારે નાદરૂપે પરિણમે છે,
ત્યારે પરમાનંદનો અનુભવ થાય છે અને
એજ મંત્રનું વાસ્તવિક ફળ છે.

અર્હંના જાપમાં તન્મયતા થતાં અનક્ષર એવો
અનાહતનાદ ઉત્પન્ન થાય છે, તે અરિહંતસ્વરૂપ છે.
બિન્દુ નિત્યોઽનાહતઃ સોઽર્હન્ । અર્હં એ પરમેષ્ઠિબીજ,
જિનરાજબીજ, સિદ્ધબીજ, જ્ઞાનબીજ, ત્રૈલોક્યબીજ છે.
સિદ્ધચક્રનું આદિ બીજ પણ તે જ છે.

નાદોઽર્હન્ ધ્યેયો મુનિઃ । નાદ અર્હંવાચક છે,
તેમાં ત્રણે કાળના અરિહંતો વાચ્યરૂપે પ્રતિષ્ઠિત છે.
સાધક અરિહંતધ્યાનમાં તન્મય બને, ત્યારે અરિહંત
પરમાત્માનું દર્શન પામે છે અર્થાત્ પોતાના આત્માને
અરિહંતસ્વરૂપે જુએ છે. શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચક છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે. સમાપત્તિ યાને
ધ્યાતા, ધ્યેય, ધ્યાન ત્રણેની એકતા થવા વડે ધ્યાતા
સ્વાત્માને પરમાત્મસ્વરૂપે જુએ છે, એકતા અનુભવે છે.

ભક્તિ એ અમૂર્ત ગુણોનું મૂર્ત સ્વરૂપ છે. જે રીતે
અરૂપી જ્ઞાન એ રૂપી અક્ષરો દ્વારા વ્યક્ત થાય છે,
તેમ અરૂપી આત્મા આકૃતિ વડે અભિવ્યક્ત થાય છે.
નાભિ નાદ અને હૃદય જ્યોતિ પ્રકટે છે. ભક્તિ એ
જ્યોતિસ્વરૂપ - જ્યોતિ જ્ઞાનમય - જ્ઞાન આત્મમય છે.
ભક્તિ - જ્યોતિ તથા જ્ઞાન - એ ત્રણેની એકતા છે,
એનો અનુભવ એજ આત્મામાં પરમાત્મદર્શન છે
અને પરમાત્મદર્શન એજ સમ્યગ્દર્શન છે.

જિનભક્તિનું પ્રધાન ફળ આત્મદર્શન - સમ્યગ્દર્શન છે.
નામાદિ ભેદથી આચાર્ય ચાર પ્રકારના છે, તેમાં જેમ
આચાર્યના ઉપયોગરૂપ જે ભાવાચાર્ય છે, તે શિષ્યના
મનમાં વર્તે છે, માટે ગુરૂનો વિરહ સિદ્ધ થતો નથી, તેમ
અરિહંતના ઉપયોગવાળા સાધકના હૃદયમાં ભાવઅરિહંત
વર્તે છે, તેથી અરિહંતપ્રભુનો વિરહ સાધકને હોતો નથી.

યોજનાની અપેક્ષાએ જીવોનો ક્ષેત્ર જ ભેદ છે.
'ભાવરૂપે સદા ક્ષેત્ર રૂપ' યોજનારૂપે એકતા.

તાત્ત્વિક વિમર્શ - શુદ્ધ જ્ઞાનક્રિયાત્મક હોય છે.
આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ અરિહંત પરમાત્માની
પૂર્વાવસ્થા અને સિદ્ધનું પદ એ ઉત્તરાવસ્થારૂપ છે,
તેથી પાંચે પદો અરિહંતોની સ્તુતિસ્વરૂપ છે.

અરિહંતમાં ઉપર્યુક્ત સાધર્મ્ય એ તત્ત્વથી અરિહંતસ્વરૂપ છે કેમકે તે ઉપયોગ સાથે તેની અભેદવૃત્તિ છે. ધ્યાતાનું ધ્યેયાકારે પરિણમન થવું, એ જ સમાપત્તિ છે.

## ચાર પ્રકારનાં ધ્યેય

નામધ્યેય, સ્થાપનાધ્યેય, દ્રવ્યધ્યેય અને ભાવધ્યેય.

સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે, તેથી જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન એ ભાવધ્યેય છે.

એમ વિચારવું કે: પ્રત્યેક દ્રવ્ય ત્રિધર્મયુક્ત છે, વિવક્ષિત સમયે ઉત્પન્ન થાય છે, પૂર્વપર્યાયનો નાશ થાય છે અને દ્રવ્યપણે ધ્રુવ રહે છે અથવા અનાદિઅનંત જીવાજીવ દ્રવ્યોમાં સ્વપર્યાયો જળમાં જળતરંગોની જેમ ઉત્પન્ન થાય અને તેમાં જ વિલય પામે છે, તે દ્રવ્યધ્યેય છે.

દ્રવ્યધ્યેય = યથાવસ્થિત બાહ્ય પદાર્થનું ધ્યાન.

ભાવધ્યેય = ધ્યેયતુલ્ય ધ્યાનપર્યાય.

## ચાર પ્રકારના આત્મા

એક રામ દશરથ ઘર ડોલે = બહિરાત્મા.

દૂજો રામ ઘટ ઘટ મેં બોલે = અંતરાત્મા.

તીસરા રામકા જગત પસારા = પરમાત્મા.

ચોથા રામ હૈ સબ સે ન્યારા = પુરુષોત્તમ.

પ્રણિધાન નિર્ગુણનું અને ઉપાસના સગુણની - એ ક્રમ છે.

અરિહંત શક્તિસ્વરૂપ છે, સિદ્ધત્વ શક્તિમત્ છે.

આચાર્ય - ઉપાધ્યાય - સાધુત્વ શક્તિમત્ છે.

સિદ્ધ પરમશિવરૂપ છે, અરિહંત શિવ-શક્તિ ઉભયરૂપ છે.

સગુણ એટલે અભિવ્યક્ત સ્વરૂપ, તે દ્વારા નિર્ગુણ એટલે અનભિવ્યક્ત સ્વરૂપની ઉપાસના થાય છે.

નામ વડે નાદાનુસંધાન, રૂપ વડે અર્થાનુસંધાન, દ્રવ્ય વડે તત્ત્વાનુસંધાન અને ભાવ વડે સ્વરૂપાનુસંધાન સધાય છે, તેને 'સગુણ દ્વારા નિર્ગુણની ઉપાસના' કહેવાય છે.

મંગળને નમતા ગળે છે, સમતાને સંકટ ટળે છે.

'નમો' - બે અક્ષરની મોક્ષકૂંચી

(૧) નમો એ right-hand-path છે.

તે મુક્તિ, મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રતિ અનુકૂળ વર્તન-પ્રવૃત્તિ છે અને સંસાર, સંસારમાર્ગ તથા સંસારમાર્ગસ્થિત પ્રતિ વિમુખતા છે.

(૨) નમોમાં મોહને નકાર અને મોક્ષને આવકાર છે.

વ્યક્તિને સમષ્ટિની સાથે જોડનાર તાર - wire છે.

તે ગુરુ-શિષ્ય, ભક્ત-ભગવાનને જોડનારી સાંકળ છે.

There is chain relationship.

(3) 'નમો'ની ભિન્ન ભિન્ન અવસ્થાઓ

મિથ્યાત્વની અવસ્થામાં વ્યક્તિ વિશ્વની અંદર
નીચે અને આત્મા કર્મપ્રકૃતિના બંધનમાં રહેલ છે.
સમ્યગ્દર્શનમાં વ્યક્તિ એ બંધનને
જુએ છે, જાણે છે, ઓળખે છે,
દેશવિરતિમાં એ બંધનથી છૂટવાના પ્રયત્નો પ્રારંભાય છે,
સર્વવિરતિમાં જીવ પૂર્ણ પુરુષાર્થ પ્રવર્તાવે છે અને
અપ્રમત્ત અવસ્થામાં effortless effort રહેલ છે.
આ બધી નમોની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે.
નમો એ અપુનર્બંધકની નિકટના પહેલાં ગુણઠાણાથી
માંડીને ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકની સઘળી
અવસ્થાઓને આવરી લેવાની શક્તિને ધરાવે છે.

(૪) 'નમો' વડે મન મોક્ષ તરફ વળે છે,
આત્મતત્ત્વનો આદર કરે છે, સંસારથી પાછું ફરે છે,
Turning towards the Divine.
'નમો' વડે પ્રભુને Positive બનાવાય છે and
મનને - પ્રકૃતિને Negative બનાવાય છે.
'નમો' એ જીવને પરિધિથી કેન્દ્ર તરફ લઈ જાય છે
અને મન Clock-wise & Spiral બને છે.

(૫) નમનારને સિદ્ધોનું magnetism ઉપર ખેંચે છે,
ન નમનારને નિગોદનું magnetism નીચે ખેંચે છે.

મોક્ષ એ પ્રકાશ છે, નિગોદ એ અંધકાર છે.
'અહં બ્રહ્માઽસ્મિ ।' વાક્યમાં મોક્ષનો ઉપાય રહેલો છે.

'ૐ' અથવા 'સોઽહં' મંત્રનો ઉચ્ચાર
એ પરમ સત્યના અનુભવની સાધના છે.

સ્થૂળ સત્તા એ સત્ય નહિ, બ્રહ્મસત્તા એજ પરમ
સત્ય છે, શાશ્વત છે, નિરાકાર છે, સુખદુઃખથી પર છે.
'અહં - બ્રહ્મ' એ દૃશ્યપદાર્થોનો દૃષ્ટા છે, દૃશ્યથી પર છે.
તે ત્રિગુણાતીત, દ્વન્દ્વાતીત અને માયાતીત છે.

પ્રાતિભાસિક સત્ય એ સત્ય નહિ પણ કાલ્પનિક છે.
બ્રહ્મ એ સત્ય છે, જગત એ મિથ્યા છે. સર્વ બાહ્ય
વસ્તુ બ્રહ્મ નહિ, તેથી અસત્ય છે, પરિવર્તનશીલ છે.

બ્રહ્મની ઉપાસના એ શુદ્ધ અને સમર્થ એવા
સ્વની - પોતાના આત્માની જ ઉપાસના છે.
ચૈતન્ય એક છે, માટે 'ૐ' કે 'સોઽહં' એ
ઉપચાર નહિ પણ પરમ સત્ય છે.

सर्वं खल्विदं ब्रह्म नेह नानाऽस्ति किंचन ।
ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

# 'નમો' એ મૃત્યુંજય મહામંત્ર છે.

'મન' એ મૃત્યુનું કારણ છે, કિન્તુ
'નમ' એ તો મૃત્યુના પણ મૃત્યુનું કારણ છે.
નમવું એટલે ખમવું, દમવું, શમવું, ગમવું, રમવું છે.
શેમાં? અંતરાત્મભાવમાં રહીને પરમાત્મભાવમાં.
આજ સુધી બહિરાત્મભાવમાં રહેલો જીવ
'નમો' ભાવ દ્વારા અંતરાત્મભાવમાં આવે છે અને
ત્યાં રહીને 'પરમાત્મભાવ'માં જવા પ્રયાસ કરે છે.
'નમો' મંત્ર અસત્યમાંથી - અલ્પમાંથી - તુચ્છમાંથી -
સત્યમાં - ભૂમામાં - વિશ્વમાં લઈ જાય છે.
નમો મંત્ર તમસ્માંથી જ્યોતિમાં લઈ જાય છે અને
મૃત્યુમાંથી અમૃત અર્થાત્ અમરત્વમાં લઈ જાય છે.
અરિહંતપદ એ પ્રભુની કર્મકાય અવસ્થા છે,
સિદ્ધપદ એ પ્રભુની તત્ત્વકાય અવસ્થા છે અને
આચાર્ય - ઉપાધ્યાય - સાધુપદ એ પ્રભુની ધર્મકાય છે.
પ્રધાન પદ વડે નમો અરિહંતાણં, અરહંતાણં, અરુહંતાણં।
એ રીતે પ્રભુની ત્રણે ત્રણ પ્રકારની
કાય - અવસ્થાને નમસ્કાર થઈ જાય છે.
નમસ્કાર કરનારને નમસ્કાર છઠ્ઠા પદથી થાય છે.

નમસ્કાર કરનાર સદા - સર્વદા
જઘન્યથી પણ અસંખ્ય સંખ્યામાં હોય છે.

સ્વસ્તિકમાં નવકારનો જાપ કરવાથી એક સામાયિકમાં
(૨૦) માળા સુખપૂર્વક ગણવાથી પણ ગણી શકાય છે.

ત્રિપદીની અનુપ્રેક્ષા સર્વ ઔદયિક ભાવો પ્રત્યે
પરમ મધ્યસ્થતા ઉત્પન્ન કરે છે.

'ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્'ની અનુપ્રેક્ષા અંદર રહેલ
આત્માના અવ્યાબાધ સુખ અને
જ્ઞાનાદિ ગુણોની સ્મૃતિને અખંડ રાખે છે.

જીવનને બુદ્ધિજીવીને બદલે સંપૂર્ણ પ્રભુજીવી બનાવવાથી
સંપૂર્ણ આનંદ અને શરણાગતિનો લાભ આવે છે,
તે જ સાચી શાંતિ અને ક્રાંતિ છે.

ૐ પદ ત્રિપદીનું જ્ઞાન કરાવે છે,
અર્હં પદ ગુણ તથા પર્યાયનો બોધ કરાવે છે અને
નમઃ પદ અધ્યાત્મને વિકસિત કરે છે. નમો પદ વડે
બુદ્ધિજીવીપણાના અહંકાર દોષને પણ જીતી શકાય છે.

ત્રિપદીના જ્ઞાનથી આનંદ જાગે છે,
ગુણ-પર્યાયના અનંતના જ્ઞાનથી આશ્ચર્ય જાગે છે
અને શરણાગતિના ભાવથી અભેદ જાગે છે.

ઔદયિકભાવની પાછળ રહેલો પારિણામિકભાવ આપણા રાગ તથા દ્વેષને અને પારિણામિક ભાવની પાછળ રહેલા ક્ષાયિક આદિ ભાવો મોહને મિટાવે છે.

મોહ - કર્મમલરહિત પરિણામ એજ ધર્મ છે.

ધર્મ એ દુર્ગતિમાં પડતાં જીવને ધારણ કરે છે અને સદ્‌ગતિમાં જીવને સ્થાપન કરે છે.

'ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્'નું ભાન મિથ્યાત્વમોહને મિટાવે છે અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત એવા સત્‌નું ભાન આપે છે તથા રાગ-દ્વેષ રૂપી કર્મમલને મિટાવે છે. 'પોતે અનંત-ગુણ-પર્યાયનું ભાજન સત્ દ્રવ્ય છે' એ ભાન અભેદ-અદ્વેષ-અખેદ: ત્રણેને આપે છે.

<u>પંચ પરમેષ્ઠિ એટલે...</u>

<u>'અર્હંત' અર્હંનું 'અહંત' સ્વરૂપ અને કાર્યકર શક્તિ.</u>

આ નવકાર મહામંત્રનો જાપ પુષ્કરાવર્ત મેઘની જેમ પંચ પરમેષ્ઠિઓના અનુગ્રહને વરસાવે છે અને તે અમૃતવૃષ્ટિ વડે સાધકની આર્ત-મન રૂપી અશુદ્ધિઓ ટળી જાય છે તથા નિર્મળ અને શુદ્ધ આત્મદ્રવ્યનો તે સાક્ષાત્ અનુભવ કરાવે છે. Law of Echo યા ધ્વનિ-પ્રતિધ્વનિનો વિજ્ઞાનનો નિયમ છે, તે મુજબ

અર્હનું ધ્યાન ચૌદ રાજલોકમાંથી
અર્હરૂપે જ પ્રતિધ્વનિત થઈને પાછું ફરે છે અને
સ્થળ - કાળથી સીમિત સાધકના અહંનો ભ્રમ ભાંગે છે.
'I am Universal. No, I am universe.'
એવી પ્રતીતિ કરાવે છે. પછી સાધક પોતાનું સ્વતંત્ર
અસ્તિત્વ ટકાવવાનો વિભ્રમ મિથ્યા માનીને,
વિશ્વચૈતન્ય એવા અર્હમાં પોતાની જાતને વિલીન કરી,
સત્ - ચિત્ - આનંદમાં નિમગ્ન બની જાય છે.
He becomes engulfed in a sea of
love, joy and Universal peace.
નવકારનો દીર્ઘકાળનો જાપ એ
અર્હના ધ્યાનની એકાગ્રતા વિકસાવે છે.
નમો અને અર્હ ધ્વનિ - પ્રતિધ્વનિરૂપ બની જાય છે.
'નમો' એ Cosmic Laboratory છે, જ્યાં
અર્હના પરમ રહસ્યો પામી શકાય છે. 'અર્હ' એ તો
વિજ્ઞાનોનું પરમ વિજ્ઞાન, કળાઓની પરમ કળા અને
શક્તિઓનો પરમ શક્તિસ્રોત છે. 'નમો' એ અહંને
અર્હ બનાવનાર પારસમણિ છે. અર્હનો સનાતન દિવ્ય
ધ્વનિ વિશ્વમાં ચાલી રહ્યો છે, તેને ઝીલનાર નમો છે.

તે વડે પ્રત્યેક દિવસ મંગલમય, કલ્યાણમય અને
આનંદમય બની અતીન્દ્રિય વૃત્તિનો અનુભવ કરાવે છે.

'નમો' વડે શું આશય છે?

'નમો' વડે પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થાય છે અને
પુરુષનો અધિકાર પ્રવૃત્ત થાય છે.

'નમો' થકી ભવ - ભવમાર્ગ - ભવમાર્ગસ્થિત તરફ
વિમુખતા અને મોક્ષ - મોક્ષમાર્ગ - મોક્ષમાર્ગપ્રસ્થિત તરફ
આત્માની સન્મુખતા કેળવાય છે.

નમો દ્વારા બહિરાત્મભાવની ગર્હા, અંતરાત્મભાવની
અનુમોદના અને પરમાત્મભાવની શરણાગતિ થાય છે.

નમો વડે મધુરપરિણામ, તુલ્યપરિણામ અને
ખીરખંડયુક્તપરિણામ કેળવાય છે.

સમ શત્રુ - મિત્રતા તે મધુરપરિણામ છે,
સમ સુખ - દુઃખતા તે તુલ્યપરિણામ છે અને
સમ જ્ઞાન - ક્રિયાશીલતા તે ખીરખંડયુક્તપરિણામ છે.

મધુરપરિણામનું ફળ આસ્તિકભાવ છે,
તુલ્યપરિણામનું ફળ સંયમધર્મ છે,
ખીરખંડયુક્તપરિણામ તપધર્મ છે અને
તપધર્મનું ફળ ધ્યાન અને નિર્જરા છે.

'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં... માગસર વદી - ૮

ૐ એ દ્રવ્ય, અર્હં એ ગુણ અને નમઃ એ પર્યાય છે.
દ્રવ્ય એ મંગલ - ગુણ એ ઉત્તમ - પર્યાય એ શરણ છે.
ગુણપ્રકર્ષવાન્ આત્મા તે મંગલ છે,
અચિન્ત્ય શક્તિમાન તે ઉત્તમ છે અને
સર્વદા, પરાર્થરસિક તે શરણ છે.
મંગલ, ઉત્તમ તથા શરણ - એ ત્રણે અંતે
નિજાત્મ, ગુણ અને પર્યાય છે.

તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે:
'ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।'

ૐકાર અથવા અર્હંકારનો નાદ કરીને
તેના નાદમાં નાસાગ્ર સ્થાને જાપને લીન થવા દેવાથી
સાધકનો પ્રાણ તેમાં લીન થાય છે. કાળનો લક્ષક પ્રાણ
છે, પ્રાણનો લક્ષક પાદ છે અને પાદનો લક્ષક નાદ છે.
કરણ, કરાવણ અને અનુમોદનનું સરખું જ ફળ છે.
ૐ 'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ ।'
અઢાર અક્ષરનો આ સ્ફુલિંગ મંત્ર
કંઠસ્થાને ધારણ કરીને જાપ કરતાં કરતાં સુઈ જવાથી
પાર્શ્વનાથ પ્રભુ અંદર જ છે, એવો અનુભવ થાય છે.

નાદપૂર્વક જાપ કરવામાં અનુનાસિકની મુખ્યતા રહે છે
અને પ્રાયઃ તેમાં લયનો અનુભવ કરે છે.
કહ્યું છે: ઇન્દ્રિયાણાં મનો નાથઃ મનોનાથસ્તુ મારુતઃ ।
મારુતસ્ય લયો નાથઃ સ લયો નાદમાશ્રિતઃ ॥ અર્થાત્:
ઇંદ્રિયોનો સ્વામી મન છે, મનનો સ્વામી પવન છે,
પવનનો સ્વામી લય છે, તે લય નાદને આશ્રિત છે.
'શબ્દબ્રહ્મ' એટલે ઓંકારાદિ અક્ષરો.
જેમાંથી ઉત્પન્ન થતો નાદ ૐકાર આદિ ધ્વનિ છે.
અર્હંકાર એની પ્રથમ અભિવ્યક્તિ છે.
ૐ અર્હં નમઃ । મંત્રમાં નમઃ પદે કુંભક થાય છે.
આ મંત્રમાં અંતે મકાર છે, જે અનુનાસિક હોવાથી
પ્લુત ઉચ્ચારણ વડે નાદમાં વિલીન થાય છે.
અંતે મકારના સ્થાનનું આ રહસ્ય છે.
અનિત્યાનિ શરીરાણિ, વૈભવો નૈવ શાશ્વતઃ ।
નિત્યં સન્નિહિતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥૧॥
અર્થાત્: શરીરો અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી,
મૃત્યુ હંમેશા નજીક રહેલું છે, માટે ધર્મનો સંગ્રહ કરવો.
ધર્મથી જીવન શુદ્ધ થાય છે અને
શુદ્ધ જીવનમાં પ્રભુના દર્શન થાય છે.

## સાધનાના અંગો

(૧) એકાંત સેવન, મૌન અને ધ્યાન.

(૨) નરજન્મ દુર્લભ - સાધનાનું ધામ અને મોક્ષનું દ્વાર. તેમાં સાધના ન કરે, તે આત્મઘાતી - મંદમતિ - કૃતઘ્ની.

(3) બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે ।
વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧॥ - ૭/૧૯

(૪) સર્વત્ર બ્રહ્મદર્શન, ત્રિપ્રધાનાત્મક અથવા ગુણપર્યાયવદ્-દ્રવ્યનું અધિષ્ઠાન એક બ્રહ્મ.

(૫) સર્વ ભાવોમાં ભગવદ્દર્શન - એમ વિચારવું કે: દરેક દ્રવ્ય પોતાના ગુણ - પર્યાયોમાં લીન છે અને દરેક પર્યાય ઉત્પાદ - વ્યય અને ધ્રૌવ્યયુક્ત છે.

(૬) '(ભાવ) ગંગાના સ્નાન - પાનથી મુક્તિ છે' એવી દૃઢ શ્રદ્ધા. સાધનામાં શરીરશ્રમ કે બાહ્યદ્રવ્યને પ્રધાનતા આપવાને બદલે ભાવને પ્રધાનતા છે.

નમસ્કારભાવ એ ગંગાસ્નાન છે અને
દુષ્કૃતગર્હા વગેરે ગંગાજળનું પાન છે.

સત્યની શોધક અને ગુણોની ચાહક - એવી દૃષ્ટિનું નામ સ્યાદ્વાદદૃષ્ટિ યા અનેકાન્તદૃષ્ટિ છે. જૈનદર્શનમાં અહિંસા પણ સ્યાદ્વાદદૃષ્ટિથી રંગાયેલ છે.

## અરિહંતોને વારંવાર નમસ્કાર શાને ?

દેખાવમાં લાગતી અહિંસા પણ હિંસા હોઈ શકે અને
દેખાવમાં લાગતી હિંસા પણ અહિંસા બની શકે.
અહં અને મદ, રાગ અને દ્વેષ, કામ અને ક્રોધ તથા
તેને ઉત્પન્ન કરનાર મોહકર્મ એ જીવોનો દુશ્મન છે.
કર્મશત્રુઓને નાશ કરવા છતાં સર્વ અરિહંતો પરમ
અહિંસક છે, પરમ પૂજ્ય છે, તેમને વારંવાર નમસ્કાર.
વ્યાધિ પણ એક મોટી સાધના છે તથા તે દવા.
રોગાદિ પ્રારબ્ધકર્મ ટળતાં નથી, પરન્તુ એને લીધે
દુઃખને સમતાથી સહન કરવાની શક્તિ આવે છે.
જે કર્મ થઈ ચૂક્યું છે,
તેનું ફળ સમતાથી ભોગવી લેવું જોઈએ. કરુણા, પ્રેમ
અને ભક્તિના ઉત્કર્ષથી પણ સિદ્ધિઓ થાય છે.

### ચાર પ્રકારના ધ્યાન

આર્તધ્યાન = 'પોતાને દુઃખ ન આવો' એ વિચાર.
ધર્મધ્યાન = 'કોઈને દુઃખ ન આવો' એ વિચાર.
રૌદ્રધ્યાન = 'મને સુખ મળો' એ વિચાર.
શુક્લધ્યાન = 'સૌને સ્વાધીનસુખ મળો' એ વિચાર.
આત્મવિચાર એ શુક્લધ્યાન.

# બ્રહ્મચર્ય તથા ઇંદ્રિયનિગ્રહ

ક્રમશઃ ઉત્તમ ઈશ્વર ચિંતન થતાં થતાં બ્રહ્મની ઉપાસના સુધી પહોંચે અને એ માટે બધી ઇંદ્રિયો અને મન ઉપર સંપૂર્ણ કાબુ રહે, તેનું નામ 'બ્રહ્મચર્ય.' ઇંદ્રિયો અને મનને આમાં દબાવવાનાં હોતાં નથી, પરન્તુ બન્નેને યોગ્ય દિશામાં લઈ જવાનાં હોય છે.

ખાવું, પીવું, બેસવું, ઊઠવું, બોલવું, ચાલવું -
આ બધી વસ્તુઓમાં નિયમન હોય,
તો જ ઇંદ્રિયનિગ્રહ શક્ય છે.

ઘડામાં નાનું સરખું કાણું હોય, તો પણ તે પાણી ભરવા યોગ્ય રહેતો નથી, એજ વાત અહીં લાગુ પડે છે.

આધ્યાત્મિક જીવનનો આધાર છે બ્રહ્મચર્ય.
જીવનનો સર્વોત્તમ આદર્શ પણ તે છે.

બુદ્ધે કહે છે કે: अधिचित्ते आयोगः। અર્થાત્:
અધિચિત્ત ઉપર બેઠક આરૂઢ કરવી.

આંતરવિશ્વનો અનુભવ ઉપાસના દ્વારા આવે છે, એમાં કેવળ નૈતિક કે કરુણાની ભૂમિકા અથવા તો બૌદ્ધિક કે વિજ્ઞાનની ભૂમિકા પર્યાપ્ત નથી.
બંનેથી ભિન્ન એક ત્રીજી વસ્તુ છે.

શુદ્ધ તથા બુદ્ધિની સાથે સિદ્ધિની પણ આવશ્યકતા છે. એ માટે પોતાની ચેતનામાં પરમાત્માની ચેતનાનો અનુભવ આવશ્યક રહે છે. સ્વપ્ન, જાગૃતિ અને સુષુપ્તિમાં પોતાની ચેતનાનો અનુભવ છે, એમાં જ્યારે પરમાત્મચેતનાનો અનુભવ થાય છે, ત્યારે જ મનુષ્યને એના જીવનની પૂર્ણતાનું ભાન થાય છે. શક્તિ તે છે કે જેનો સદુપયોગ અને દુરુપયોગ - એમ બંને થઈ શકે છે, પછી તે શક્તિ કર્મની હો, ભાવની હો, વિજ્ઞાનની હો અથવા ધ્યાનની પણ હો.

એક ભક્તિ જ એવી છે કે
જેનો કેવળ અને કેવળ સદુપયોગ જ થાય છે.

## ધ્યાનની આદર્શ પ્રક્રિયા કેવી હોય?

પ્રથમ ચિત્તસંચારનું સાક્ષિત્વ, એ પછી ચિત્તસંચારના નિરોધનો પ્રયત્ન, એ માટે સગુણ આલંબન, છેલ્લે આલંબન વિના શાંતિ અને સ્થિરતા.

## ધ્યાન પ્રક્રિયા માટે ગુણચિન્તન

ઈશ્વર જો દયાળુ છે, તો દયા અથવા પ્રેમનો ગુણ વધો જેવો ઉભર હોય, તો તે ગુણ ઈશ્વરીય છે. ગુણ પ્રાપ્ત કર્યા સિવાય કોઈ ભક્ત બની શકતો નથી.

દૃષ્ટિમાં કારુણ્ય, મુખ ઉપર પ્રસન્નતા,
વક્ષસ્થળમાં વાત્સલ્ય, કમરમાં સામર્થ્ય - એ રીતે
ગુણોનો સમુચ્ચય ધ્યાનપ્રક્રિયા માટે વધુ સમર્થ છે.
વર્ણ દ્વારા પણ ગુરુચિન્તન થાય છે.
લાલ વર્ણ પ્રેમનો, શ્વેત વર્ણ શાન્તિનો - નિર્મળતાનો,
નીલ વર્ણ કારુણ્યનો - એનું પણ ધ્યાન થઈ શકે.
જેમ લોહચુંબક લોઢાના કણોને ખેંચે છે,
તેમ ગુરુચુંબક ગુણોને ખેંચે છે.
ગુરુ ખેંચવાની શક્તિ આવી, તો સમજવું કે
ધ્યાનપ્રક્રિયા હાથમાં આવી ગઈ.
સિંહાસનને જુઓ કે આંખ બંધ કરીને જુઓ,
મૂર્તિ લો કે મંત્ર લો, પ્રત્યક્ષ લો કે સંકેત લો,
તે તો માત્ર વસ્તુ તરફ ધ્યાન ખેંચવાનું સાધન છે,
કિન્તુ મૂળ વસ્તુ તેથી અલગ છે. વાસ્તવિક ઘી અને
કાગળ ઉપર લખેલ ઘીમાં જેટલું અંતર છે,
તેટલું જ વાસ્તવિક ઈશ્વર અને એના પ્રત્યક્ષમાં છે.
સંકેત દ્વારા વસ્તુ તરફ ધ્યાન જાય અને
તેમાં જ ધ્યાન કેન્દ્રિત કરીએ, તો
વસ્તુ અલગ રહી જશે અને સંકેત જ હાથમાં રહેશે.

ગુણીની ભક્તિના દ્વારા ગુણીનું આત્મહિત -
એજ ધ્યાનશક્તિ વિકસાવવાનો એકનો એક ઉપાય છે.
વસ્તુમાત્રમાંથી ગુણ ખેંચવાની શક્તિ આવશે,
ત્યારે જ ધ્યાનની શક્તિ પ્રાપ્ત થશે.

शाश्वतानन्दरूपाय तमस्तोमैकभास्वते ।
सर्वज्ञाय नमस्तस्मै कस्मैचित् परमात्मने ॥१॥

અર્થ: અવિનાશી આનંદસ્વરૂપ અને અજ્ઞાનરૂપી
અંધકારનો નાશ કરવા માટે મધ્યાહ્નના સૂર્ય સમાન,
લોકાલોકમાં રહેલા સર્વ વસ્તુઓને જાણવાવાળા અને
(મનુષ્યની) વાણીથી જેનું વર્ણન થવું અશક્ય છે,
એવા અલૌકિક પરમાત્મસ્વરૂપને નમસ્કાર થાઓ.

षड्जीवनिकायहितं परमात्मतत्त्वं ध्येयं । અર્થ:
આ જિનશાસનમાં ધ્યાન કરવા લાયક
ધ્યેય પરમાત્મતત્ત્વ છે, કેમકે તે જ એક
સર્વ જીવનિકાયનું હિત કરનારું તત્ત્વ છે.

આ જૈન સંઘમાં મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા-
એ ચાર ભાવો જ્યાં શુદ્ધ પ્રતિષ્ઠિત ન હોય,
ત્યાં શુદ્ધ ગમે તેટલાં સમાધાનો કરવામાં આવે,
તો પણ તે સંપૂર્ણ સમાધિ લાવવા અસમર્થ જ છે.

## પ્રવચનસાર એ ઉપશમ છે સર્વ

ઉપશમ તે સ્વસુખની ઇચ્છાનો નિરોધ અને સર્વના
સુખની ઇચ્છાના અનુરોધ ઉપર આધાર રાખે છે.
સર્વના સુખની અને હિતની ઇચ્છા એ મૈત્રીરૂપ છે.
એમાંથી જ ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખાધિક પ્રત્યે
કરુણા અને પાપાધિક પ્રત્યે માધ્યસ્થ્ય જન્મી શકે છે.
હિતચિન્તાનો અધ્યવસાય જ ઉપશમસુખનો દાતાર છે.
સ્વહિતચિંતાનો આધાર પણ પરહિતચિંતાનો પરિણામ છે.
ગુણથી અને તત્ત્વથી સ્વરૂપનો ભેદ છે જ નહિ, તેથી
હિતચિન્તા શબ્દથી સ્વપર ઉભયનું ગ્રહણ થાય છે.
જિનેશ્વરમાં મૈત્ર્યાદિ ચારે ભાવો પ્રકર્ષપણાને પામેલા છે.
તેમનો અપાયાપગમાતિશય મૈત્રીના પ્રકર્ષને, પૂજાતિશય
એ પ્રમોદના પ્રકર્ષને, વચનાતિશય કરુણાના પ્રકર્ષને
તથા જ્ઞાનાતિશય માધ્યસ્થ્યભાવના પ્રકર્ષને સૂચવે છે.
આ સિદ્ધચક્રના મધ્યમાં અરિહંતપદ એટલા માટે છે કે
તે ચારે ભાવનાં પ્રકર્ષવાન છે.
ટોચ ઉપર સિદ્ધપદ એ માધ્યસ્થ્યના પ્રકર્ષસૂચક છે,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ - એ અનુક્રમે
કરુણા, પ્રમોદ અને મૈત્રીને સૂચવે છે.

શ્રી સિદ્ધચક્ર યંત્રની ચાર વિદિશાના સ્થાન પછી પણ
અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઇચ્છાનિરોધ
રૂપ માધ્યસ્થ્યલક્ષણ - ઔદાસિન્ય લક્ષણને સૂચવે છે.
શ્રી જિનશાસનની સમગ્ર આરાધનાનું કેન્દ્ર જીવમૈત્રી છે
અને તેથી જ જિનશાસન મૈત્રીના પ્રકર્ષને પામેલા
શ્રી જિનેશ્વર દેવોની ભક્તિરૂપ છે.

જીવમૈત્રી તથા જિનભક્તિ ઉપર જિનશાસનના મંડાણ છે.
સર્વ તત્ત્વોમાં જીવતત્ત્વ પ્રધાન છે, તેથી જીવતત્ત્વનું પરમ
હિત જે વડે થાય, તે માર્ગને શ્રી 'જિનધર્મ' કહેવાય છે.

'જિનધર્મ'માં નવકાર એ ભક્તિસ્વરૂપ છે અને
સામાયિક એ મૈત્રીસ્વરૂપ છે.

જીવતત્ત્વને મલિન કરનાર હિંસાદિ સર્વ પાપવ્યાપારોનો
પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ તે સર્વવિરતિ સામાયિક છે અને
તે પાપોમાં હેયબુદ્ધિ અને તેના ત્યાગમાં ઉપાદેયબુદ્ધિ
તે અનુક્રમે સમ્યક્ત્વસામાયિક અને શ્રુતસામાયિક છે.

સમ્યક્ત્વસામાયિકમાં પ્રધાનતા તત્ત્વરુચિની છે અને
શ્રુતસામાયિકમાં પ્રધાનતા તત્ત્વજ્ઞાનની છે.

સર્વવિરતિસામાયિકમાં પ્રધાનતા તે બંનેના પાલનની છે
અર્થાત્ જેવી રુચિ અને જેવું જ્ઞાન, તેવું જ તેનું પાલન.

## પ્રભુઆજ્ઞાનો આધાર જ્ઞાન અને ધ્યાન

પ્રભુની આજ્ઞાને એક જ શબ્દમાં રજૂ કરવી હોય,
તો તે એ રીતે સામાયિકધર્મ જ છે.
એ સામાયિકધર્મનો આધાર જ્ઞાન અને ધ્યાન છે.
જ્ઞાન રુચિવાળું જોઈએ, ધ્યાન ચારિત્રયુક્ત જોઈએ.
જ્ઞાનનો પ્રાણ રુચિ છે, ચારિત્રનો પ્રાણ ધ્યાન છે.
રુચિમાં આત્મદર્શન છે, ધ્યાનમાં આત્મસંસ્પર્શન છે.
જેટલો તફાવત દર્શન અને સ્પર્શનમાં છે,
તેટલો જ તફાવત સમ્યક્ત્વ અને ચારિત્રમાં છે.
સમ્યક્ત્વ એ સમ્યગ્દર્શન છે - આત્મદર્શન છે,
ચારિત્ર એ સમ્યગ્સ્પર્શન છે, આત્માનો સ્પર્શ છે.
એકમાં સાક્ષાત્ જોવાની ક્રિયા છે,
બીજામાં સાક્ષાત્ સ્પર્શવાની ક્રિયા છે.
દર્શન માટે રુચિપૂર્વકનું જ્ઞાન જોઈએ તથા
સ્પર્શન માટે જ્ઞાનપૂર્વકનું ધ્યાન જોઈએ.
રુચિનો - દર્શનનો વિષય તિર્યક્સામાન્ય છે,
ધ્યાનનો યા સ્પર્શનનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે.
જ્ઞાન - દર્શન - ચારિત્રની એકતા = ધ્યાનની પરાકાષ્ઠા.
એ જ અનુક્રમે સમાધિ, સમાપત્તિ તથા સંયમ છે.

## સમાધિ, સમાપત્તિ તથા સંયમ

માનસિક આધિમાં સમપરિણામ તે 'સમાધિ' છે,
શારીરિક આપત્તિમાં સમપરિણામ તે 'સમાપત્તિ' છે,
યમ કે મૃત્યુ સમયે ય સમપરિણામ રહેવો, તે 'સંયમ' છે.
તે સંયમ મેળવવા માટે છેલ્લો ઉપાય કોઈ હોય તો
મરીને જીવવાનો છે. મૃત્યુદેવના આવ્યા પહેલાં પહેલું
આ દેહનું મરણ કલ્પીને 'જીવ એ દેહથી જુદો છે'
એમ જોવાનો અભ્યાસ તે સંયમ-સમાધિનો અભ્યાસ છે.

તે અભ્યાસ સિદ્ધ થવા પહેલાં
રૂપાતીત ધ્યાન કે જેનો અર્થ 'આત્માકાર મન' -
એવો કરી શકાય, તેનો અભ્યાસ જરૂરી છે.
તે પહેલાંનાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થાદિ ધ્યાનોમાં મનનો
વ્યાપાર જરૂરી હોય છે, તે વડે મન શુદ્ધ બને છે.
શુદ્ધ મન આત્માકારને સહેલાઈથી ગ્રહણ કરી શકે છે
અને તેને જ રૂપાતીત ધ્યાન તરીકે સંબોધી શકાય છે.
રૂપાતીત ધ્યાન સિદ્ધ થયા પછી મૃત્યુ પહેલાં દેહધારી
અવસ્થામાં જ દેહભિન્ન એવી દેહાતીત અવસ્થાનો
અનુભવ કરવો, તે ધ્યાનની પરાકાષ્ઠા છે અને તેમાંથી
જ શુક્લધ્યાનનો ઉદય થઈ ઘાતીકર્મોનો ક્ષય કરી શકાય.

પોષ વદી-11, બુધવાર

કહ્યું છે કે: દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત. ...(૧)

આજ્ઞાવિચયાદિ ધ્યાનો ધ્યાનની અભ્યાસક્રિયા રૂપ છે. અનિત્યત્વ વગેરે ભાવનાઓ પણ તે અભ્યાસનો અભ્યાસ છે અને મૈત્ર્યાદિ ભાવનાઓ તે બધાનું મૂળ છે, તેથી શ્રી જૈન સંઘની ઉન્નતિ માટે આત્માના તત્ત્વનું દર્શન અને સ્પર્શન કરાવનાર ધ્યાનાભ્યાસની ક્રિયાને જ સાધનામાં ધ્યેયરૂપ બનાવવાની જરૂર છે.

દ્વાદશાંગનો સાર ધ્યાનયોગ છે.
દ્વાદશાંગનો સાર અષ્ટપ્રવચન માતા છે.
દ્વાદશાંગનો સાર શ્રી નવકાર મંત્ર છે.
દ્વાદશાંગનો સાર મનોગુપ્તિ છે.
મનોગુપ્તિનું સાધન મંત્ર છે.
મંત્રનું સાધન અષ્ટાંગ યોગ છે અને
અષ્ટાંગ યોગનું પ્રધાન સાધન ધ્યાન છે.

સૂત્ર - અર્થ - ઉભયના જાણકાર, તે 'ગીતાર્થ' કહેવાય. તેઓ શાસ્ત્રોના સર્વ રહસ્ય - ઊંડા ભાવોને જાણે છે.

સંવેગ એ પવન છે તથા તપ એ અગ્નિ છે.

ધ્યાનયોગ એ મૂલોત્તર ગુણો અને
તેને અનુરૂપ ક્રિયાઓનું અંતિમ લક્ષ્ય છે.
ધ્યાન માટે મનઃપ્રસાદ જોઈએ અને
તે અહિંસાદિ શુદ્ધ અનુષ્ઠાનોથી સાધ્ય શક્ય છે.
અનુષ્ઠાનોનું સાધ્ય મનઃપ્રસાદ અર્થાત્ ચિત્તશુદ્ધિ છે.
મનઃપ્રસાદનું સાધ્ય ચિત્તૈકાગ્ર્ય છે અને
તે જ પરમ તત્ત્વ અથવા પરમ રહસ્ય છે.

મૂલોત્તર ગુણો = Ethics, બાહ્યક્રિયા = Rituals,
ધ્યાન = spirituality, Philosophical aspect,
ધ્યેય = perfectness. હૃદયકમલ ધ્યાનથી ઊઘડે છે.
એનું દલ જાડું અને મનોહર હોય છે, તેથી મનભ્રમર
તેમાં લીન થાય છે, તેથી મનનો નાદ લક્ષ્યમાં આવે છે.
તે નાદ અક્ષર તત્ત્વ છે.

હૃદયમાં સફેદ બિંદુનું ધ્યાન પણ કેટલાક કરે છે.
ભ્રૂમધ્યમાં પણ બિંદુધ્યાન થાય છે. નાડીપ્રચારનું જ્ઞાન,
ઘંટાનાદનું શ્રવણ, મૂળપુરુષ - આદિપુરુષ - પરમપુરુષનું
ધ્યાન, ચિદાકાશનું ધ્યાન, ચરાચર વિશ્વનું ધ્યાન,
ચિતિશક્તિનું ધ્યાન અને શાશ્વત
ચોથા પદનું ધ્યાન - એમ વિભિન્ન ધ્યેયોને કહે છે.

ચિત્તશુદ્ધિ માટે આજ્ઞાવિચયાદિ,
ચિત્તૈકાગ્ર્ય માટે પિંડસ્થાદિ અને ચિત્તલીનતા માટે
સત્ સામાન્યાદિ વર્તન, અનુષ્ઠાન અને ધ્યાન એ
અહીં અનુક્રમે કષ, છેદ અને તાપ છે.

જેમ તંદુલના ફોતરાં દૂર કર્યા વગર તેનો અંદરનો મેલ
શુદ્ધ કરી શકાતો નથી, તેમ જેઓ મલિનારંભી છે,
તેઓની શુદ્ધિ માત્ર બાહ્યધ્યાનથી થતી નથી.
ફોતરાંવાળા ચોખાની જેમ જ
વર્તન અને અનુષ્ઠાન વગરનાનું ધ્યાન સમજવું.

નિરૂપાધિક જીવનવાળો જ્ઞાની ધ્યાન ધરે, તો તેની
શુદ્ધિ થાય. વાત-પિત્ત-કફદોષને શમાવે, તે ઔષધ.
પછી ભલેને તે ઔષધ ગમે તેનું આપેલું હોય.

હિંસાદિ અપથ્યના સ્થાને છે, અહિંસાદિ પથ્ય સ્થાને છે.
શુભાશુભથી પર જ્ઞાની શુદ્ધ આત્મચિન્તન કરવું,
તે શરણાગમન છે. દ્રવ્યતીર્થ અનેક છે, પરન્તુ
ઉદાસીનતા રૂપી ભાવતીર્થ એક જ છે.

ઉદાસીનતા એ કર્મનિર્જરાનો મુખ્ય હેતુ છે.
બિન્દુ આદિ ધ્યેયની અપેક્ષાએ પરમાત્મતત્ત્વનું ધ્યેય
સર્વોત્કૃષ્ટ છે અર્થાત્ સુંદર અનુષ્ઠાન અને શુદ્ધ વર્તન

સાધ્ય ધ્યેયની પવિત્રતા પ્રાણીને કર્મરોગથી મુકાવે છે.
વર્તનથી વાતનો દોષ જાય છે, અનુષ્ઠાનથી ચિત્તનો દોષ
જાય છે અને ધ્યેયની પવિત્રતાથી કર્મનો દોષ જાય છે.
વાતવિકલ્પ રાગ છે, ચિત્તપ્રદોષ દ્વેષ છે અને કર્મ-
વિકલ્પ એ મોહ છે. ધ્યાનનો પરમ હેતુ માધ્યસ્થ્ય છે.
સમ્યગ્દૃષ્ટિ = સાચી નજરે જોનારા દેવ એક જ છે.
સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ રાગ-દ્વેષ-મોહ વગરના
જ્યારે સશરીરી હોય છે, ત્યારે ભુવનભર્તા કહેવાય,
અશરીરી હોય, ત્યારે ભુવનપ્રભુ અને તે એક જ છે.
એ સ્વરૂપે એને ઓળખીને જે ભજે, તેના તે પ્રભુ છે.
જે એને ભક્તિથી સાધે છે, એનું તેઓ કલ્યાણ કરે છે.
એને જે વાસ્તવ જાણે છે, તેનો તેઓ મોક્ષ કરે છે.

ગંગા કોઈના બાપની નથી.

સંસારી આત્માઓમાં કર્મનાં કારણે અનેક ભેદ પડે
પણ પરમાત્મા તો કર્મના પ્રપંચથી તદ્દન રહિત હોવાને
કારણે તેમનામાં કોઈપણ પ્રકારનો ભેદ પડતો નથી,
પ્રકાર પડતો નથી કે ઊંચ-નીચપણું ય સંભવતું નથી.
તેઓને શરીર હોતું નથી છતાં અનંત શક્તિના બળે
તેઓ ભક્ત જીવોને ભવથી મુકાવનાર બને છે.

ધર્મમાં પણ ભેદ નથી. ધર્મ તો પોતાની અંદર જ છે,
ધર્મ તો પોતા પાસે જ છે, એની પ્રતીતિ કરવી પડે.
ધર્મ પોતે શુદ્ધ છે અને શુદ્ધ ગુણાદિ ભરેલો પણ છે.
દશલક્ષણ ધર્મમાં સ્વર્ગ અને મોક્ષ આપવાની તાકાત છે.
મોક્ષમાર્ગ પણ એક જ છે, જેને કોઈ સત્ય કહે છે,
કોઈ બ્રહ્મ, વિશુદ્ધિ, શક્તિ, પરમ પદ વગેરે કહે છે.
પુણ્યની હાનિ અને પાપની વૃદ્ધિ સંસાર વધે છે.

પાપની હાનિ અને પુણ્યની વૃદ્ધિ

સર્વ પ્રકારની સંપત્તિઓ - વિભૂતિઓ આવી મળે છે.
વિશુદ્ધિના ચાર કોટિ છે: જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ઐશ્વર્ય.
તમોવૃદ્ધિ તે અપરાધ છે, સત્ત્વાદિગુણ પ્રગટે છે.
રજોવૃદ્ધિ વૈરાગ્ય તથા તમોવૃદ્ધિ ઐશ્વર્ય હણાય છે.

સત્ત્વશુદ્ધિના ઉપાય તપ, ધ્યાન, વ્રત વગેરે છે.

શુદ્ધ સત્ત્વ એ પરમ દૈવતત્ત્વ છે.

સત્ત્વને વધારનાર ક્રિયા એ સાચી ક્રિયા છે.
એ જ સાચું જ્ઞાન અને એ જ સાચી શ્રદ્ધા છે.
આત્માનું સ્વસ્વરૂપમાં રહેવું, તે જ મોક્ષનું લક્ષણ છે.
એને સંસિદ્ધિ, નિવૃત્તિ, શિવ, શાંતિ, અમૃત, બ્રહ્મ,
નિર્વાણ અક્ષય, અવ્યય આદિ બધા શબ્દો લાગુ પડે છે.

જયવંતશ્રી દિવસના પ્રથમ પ્રહરમાં દાન, બીજા પ્રહરમાં શીલ, ત્રીજા પ્રહરમાં તપ અને ચોથા પ્રહરમાં ભાવ અને સાયંકાળે સંલેખના કરી છે. પરમેશ્વરની આજ્ઞા = ભગવદ્વચન, તે પ્રમાણે તેમણે કથન કરેલા નિયમો અને ભગવદ્વચન અનુસાર મળતાં અચૂક ફળો અને પુણ્યનું ફળ સદ્ગતિ, પાપનું ફળ દુર્ગતિ. લેશ્યાને મલીન કરનાર દોષોથી દૂર રહેવું અને લેશ્યાને શુદ્ધ કરનાર ગુણોનું પાલન કરવું, તે આજ્ઞાપાલન છે.

આ દુનિયામાં મોહનો વિનાશ કરવા સમાન અન્ય બીજો ખરેખરો મહાન ઉપકાર એક પણ નથી. સર્વજ્ઞનાં વચનથી વધારે શ્રેષ્ઠ બીજું કોઈ વચન નથી. લેશ્યાશુદ્ધિના પરિણામે અતિશયપણું આવે, ત્યારે જીવ સ્વસ્વરૂપમાં સ્થિત થઈ પરમાત્મસ્વરૂપને પામે છે. લોકસ્થિતિ, કાળ, કર્મ, સ્વભાવ, ભવિતવ્યતા અને નિભવ્યતા એકબીજાને સાપેક્ષ રહી ભવપ્રપંચ ઉત્પન્ન કરે છે. એ કારણોના પરિપાક થાય, ત્યારે એ જ ભવ-પ્રપંચનો ઉચ્છેદ કરનાર પરમેશ્વરનો અનુગ્રહ થાય છે, જે નિમિત્ત ભાવનું કારણ બની પરમેશ્વરની આજ્ઞાનું આરાધન કરવા માટે આત્મવીર્યને ઉલ્લસિત કરે છે.

'સુખ-દુઃખની પ્રાપ્તિ કે સંસાર-મોક્ષનો અનુભવ એ
પરમેશ્વરઆજ્ઞાનું આરાધન કે વિરાધનનું પરિણામ છે'
એવું નિર્મળ જ્ઞાન ઉત્પન્ન થવાથી આજ્ઞારાધન કરવા
અહર્નિશ ભક્તિ, વિશુદ્ધિ માટે ઉદ્યમ કરે છે,
પરિણામે તે અલેશ્ય બની સિદ્ધિસ્થાનને પામે છે.
આ પ્રકારનું તત્ત્વસ્વરૂપ નિર્મળ જ્ઞાનને પરિણામે
જણાય છે. ભવ્યત્વાદિના પરિપાકથી આ જ્ઞાન થાય છે.
સંસારી જીવોનું ચરિત્ર ભગવાનના આગમને પ્રત્યક્ષ છે.
સુસાધુઓ વિશાળ પ્રવચનને જણાવે, ત્યારે પોતાની
મેળે જ તેઓ સમજ-ભાવને ભાવને જણાવે છે.
સંસારીજીવનું આ ચરિત્ર આગમ તથા અનુભવથી સિદ્ધ છે,
તેને સમજ-ભાવ લો તથા તે પ્રમાણે અમલ કરો.
કષાયોને છોડી દો, આશ્રવનાં દ્વારો બંધ કરો, ઇંદ્રિય-
સમૂહ ઉપર વિજય કરો, માનસિકમેલની જાળને તોડો,
ગુણસમૂહનું પોષણ કરો, ભવપ્રપંચ છોડી જિનાલયે જાઓ.
જેઓની બુદ્ધિ વિશાળ નથી, તેઓ પણ વારંવાર આ
વિચારી પ્રતિબોધ પામો. સ્વદુષ્કૃતોની વારંવાર નિંદા કરો,
ગુણો ઉપર પક્ષપાત કરો, સદાગમ ઉપર બહુમાન રાખો,
જેથી પરિણામે તેમને પણ બોધ થશે.

## ધ્યાન એટલે સાક્ષિત્વનું ભાન

જેમ મૂર્તિ દ્વારા કે રૂપ દ્વારા ધ્યાન થાય છે,
તેમ મંત્ર દ્વારા કે શબ્દ દ્વારા પણ ધ્યાન થાય છે
અને સુગંધ દ્વારા પણ ધ્યાન થાય છે.
ગુલાબ - મોગરાનાં ફૂલ કે પછી અગરબત્તી ઉપરાંત
ધૂપની સુંદર સુવાસ પણ ધ્યાનમાં ઘણી સહાયક છે.
વાસ્તવિક ધ્યાન એ જાગૃતિ સાથેની ગાઢ નિદ્રા છે.
તે ધ્યાનમાં સાક્ષિત્વનું ભાન થાય છે.
વિચાર પણ નહિ અને વિકાર પણ નહિ.
વિકલ્પ એ નીચેની અવસ્થા છે,
વિચાર એ એનાથી ઉપરની અવસ્થા છે, પરંતુ
એથી યે ઉપરની નિર્વિચાર સ્થિતિ છે, તે ઉત્તમ છે.
જેમ સ્નાન, ભોજન અને નિદ્રાથી
શરીરની શુદ્ધિ, પુષ્ટિ અને સ્વસ્થતા - શાંતિ થાય, તેમ
નિત્ય પ્રાર્થનાથી મનની શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ થાય છે.
આત્મા એ સંકલ્પનું અધિષ્ઠાન છે.
જીવનની મોટી આવશ્યકતા છે સ્થિતપ્રજ્ઞા - સ્થિર બુદ્ધિની,
જેને નિર્ણયશક્તિ પણ કહે છે. આ વૈજ્ઞાનિક યુગમાં
મનની ભૂમિકાથી ઉપર ઉઠીને નિર્ણય કરવો જરૂરી છે.

Imp

'अव्ययः, पुरुषः, साक्षी |'

ધ્યાનમાં આપણે સાક્ષી બનવાનું છે. ધ્યાનમાં પ્રભુ પકડ આવે, તો પકડ તે પ્રાથમિક અવસ્થા સમજવી. જેમ ચાલતાં શીખ્યા બાદ બાળક પોતાની ચાલણગાડીને પકડ છોડી દે છે, તેવી રીતે રૂપ - નામ વગેરે આધાર પ્રાથમિક અવસ્થામાં ઉપયોગી છે, લાભદાયી છે. નામ એ મનને પરોવવાનું એક પ્રાથમિક સાધન છે. જપ બાહ્યસાધન છે, તેમ અંતિમ સાધન પણ તે જ છે.

वह नाम तो ओर है, जो जपे ध्रुव और प्रह्लाद |

કબીર કહે છે કે:

'માળા તો કર માંહિ ફિરે, જીભ ફિરે મુખ માંહી,
મનુઆ તો દશ દિશ ફિરે, યહ તો સુમિરન નાંહી.'

ઉત્તમ ઉપલબ્ધિ ધન કમાવું અને ઉદાસીન ભાવે તે ધન ખર્ચવું. પરં દૃષ્ટ્વા નિવર્તતે |

તું ભલે 'ૐ'ને નહિ જાણતો પણ 'ૐ' તને જાણે છે.

અંતિમ વાસના ઈશ્વરના અનુગ્રહાદિ બાકી છે. જો કૃતજ્ઞતાપૂર્વક કર્મ થઈ રહ્યું છે, બુદ્ધિમાં સમત્વ છે અને તમારા ચિત્તમાં કુટિલતા નહિ, તો પરમાત્માને ન ભોળવો, તો પકડ આવશે.

'ગીતા'ના સંદેશમાં પૂર્ણ પ્રેમ,
પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ કર્મ ભરેલાં છે.
ઉપનિષદમાંથી જ્ઞાન, યોગશાસ્ત્રમાંથી સાધના,
ભાગવતમાંથી ભક્તિ, વેદોમાંથી ધ્યાન,
સાંખ્યયોગમાંથી વિશ્વવિજ્ઞાન અને સ્મૃતિકારો
પાસેથી આચાર લઈને તેને સર્વાંગસુંદર બનાવેલ છે.
ભક્તિ, જ્ઞાન અને કર્મની દિવાલો, બ્રહ્મવિદ્યાનો પાયો
અને ભગવત્શરણાગતિનું શિખર ચઢાવેલું છે.
પરમાત્મા ઉપર દૃઢ વિશ્વાસ રાખીને રહેવાનું છે.
શરીરની સંપૂર્ણ વિસ્મૃતિ સિદ્ધ થવી જોઈએ. પોતાના
વાસ્તવિક સ્વરૂપ ૐકારમાં લીન થવા સાધના કરવાની છે.
દેહનો વિચાર માત્ર ન આવવો જોઈએ,
છતાં આવે તો પણ પ્રારબ્ધાધીન માનીને
મન ઉપર સંયમ પ્રાપ્ત કરતાં શીખવું જ જોઈએ.
ચારિત્ર્ય એ માનવનું મહાધન છે.
જગતની કોઈ સંપત્તિ, વિશ્વનું કોઈ બળ કે સૃષ્ટિની
કોઈપણ સત્તા ચારિત્ર્યની તોલે કદી આવી શકે નહિ.

°

I think therefore I excist. What can
be & What must be that is, excists.

'રામ' એટલે અંતર્યામી - ઘટઘટમાં રમે છે તે.
શબ્દકોશમાં જેટલા શબ્દ છે,
તેનો એક અર્થ સામાન્ય છે અને તે છે પરમેશ્વર.
ઈશ્વરના નામમાં અનંતમાં અનંત અર્થ ભરી શકાય.
પોતાના અનુભવોનો અંશ બિલકુલ થોડો હોય છે.
આપણી અનુભૂતિ હોય કે ન હોય, પરન્તુ બધા જ
મહાન પુરુષોની અનુભૂતિ હોય, તેનો ઉપયોગ ન થઈ શકે.
મહાન પુરુષોનો ઉપયોગ કરશો, તે તો ઉકેલાઈ ગણાય.
લોકો શક્તિ ઈચ્છે છે - ભક્તિ નહિ,
લોકો પુણ્યફળ ઈચ્છે છે - પુણ્ય નહિ,
લોકો મુક્તિ ઈચ્છે છે - શુદ્ધિ નહિ.
આ એક માનસિક આળસનું લક્ષણ છે.
આપણને શક્તિની જરૂર નથી, કેમકે એ તો પ્રભુમાં
ભરેલી જ છે. આપણે તો પોતાની શક્તિ વડે કાર્ય
કરતાં માત્ર ભક્તિની જ આકાંક્ષા રાખવી જોઈએ.
સાચો ભક્ત તે છે કે જે
મુક્તિથી નિઃસ્પૃહ છે અને ભક્તિનો યાચક છે.
'મુક્તિ'નો અર્થ જ નિઃસ્પૃહતા છે.
ભક્તિના રસ્તે જનારને મુક્તિ આવે જ છે.

## ભગવાનને પ્રાર્થના શેની કરાય ?

પ્રભુ આપણને સત્ય આપે છે,
પ્રેમ આપે છે, કરુણા આપે છે, તેથી
માત્ર તે જ ત્રણે ભગવાન પાસે માગવા જોઈએ.
પ્રાર્થના એટલે જીવનો ઈશ્વરને કૃતજ્ઞતાપૂર્વક યાદ
કરવાનો પ્રયત્ન કે પ્રકૃષ્ટ અર્થને પ્રાપ્ત કરાવનારી ક્રિયા.
પ્રાર્થના = પ્રકૃષ્ટ અર્થ જે આત્મા, તેના પ્રત્યે ગતિ
અર્થાત્ આત્માની આત્મા સાથે મળવાની ક્રિયા.

It is not only
communication but communion.

અંતરાત્માનું પરમાત્મા સાથે મળવું.
પર્યાયદૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિવાળા થવું, તે પ્રાર્થનાનું તત્ત્વ.

It is not only begging, but being.

મંત્રમાં જેમ અર્થભાવન છે, તેમ
પ્રાર્થનામાં પણ પ્રકૃષ્ટ અર્થનું ભાવન છૂપાયેલું છે.

To pray is to be.

તેના પાછળ જવું, તેને પકડમાં લેવું.
વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત અને ભાગવત
- હિન્દુધર્મમાં એ પાંચ ગ્રન્થ મોટા ગણાય છે.

યોગીઓની નિદ્રા તે સમાધિ અને જાગૃતિ તે ધૂન છે.
અયોગીની નિદ્રા તે અપ્રવૃત્તિ અને જાગૃતિ તે પ્રવૃત્તિ.
દેહધારીઓને માટે બંનેની અમુક માત્રામાં આવશ્યકતા છે જ.

અહીં અપ્રવૃત્તિને નિવૃત્તિ ન મનાય.

નિવૃત્તિ એ ધ્યાનરૂપ - સમાધિસ્વરૂપ છે.

મુક્તિના હેતુથી થતી પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ -
તે બન્ને ખરી નિવૃત્તિ છે, પછી તે નિરવધિમાં
પ્રવૃત્તિસ્વરૂપ અને સ્વવધિની નિવૃત્તિસ્વરૂપ હો.
બંનેને 'નિવૃત્તિ' કહી શકાય.

કર્મ બે પ્રકારે: એક કરુણાપ્રેરિત નિષ્કામ, બીજું સકામ.
ધ્યાન પણ બે પ્રકારે: એક લૌકિક, બીજું આધ્યાત્મિક.

જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે.
વાસનાનાં આવરણોને લીધે તેનું મિલન થતું નથી,
એટલે કે જીવ ઈશ્વરને ઓળખી કે મળી શકતો નથી.
જીવાત્મા એ દાબડી છે - પરમાત્મા એ પારસમણિ છે.
અહંતા અને મમતારૂપી ઢાંકણાને દૂર કરતાં જ
જીવ અને ઈશ્વરનું મિલન થાય છે.

'જીવની નિર્ગુણતાનો વિચાર કરવો' એટલે
પોતાના વર્તમાન આત્માની નિર્ગુણતાનો વિચાર કરવો.

કર્મની શત્રુતાનો વિચાર આત્માની શત્રુતાનો વિચાર છે અને રાગ-દ્વેષાદિની કુશળતાનો વિચાર એ તત્ત્વતઃ પોતાના વર્તમાન આત્માની જ કુશળતાનો વિચાર છે. ભગવાનના નામનો મહિમા અને પ્રભાવ તે નામનો નહિ પણ ભગવાનનો મહિમા અને તેમનો જ પ્રભાવ છે. ભગવાનના રૂપનો મહિમા તે તે રૂપનો નહિ, પરન્તુ ભગવાનનો પ્રભાવ છે અને ભગવાનના સંઘનો પ્રભાવ એટલે માનવસમુદાયનો નહિ પણ ભગવાનનો પ્રભાવ છે અને ભગવાનના આગમનો પ્રભાવ એટલે કાગળ, શાહી, લહીયો, લેખક કે તેના કુશળતાનો નહિ પણ તે ભગવાનની જ શક્તિનો મહિમા છે.

સમગ્ર વિશ્વ પ્રભુચૈતન્યથી વ્યાપ્ત છે, છતાં તે નજરે પડતું નથી, એમાં નજરનો દોષ છે. આપણી દોષવાળી દૃષ્ટિને પણ ભગવદ્ચૈતન્યનું પ્રત્યક્ષ થાય, તે માટે શિલ્પી એમ શિલામાં રહેલા ભગવાનની આરસની આકૃતિને આજુબાજુથી દગડ દૂર કરવા દ્વારા દેખાડે છે અને અક્ષર કે લિપિ પણ ત્યાં રહેલાં ભગવત્ચૈતન્યને દેખાડવા માટે અન્ય રૂપ છોડી ભગવદ્રૂપ પ્રગટાવે છે, એમ જોતાં શીખવું જોઈએ.

તેનો આનંદ જ અનેરો હોય છે કે જ્યારે આપણું
જીવન બુદ્ધિબળને બદલે પ્રભુબળ બનતું જાય.
કાયોત્સર્ગ વડે મન ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય છે.

મન પર વિજય ત્યારે ગણાય કે અંદર મન
જે બહાર ભટકવાની ટેવવાળું હતું,
તે હવે બાબતની ભીડ દૂર કરી તેના માલિકને
ફરીફરીને નામસ્મરણમાં લીન કરવા ચેષ્ટા કરે.

Free willના બદલે His will -
જીવનમાં અતિ મહત્વની અને ઉપકારક ઘટના છે.

જાપ જ્યારે નાદની સાથે સાથે ચાલે, ત્યારે મંત્રનું
ચૈતન્ય પ્રગટ્યું ગણાય છે. 'વિશ્વ ત્રિપદીથી વ્યાપ્ત છે'
એ લક્ષ સ્થિર થતાં જ સ્થિરતા સહજ બને છે.
આપણી બુદ્ધિ દિવસ ઊગે અને આજે શું કરવું છે,
તેની સતત દોડધામ કરતી હોય છે, તે જ બુદ્ધિ
જ્યારે આરાધનાનાં બળે શાંત થાય છે, ત્યારે દિવસના
ભાગમાં જે જે કાર્યો કરવાના હોય છે, તે યોગ્ય રીતિએ
શ્રમ વિના જ થઈ જાય છે, એ આરાધનાનો પ્રત્યય છે.
રોજ ઓછામાં ઓછી ત્રણ ટંક થઈને છ કલાકની
આરાધના થવી જોઈએ, વધુ થાય તેટલા લાભમાં છે.

न जाग्रन्न मे स्वप्नको वा सुषुप्तिः
न विश्वो न वा तैजसः प्राज्ञकोऽपि वा ।
अविद्यात्मकत्वात् त्रयाणां
तुरीयस्त्वेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥ અર્થાત્:
જાગૃત, સ્વપ્ન કે સુષુપ્તિ કોઈ અવસ્થા આત્માને નથી.
એ ત્રણે અવસ્થાઓનો અભિમાની ચિદાભાસ-જીવ, જે
અનુક્રમે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ તરીકે ઓળખાય છે,
તે પણ 'હું' નથી, કારણ કે એ ત્રણે અવસ્થા અને
તેનો અભિમાની જીવ, એ મારા પારમાર્થિક સ્વરૂપના
અજ્ઞાનરૂપ અવિદ્યામાંથી જન્મેલ છે.
હું તો એ ત્રણે અવસ્થાઓથી પર એવા
મારા પોતાની તુરીય (ચતુર્થ) અવસ્થામાં
કેવળ બાકી રહેલો શિવસ્વરૂપ છું.
श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥१॥
અર્થાત્: કરોડો ગ્રન્થો વડે જે કહેવાયું,
તે અડધા શ્લોક વડે કહ્યું છે કે બ્રહ્મ સત્ય છે,
જગત્ મિથ્યા છે અને જીવ જ બ્રહ્મ છે, બીજો નહીં.
शतश्लोकी, दशश्लोकी, षट्श्लोकी, अर्धश्लोकी च ।

'ॐ अर्हं नमः ।' મંત્રમાં
'ॐ' એટલે દયા અર્થાત્ કરુણાશક્તિ,
'અર્હં' એટલે પ્રેમશક્તિ, 'નમઃ' એટલે ન્યાયશક્તિ.
નિર્ગુણને મેળવવા માટે આ મંત્ર છે.
આ મંત્રસાધનાની શરૂઆતમાં અહિંસા, સંતોષ, દયા,
ક્ષમા, શીલ, સત્ય, ત્યાગ, સત્સંગ, શુદ્ધિ આદિ
નૈતિક ગુણોની કેળવણી અતિ અગત્યની છે.
અધ્યાત્મતત્ત્વ લોકતત્ત્વથી ઊંચું હોવા છતાં
લોકસંગ્રહની ભાવના વિના અધ્યાત્મપ્રાપ્તિ અશક્ય છે.
'નિર્ગુણ બ્રહ્મ સ્વયં અવ્યક્ત હોવા છતાં
પ્રેમમય, ભક્તવત્સલ અને કરુણાર્દ્ર છે'
એમ જો આપણા સૌથી મનાય,
તો જ લોકોત્તર નિર્ગુણવાદિતા આવી શકે છે.
પરમેષ્ઠિની ઉપાસના એ શુદ્ધ અને સમર્થ
એવા સ્વની જ ઉપાસના છે.
આપણા સૌનું ચૈતન્ય એક જ છે,
માટે 'સોऽહં' એ ઉપચાર નહિ પણ સત્ય છે.
यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स कृतार्थेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥
(परिशिष्ट-२)

## સમવસરણનું સ્વરૂપ

રજત કનક મણિ જડિતનાં, ભૂષણ વિરચાવો,
તિલક મુકુટ કુંડલ યુગલ, બહેરખાં બનાવો... (૧)
રુચિર જ્યોતિ મોતી તણા, કંઠે ઠાવો હાર,
કંદોરો અદ્ભુત કરે, આપીજે સાર... (૨)
એણ પેરે બહુવિધ ભૂષણે, શોભાવો જિનદેહ,
ભાવવિમલ કરે તેહને, શિવવધૂ વરે ધરી નેહ... (૩)

ગોળ સમવસરણની ત્રણે ગઢની ભીંતો ૩૩ ધનુ અને ૩૨ અંગુલ પહોળી - જાડી અને ૫૦૦ ધનુષ્ય ઊંચી છે.

દરેક ગઢનું અંતર ૧ કોસ, ૬૦૦ ધનુષ્યનું છે.

દરેક ગઢના અંતરનું કોષ્ટક નીચે મુજબ છે:

૨૪ અંગુલ = ૧ હાથ, ૪ હાથ = ૧ ધનુષ,
૨૦૦૦ ધનુ = ૧ કોસ, ૪ કોસ = ૧ યોજન.

ગઢનું અંતર જે ૧ કોસ, ૬૦૦ ધનુ એટલે ૨૬૦૦ ધનુ છે, તેમાં ૫૦ ધનુ પ્રતર સમભાગ છે અને ૫૦૦૦ સોપાન = ૧૨૫૦ ધનુ પગથિયાંના છે. એ રીતે બંને બાજુના ૧૩૦૦ ધનુ મળી ૨૬૦૦ ધનુનું અંતર થાય છે.

અહીં ગઢના મળી ૨૬૦૦ x ૩ = ૭૮૦૦ ધનુ, તેમાં ૨૦૦ ધનુ ભીંતોના મળી કુલ - ૮૦૦૦ ધનુ થાય.

૮૦૦૦ ધનુ = ૪ કોસ = ૧ યોજન પ્રમાણ ભૂમિ થઈ.
તે ગઢને રત્નમય ૪ દરવાજા હોય છે. છેલ્લા ગઢની ઉપર ૧૦૦૦૦ પગથિયાં - તે યોજન ઉપરાંત ભાગમાં.

પ્રભુના સિંહાસનના પહેલા ૧૦ હજાર સોપાન છે.

સિંહાસનના ટેકણના ભાગથી રૂપાના ગઢના બાહ્યના પ્રદેશ સુધી પૂર્વ - પશ્ચિમ બે બે કોસ છે.

<u>રૂપાના ગઢની પરિધિ નીચે મુજબ છે:</u>

પરિધિ - ૩ યોજન, ૧૩૩૩ ધનુ, ૧ હાથ, ૮ આંગુલ તથા વિષ્કંભ ૧ યોજન.

<u>હવે ચોરસ સમવસરણમાં ગઢની ભીંતોનું પ્રમાણ નીચે મુજબ:</u>

ભીંતોની પહોળાઈ ૧૦૦ ધનુ.

રૂપા - સોનાના ગઢ વચ્ચે આંતરૂં: ૧।। કોસ = ૩૦૦૦ ધનુ.
સોના - રત્નના ગઢ વચ્ચે આંતરૂં: ૧ કોસ = ૨૦૦૦ ધનુ.
રત્નના ગઢથી પીઠિકા વચ્ચે આંતરૂં: ૧ કોસ.

ત્રણ ભીંતો વચ્ચેનું આંતરૂં:
૪૦૦ + ૧૩૦૦ + ૧૩૦૦ = ૩૦૦૦ ધનુ મળી બે કોસ
પૂર્વોક્ત પૃથુ - પહોળા બને.

પૃથ્વીથી ૧૦૦૦૦ પગથિયાં જઈએ પછી રૂપાનો ગઢ આવે, પછી ૫૦ ધનુ સમભાગ આવે પછી ૫૦૦૦ પગથિયાં,

પછી બીજો ગઢ, પછી ૫૦ ધનુ પ્રતર ૫૦૦૦ પગથિયાં,
પછી ત્રીજો ગઢ, તેમાં ૧ કોસ - ૬૦૦ ધનુ એટલે
૨૬૦૦ ધનુપીઠ યા સમભૂમિ ચોતરો - મણિપીઠ આવે.
વળી પ્રત્યેક ગઢને પ્રભુના શરીર પ્રમાણ
૪ દરવાજા - ૩ સોપાન હોય.
સમવસરણના મધ્ય ભાગમાં ૨૬૦૦ ધનુ પ્રમાણ મણિપીઠ
(ચોતરો) ઉપર જે તીર્થંકર હોય, તેમનું સમવસરણ હોય,
તે ૨૦૦ ધનુ લાંબું - પહોળું હોય છે અને
તે તે તીર્થંકરના દેહ પ્રમાણ ઊંચું હોય છે.

એક પ્રશ્ન

ધરણિતલથી તે પીઠ ૨॥ કોસ ઊંચો છે, તે કેવી રીતે?
૨૦૦૦૦ પગથિયાં તે ૫૦૦૦ ધનુ પ્રમાણ = ૨॥ ગાઉ થાય.
તેની કરણક્રિયાની દોરી
ભગવાનના સિંહાસનની ભૂમિના મૂળથી
તે બહાર પગથિયાંનાં પ્રાન્ત સુધીમાં
૮૨ ધનુ, ૧ હાથ, ૧૦ આંગુલ થાય તથા
પ્રભુના સિંહાસનથી બહાર ગઢના કાંગરાની દોરી દઈએ,
તો ૬૪૦૩ ધનુ, ૧૧ આંગુલ થાય.
એ ગણિત લીલાવતી રીતે સિદ્ધ થાય.

'સમવસરણ સ્તવ'નો ગાથા પ્રમાણે અનુવાદ

(૧) જિનેશ્વરો જે સ્થાને કેવળજ્ઞાન પામે છે, ત્યાં વાયુકુમાર એક યોજન પ્રમાણ ભૂમિને શુદ્ધ કરે છે, તૃણ - કચરા આદિથી શૂન્ય બનાવે છે.

(૨) મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિ કરે છે.

(૩) ઋતુકુમાર દેવો પંચ વર્ણવાળા સુગંધી ફૂલ વરસાવે છે.

(૪) વાણવ્યંતર દેવો ચંદ્રકાન્તાદિ મણિ, ઇન્દ્રનીલાદિ રત્ન, સુવર્ણ - રજતાદિથી ભૂમિતલ ઉપર પીઠબંધ કરે છે, ચિત્ર - વિચિત્ર રચના કરે છે.

(૫) વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ દેવો અનુક્રમે રત્ન, સુવર્ણ અને રજતના ગઢ બનાવે છે. તેના ઉપર મણિ, રત્ન અને કનકના કાંગરા રચે છે.

(૬) સમવસરણના બે પ્રકાર: સમચતુરસ્રાકાર, વર્તુલાકાર. પગથિયા ગઢની બહાર ૧૦ હજાર અને ગઢોની અંદર અનુક્રમે ૫, ૫ અને ૧૦ હજાર. તે પગથિયા એક હાથ પહોળા અને એક હાથ ઊંચા છે. ૫૦ ધનુ સમભાગ પ્રતર દરેક ગઢની અંદર આવે. દરેક ગઢને ચાર દિશાએ ચાર દ્વાર આવે અને દરેક દ્વારે બે વાપિકા હોય.

(૭) સમવસરણના મધ્યભાગમાં મણિ-રત્નનું મણિપીઠ ૨૦૦ ધનુષ્ય લાંબુ-પહોળું, પ્રભુના દેહ પ્રમાણ ઊંચુ તથા પૃથ્વીતલથી ૨॥ કોસ ઊંચુ હોય છે. ૧ ધનુષ્ય ચાર હાથનું, ૨૦૦૦૦ સોપાન = ૫૦૦૦ ધનુ = ૨॥ ગાઉ.

(૮) જિનેશ્વરના શરીરથી ૧૨ ગણું ઊંચુ, સમધિક ૧ યોજન પહોળું, નિત્ય ઋતુવાળું અશોકવૃક્ષ હોય છે. 'ચૈત્યવૃક્ષ' એટલે જ્યાં કેવળજ્ઞાન ઉપજ્યું, તે શાલિ, ન્યગ્રોધ, પિયંગુ આદિ વૃક્ષોની નીચે દેવછંદો હોય.

ત્યાં પાદપીઠ સહિત ૪ સિંહાસન હોય.

દરેક સિંહાસન ઉપર ત્રણ છત્ર હોય અને ભગવાન પૂર્વાભિમુખ બિરાજમાન થાય, ત્યારે દક્ષિણાદિ ત્રણ દિશામાં વ્યંતર દેવો પ્રભુ જેવાં જ ૩ પ્રતિબિંબો કરે,

તેથી ચારે દિશાની પર્ષદાઓને એમ લાગે કે:

પ્રભુ અમારી સામે છે અને અમને દેશના દે છે.

દરેક દિશામાં બે - એમ કુલ ૮ ચામરધરા તથા

અલગ કનકકમળમાં સ્થિત ચાર ધર્મચક્ર

ભગવાનના સિંહાસનની સામે હોય છે.

(૯) ગઢના પ્રત્યેક દ્વારે બાહ્યવ્યંતર દેવો ધ્વજ, છત્ર, મકર ધ્વજ, અષ્ટમંગલ, મનોહર પુતળીઓ, પુષ્પની સુગંધી માળાઓ

વેદિકા, પૂર્ણ કળશ, મણિમય અષ્ટ તોરણ તથા
સુગંધી ધૂપઘટિકાઓ રચે છે.
(૨૦) એક હજાર યોજન પ્રમાણવાળા ચાર ધ્વજ અનુક્રમે
ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ અને સિંહધ્વજ -
નામે ચારે દિશાના પ્રત્યેક દ્વારે રહેલ છે.
(૨૧) પૂર્વ તરફના દ્વારથી પ્રભુ પ્રવેશ કરે,
પ્રદક્ષિણા દઈ પૂર્વ દિશા સન્મુખ સિંહાસન ઉપર બેસે,
પાદપીઠ પર ચરણ સ્થાપી તીર્થને નમીને ધર્મદેશના કરે.
પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરથી પ્રવેશ કરીને
અનુક્રમે અગ્નિ ખૂણે મુનિ, વૈમાનિક દેવ અને સાધ્વી,
નૈઋત્ય ખૂણે ભવનપતિ, જ્યોતિષ - વૈમાનિકની દેવી,
વાયવ્ય ખૂણે ભવનપતિ, જ્યોતિષ અને વ્યંતર દેવો
તથા ઈશાન ખૂણે વૈમાનિક દેવ, નર અને નારી,
તેમાં અષ્ટ દેવ અને સાધ્વી ઊભા રહીને અને
ચાર દેવ, નર, નારી, સાધુ - એ સાત બેસીને સાંભળે.
સર્વથી પ્રથમ રત્નગઢની અંદર રહીને ધર્મદેશના સાંભળે.
(આવશ્યક ચૂર્ણિના અભિપ્રાયે
સર્વ મુનિ તથા વૈમાનિક દેવ બેઠાં બેઠાં સાંભળે અને
શેષ નવ પર્ષદા અનિયત રીતે સાંભળે.)

(૨૨)બીજા ગઢમાં તીર્યંચો વાઘ - વરૂ - સિંહ - સર્પાદિ
પરસ્પર વૈર તજીને સાંભળે અને ત્યાં જ ઈશાન
કોણમાં પ્રભુના વિશ્રામ માટે દેવ કૃત રચિત રત્નમય
દેવછંદો હોય અને વાહન વગેરે ત્રીજા ગઢમાં રહે.
(૨૩) ચોરસ સમવસરણમાં જુદી જુદી બે વાવડી હોય,
ગોળ સમવસરણમાં જુદી જુદી એક વાવડી હોય તથા
ગઢના દરવાજાના ૨૨ પગથિયા હોય, તે અનુક્રમે
પ્રથમ રત્નના ગઢના દરવાજે પૂર્વાદિ ચાર દિશામાં
સોમ, યમ, વરૂણ અને વૈશ્રમણ અર્થાત્ કુબેર હોય.
દરેકના હાથમાં અનુક્રમે ધનુષ્ય, દંડ, પાશ, ગદા હોય.
તેમનો વર્ણ અનુક્રમે પીત, શ્વેત, રક્ત, શ્યામ હોય.
બીજા સોનાના ગઢે દેવયુગલ પ્રતિહારરૂપમાં સ્થિત હોય.
તેમના નામ જયા, વિજયા, અજીતા, અપરાજીતા હોય.
તેમનો વર્ણ અનુક્રમે શ્વેત, રક્ત, પીત અને નીલ હોય.
તેમના ચિહ્નો અનુક્રમે અભય, અંકુશ, પાશ, મકર હોય.
ત્રીજા રજતના ગઢે ચારે દિશાએ અનુક્રમે
તુંબરૂ, ખડ્ગી, કપાલી અને જટામુકુટધારી
ચાર દ્વારપાળ હાથમાં છડી સહિત હોય છે
અને શાસનની રક્ષાનું કાર્ય કરે છે.

(૯૪) જો ઇંદ્ર કે કોઈ મહર્દ્ધિક દેવ આવે,
તો તે એકલો પણ સમવસરણની રચના કરી શકે.
ભવનપતિ વગેરે અલ્પઋદ્ધિક દેવ આવે,
તો રચના કરે અને ન પણ કરે (ભજના જાણવી).
(૯૫) જે ક્ષેત્રમાં ન થયું હોય, ત્યાં સમવસરણ રચાય.
વળી જ્યાં મહર્દ્ધિક દેવ અને ઇંદ્રાદિ આવે, ત્યાં પણ
સમવસરણ નિયમા થાય, અષ્ટમહાપ્રાતિહાર્ય નિરંતર હોય.
(૯૬) જે સાધુએ પૂર્વે સમવસરણ ન જોયું હોય તો ૧૨
યોજન સુધી હોય તો અવશ્ય આવે, ન આવે તો
ચતુર્લઘુ પ્રાયશ્ચિત આવે. પ્રભુ પ્રથમ પોરિસીએ ધર્મ કહે,
પછી બલિ આવે, તે બલિ દેવો યથાયોગ્ય ગ્રહણ કરે,
તેનાથી બધા રોગો અને કષ્ટોનું શમન થાય. છ માસ
સુધી બીજો રોગ ન આવે. બલિક્ષેપ બાદ પ્રભુ ઉત્તર
દિશાથી નીકળી ઈશાન કોણે દેવછંદામાં આવે અને
બીજી પોરિસીમાં ગણધર ભગવંત ધર્મ કહે, એ બધું
વિસ્તારથી આવશ્યકાદિ સૂત્રોમાં છે. સમસ્ત દુઃખિત તથા
અર્થી લોકથી પ્રાર્થના કરાયેલ અને ઈપ્સિત અર્થને
દેવામાં સમર્થ એવા દેવેન્દ્રોથી સ્તુતિ કરાયેલ તીર્થંકરો
ભવ્યજીવોને શીઘ્ર સુપદ - સ્વપદ, તીર્થંકરપદ, મોક્ષપદને
આપનારા થાઓ.

## ९४ समवसरण क्यां रचाय ? शा माटे ?

भगवान आदिनाथना शासनमां ८ समवसरण,
प्रभु महावीरना शासनमां १२ समवसरण अने
२२ तीर्थंकरोना प्रत्येकना शासनमां जे जे समवसरणना
कुल ७४ मळीने ८ + १२ + ७४ = ९४ समवसरण थया छे.
ज्यां केवळज्ञान उत्पन्न थाय, त्यां देवो अवश्यपणे
समवसरणनी अद्भुत रचना करतां होय छे. वळी
ज्यां धर्मनी शिथिलता अने मिथ्यात्वनुं प्राबल्य होय,
त्यां पण देवताओ समवसरण रचे छे.
समवसरणनी रचनाथी देवो उत्कृष्ट पुण्य उपार्जन करे
छे अने जोनार भवी समवसरणनी अनुमोदना आदि
करवाथी सम्यक्त्वरत्ननी प्राप्ति करे छे अने तेम
करीने भवांतरमां समवसरणनो लाभ मेळवी शके छे.

## समवसरणमां कया देवो शुं कार्य करे ?

(१) वायुकुमार देवो योजन प्रमाण भूमिने स्वच्छ करे छे.
(२) मेघकुमार देवो शीतल - सुगंधी जलवृष्टि करे छे.
(३) ऋतुकुमार देवो छ ए छ ऋतुना अने पंच
वर्णवाळा सुगंधित फूलोनी जानुप्रमाण वृष्टि करे छे.
(४) तेओ भावथी चंदन - पुष्पादि द्रव्योथी पूजन करे छे.

(૫) વ્યંતર દેવો ચંદ્રકાંતાદિ અને ઇન્દ્રનીલાદિ રત્નો વડે
સમવસરણ ભૂમિ ઉપર સુંદર પીઠિકાની રચના કરે છે.
(૬) ભવનપતિ દેવો પ્રથમ ગઢની, જ્યોતિષ દેવો બીજા
ગઢની તથા વૈમાનિક દેવો ત્રીજા ગઢની રચના કરે છે.
(૭) ૫-૫-૧૦ હજાર મળીને ૨૦ હજાર પગથિયાં હોય છે.
પહેલાં ૧૦ હજાર પગથિયાં, પછી ૫૦ ધનુષ સમતલ ભૂમિ,
પછી ૫૦૦૦ પગથિયાં, પછી ૫૦ ધનુષ સમતલ ભૂમિ, પછી
૫૦૦૦ પગથિયાં, પછી ૨૬૦૦ ધનુષનો મણિપીઠનો ચોતરો.
ત્યાંથી ભગવાનના સિંહાસન સુધી ૧૦ હજાર સોપાન.
પ્રત્યેક પગથિયું એક હાથનું હોય છે,
એટલે ભૂમિથી ૨ાા કોસ ઊંચું સમવસરણ હોય છે.
(૮) અશોકવૃક્ષ પ્રભુના શરીરથી ૧૨ ગુણું ઊંચું હોય છે.
તેની નીચે ૪ દિશામાં ૪ સિંહાસન અને ૩ છત્ર હોય છે.
પૂર્વ દિશા સન્મુખ પ્રભુ બેસે, ત્રણ દિશામાં પ્રતિરૂપ સ્થાપે.
(૯) પ્રત્યેક દરવાજા ઉપર ધ્વજ, છત્ર, ચામર, પુતળીઓ,
અષ્ટમંગલિક, માળાઓ, તોરણો, ધૂપઘટીકાદિ હોય છે.
૧૦૦૦ યોજન ઊંચો જે દંડ હોય છે,
એમાં ધ્વજપતાકાઓથી સુશોભિત ધર્મધ્વજ હોય છે,
તેને જિનધર્મના પ્રચાર માટે પ્રભુ નમે છે.

(૨૦) બાર પર્ષદા : મુનિ, વૈમાનિક દેવી, સાધ્વી, ત્રણે ત્રણ દેવનિકાયની દેવીઓ, ત્રણ દેવો, વૈમાનિક દેવ, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ - સમવસરણનો એ ક્રમ છે. તેની ચાર દિશા : અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન.

(૨૧) ગણધર, સામાન્ય કેવલી તથા મનઃપર્યવજ્ઞાની - એ ક્રમથી સર્વ મુનિઓ બેસે છે. સાધુ, સાધ્વી અને વૈમાનિક દેવી પૂર્વ દરવાજેથી પ્રવેશ કરી અગ્નિકોણમાં બેસે છે. ત્રણ નિકાયની દેવીઓ દક્ષિણ દરવાજેથી પ્રવેશ કરી નૈઋત્યકોણમાં બેસે છે, ત્રણ નિકાયના દેવો પશ્ચિમ દ્વારેથી પ્રવેશ કરી વાયવ્યકોણમાં અને વૈમાનિક દેવ, મનુષ્ય અને મનુષ્યની સ્ત્રીઓ ઉત્તરના દરવાજેથી પ્રવેશ કરી અગ્નિખૂણે બેસે. સ્વયં પ્રશમવાન હોવાથી અલ્પઋદ્ધિ, મહર્દ્ધિનો વિચાર કરી યોગ્યતા અનુસાર સ્થાન ઉપર બેસે છે. સમવસરણમાં રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અથવા માન-અપમાનનો ભય લેશમાત્ર રહેતો નથી.

(૨૨) તીર્થંકર પ્રભુ દેશના સમાપ્ત કરીને ઉત્તર દ્વારેથી નીકળી દેવ વડે ઈશાનકોણમાં રચિત દેવછંદામાં પધારે છે. બીજા પ્રહરે ગણધર મહારાજ પાદપીઠ ઉપર બિરાજમાન થઈ ઉપદેશ દે છે, જેનું સાધ્વી, દેવીઓ અને સ્ત્રીઓ ઊભા - ઊભા શ્રવણ કરે છે.

બીજા ગઢમાં તિર્યંચો રહે છે અને
ત્રીજા ગઢમાં રથ, પાલખી આદિ વાહનો રહે છે.
દરેક દિશાએ બે-બે વાવિકાઓ હોય છે.

(૨૩) પ્રથમ રત્નના ગઢના ચાર દરવાજે
અનેક દેવ આયુધ લઈને ઊભા રહે છે.
પૂર્વમાં વૈમાનિક નિકાયના દેવો સોમ-ધ્વજ લઈને,
દક્ષિણમાં વ્યંતર નિકાયના દેવો યમ-દંડ લઈને,
પશ્ચિમમાં જ્યોતિષ નિકાયના દેવો વરુણ-પાશ લઈને
અને ઉત્તરમાં ભવનપતિ નિકાયના ધનદ-કુબેરદેવ
ગદા લઈને રક્ષાર્થે ઊભા રહેતાં હોય છે.
બીજા ગઢના દરવાજાઓએ શ્વેત વર્ણવાળી જયા-
અરૂણ વર્ણવાળી વિજયા - પીત વર્ણવાળી અજિતા
અને નીલ વર્ણવાળી અપરાજિતા દેવીઓ અભય,
અંકુશ, પાશ અને મકરધ્વજ આયુધ સહિત હોય છે.
ત્રીજા ગઢમાં દરવાજા ઉપર તુંબરૂ, ખટ્વાંગ, કપાલિક
અને મુકુટધારી દેવો છડી લઈને ઊભા રહે છે.

(૨૪) ઇંદ્રની આજ્ઞાથી ૪ પ્રકારના દેવો સમવસરણ રચે છે.
મહર્દ્ધિક દેવ એકલો પણ સમવસરણ રચે છે અને
અલ્પર્દ્ધિક માટે ભજના છે.

જ્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય,
ત્યાં અવશ્ય સમવસરણ થાય છે અથવા
પૂર્વે ન થયું હોય ત્યાં, અધર્મનું સામ્રાજ્ય હોય ત્યાં,
પાખંડીઓની પ્રબળતા હોય ત્યાં તથા
ઇંદ્રાદિ દેવો અને મહર્દ્ધિક દેવો વંદનાર્થે આવે,
ત્યાં સમવસરણ રચાય છે, તેથી જૈન શાસનનો ઉદ્યોત,
સદ્ધર્મનો પ્રચાર અને મિથ્યાત્વનો નાશ થાય છે.
શેષ સમય પૃથ્વીપીઠ અને
સુવર્ણકમળની રચના અવશ્ય થાય છે.

o

અદ્ભુત આપણો સાધનાપથ ૐ તા. ૨૫-૮-૯૩

તીર્થંકર ભગવંતોએ અનંત કરુણા કરી
જે સાધનાપથ દર્શાવ્યો છે અને તે દ્વારા ઐકાન્તિકસુખનો
માર્ગ બતાવ્યો છે, તે બીજે ક્યાંય જોવા મળતો નથી.
સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસા, સ્યાદ્વાદદૃષ્ટિ, ઉત્તમોત્તમ આચાર-
વિચાર અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપની
સાધના જૈનદર્શનમાં દેખાય છે, તેવી આજે હિમાલયના
યોગીઓમાં અને કહેવાતા સર્વ સાધુ - સંતોમાં પણ
ભાગ્યે જ જોવા મળે છે. - A. V. Shah, ઋષિકેશ

'પ્રદક્ષિણા' અને 'ધ્યાન'નો સંબંધ

પ્રદક્ષિણા = Right hand path, Spiral.

જમણી બાજુએ ભગવાન, ડાબી બાજુએ વિશ્વ,

જગત તરફ પીઠ - પ્રભુ પ્રત્યે સન્મુખતા.

ગભારાના દ્વાર ઉપર ઊભા રહી દર્શન થતાં

'દર્શન' એ 'ધારણા' છે.

ધારણાનો અંત એ 'ધ્યાન' છે, જ્યાં

માત્ર ભગવાન અને ભક્ત છે, 'હું' અને 'તું' છે,

small 'i' અને whole I છે.

ધ્યાનમાં I - Thou relationship છે.

Flight of the alone to alone એ ધ્યાન છે.

ધ્યાનરૂપી 'ભાવ'ના ત્રણ 'dimensions'

ધ્યાનમાં દ્રવ્ય (object)થી દ્વૈત છે,

ક્ષેત્ર (Space)થી I - Thou વચ્ચે

બે આંગળીથી સહેજ ઓછું અંતર છે.

કાળ (time)થી બે ઘડીથી સહેજ ઓછું અર્થાત

અંતર્મુહૂર્તનું અંતર છે.

પ્રદક્ષિણાની spiral movement એ ધારણા -

ધ્યાન છે, જેને અંતે - પરે (beyond) સમાધિ છે.

'આપ ભજે જબ આપ કો, દુબિધા તબ મિટે;
સેવક - સાહિબ એક હૈ, કબ કો કિહાં ભેટે?' ...(૨)
અહીં ભક્ત - ભગવાન, સેવક - સાહિબ (હું - તું)
object છે, 'કબ' એટલે ક્યારે એ time છે,
'કિહાં' એટલે ક્યાં એ space છે.
object - space - timeથી beyondની સ્થિતિ
- એ પ્રદક્ષિણાનું સમ્યક્ ફળ છે.

o

સમાધિ = meditative absorption,
super - conscious state.
Liberation can be achieved neither by Yoga nor by Sankhya (Sankara). one perceives the entire cosmos in one's self, which is unity and perceives one's self in the manifestation of the Cosmic universe, which is multiplicity.

મારામાં સર્વ = અનેકમાં એક.
સર્વમાં હું = એકમાં અનેક.
ભુક્તિ - મુક્તિ = Enjoyment and Liberation.

## શ્રી જિનવચનોનો સાર - મર્મ

શ્રુતજ્ઞાનના સતત અભ્યાસ દ્વારા
પરપુદ્ગલ વસ્તુમાત્રની પ્રીતિ તજી આત્માના સહજ
સુખનો અનુભવ કરવો, એ જ શ્રી જિનવચનોનો સાર,
શાસ્ત્રોનું રહસ્ય, મોક્ષપ્રાપ્તિનો સહજ-સરળ ઉપાય છે.

શ્રુત દ્વારા જ્ઞાન, જ્ઞાન દ્વારા ધ્યાન અને
ધ્યાન દ્વારા આત્માનુભવ થાય છે.

મનને જેથી સુખ હોતું નથી, તેથી
કાયાને અને વચનને પણ સુખ ન હોય.

અનાચારથી મન સુખી થતું નથી, એ સ્વતઃ અનુભવાય છે,
તેથી વ્યવહારમાં અનીતિ, અન્યાય, અનાચાર ત્યાજ્ય છે.

શુદ્ધ આત્મસ્વરૂપનું લક્ષ્ય રાખી અહિંસાદિ સાધનોમાં
સતત ઉદ્યમ કરવો, એ જ શ્રી જિનશાસનનો મર્મ છે.

વ્યવહાર માર્ગરૂપી ઘોડા ઉપર બેસીને જ
મોક્ષમહેલના નજીક - આંગણા સુધી પહોંચી શકાય છે.
ક્ષપકશ્રેણિ આરોહણ વખતે તેની જરૂર નથી પણ
તેવા વિશુદ્ધ ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે
શુદ્ધ અનુષ્ઠાનોના સેવનની અગત્ય છે. ગુરુઓ પ્રત્યે
અનુરાગનું જ બીજું નામ ભક્તિ છે, જે મુક્તિનું બીજ છે.

આચાર અને તેના પાલન પ્રત્યે આદર - બહુમાનભાવ
- એ જ સાચો આરાધકભાવ છે.

આત્મામાં પરમાત્મભાવનું દર્શન થવું -
એ જ પ્રભુના સાક્ષાત્ દર્શન ગણાય છે, તેનો
ધ્યેયરૂપ પરમાત્માનું અભેદભાવે મિલન કહેવાય છે,
પછી રાગદ્વેષાદિ મલિન વૃત્તિઓને અંતઃકરણમાં પ્રવેશનો
અવકાશ રહેતો નથી, એ જ જીવન્મુક્તિ પદાર્થ છે.

કાયોત્સર્ગમાં યોગના આઠ અંગોનો સંગ્રહ

રાત્રિમાં ભાષ્યજાપ, જપમાં ઉપાંશુજાપ, ધ્યાનમાં માનસ
- જાપ અને લયમાં અજપાજાપની મુખ્યતા હોય છે.
કાયોત્સર્ગમાં માનસજાપ અને અજપાજાપ છે,
યમ - નિયમનું ઉત્કૃષ્ટ પાલન છે,
જિનમુદ્રા હોવાથી સ્થિર આસન છે,
શ્વાસોચ્છ્વાસનું માન હોવાથી પ્રાણાયામ છે,
ઇંદ્રિયોનો સર્વ વિષયોથી પ્રત્યાહાર થાય છે,
ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાપૂર્વક હોવાથી ધારણા તથા
ધ્યાન અંગનું પણ પાલન થાય છે અને ધ્યાનના
સતત અભ્યાસથી અનુભૂતિ રૂપ મહાસમાધિ પ્રકટે છે.
એ રીતે કાયોત્સર્ગમાં યોગના આઠ અંગોનો સંગ્રહ છે.

તીર્થંકર નામકર્મનો વિપાકોદય અનુભવનાર
તીર્થંકર પરમાત્મા (૧) અહો લોકના નાથ
(૨) અહો લોકના ઈશ્વર (૩) અહો લોકમાં પૂજનીય
(૪) અહો લોકમાં સ્તુત્ય (૫) અહો લોકમાં ધ્યેય
(૬) સર્વ દોષોથી મુક્ત (૭) સર્વ ગુણોથી પૂર્ણ
(૮) સમવસરણ સ્થિત ચતુર્મુખ ધર્મદેશના દેનારા,
ઉત્તમોત્તમ છે, પૂજ્યતમ છે.

તીર્થંકર પરમાત્મા અવ્યવહાર રાશિમાં હોય, ત્યારે ય
ગુણોમાં અન્ય જીવો કરતાં અધિક છે, ઢંકાયેલું રત્ન છે.
તીર્થંકર પરમાત્મા વ્યવહાર રાશિમાં આવે, ત્યારે
પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો ચિન્તામણિરત્ન થાય છે,
અપ્કાયમાં તીર્થજળરૂપે, તેઉકાયમાં યજ્ઞ કે મંગળદીપમાં,
વાઉકાયમાં વસંતના શીતળ, મૃદુ, સુગંધી પવનરૂપે જન્મે.
વનસ્પતિકાયમાં કલ્પવૃક્ષ, આમ્રવૃક્ષ, ઉત્તમ-ઔષધિરૂપે,
બેઈન્દ્રિયમાં દક્ષિણાવર્ત શંખરૂપે જન્મે તથા
તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્તમ ગજ - અશ્વરૂપે જન્મે.
એ રીતે સર્વ ગતિમાં ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરે છે
અને પ્રત્યેક ભવમાં પોતાના દેહાદિ વડે
ભવ્ય જીવોને સુખ - સમૃદ્ધિ આપે છે.

## તીર્થંકરનો ભવ - અંતિમ ભવ

(૧) તીર્થંકરના ભવમાં માતાના ઉદરમાં આવે, ત્યારે
તીર્થંકરની માતા ચૌદ મહાસ્વપ્નો જુએ છે.
પ્રભુ ગર્ભમાં જ ત્રણ જ્ઞાન સહિત હોય છે.
પ્રભુ માતાના ઉદરમાં આવે, ત્યારથી જ દેવો
પિતાના ઘરમાં ધન - ધાન્યાદિની સમૃદ્ધિ કરે છે.
માતાને ગર્ભની વેદના થતી નથી, ઉત્તમ દોહદો થાય છે
અને દયા - અનુકંપાદિ કરવાના પરિણામ થાય છે.
તીર્થંકરના પિતાને પ્રમોદ થાય છે,
પરરાજાઓ તેને પરાભવ કરી શકતા નથી, આરતા સારી
રીતે પ્રસરે છે, યશ - કીર્તિ વધે છે, વિપત્તિઓ ટળે છે.
(૨) પ્રભુના જન્મ સમયે સર્વ ગ્રહો ઉચ્ચસ્થાને હોય છે.
ચૌદ રાજલોકમાં સર્વત્ર પ્રકાશ ફેલાય છે,
સાતે નારકીના જીવોને પણ સુખ થાય છે.
દેવો રત્ન, સુવર્ણ, રૂપું, વસ્ત્ર આદિની વૃષ્ટિ કરે છે.
'જય જય' શબ્દની ઘોષણાથી આકાશ - પૃથ્વીતલને ભરી
દે છે. સુગંધી - શીતલ પવન વાય છે. સમુદ્રકલ્લોલો ઊંચા
ઉછળે છે, (૫૬) દિક્કુમારીઓ પ્રસૂતિકાર્ય કરે છે, ઇંદ્રાદિ
દેવો મેરૂપર્વતના શિખર પર લઈ જન્માભિષેક કરે છે.

પ્રભુના જન્મ વખતે વિશ્વ આનંદમય બને છે,
પરસ્પરના વૈરભાવ નાશ પામે છે, ડાકિની - શાકિની
પરાભવ કરતાં નથી, ઉપદ્રવો ઉત્પન્ન થતાં નથી,
સૂર્યાદિ ગ્રહો લોકોને શાંતિ કરે છે,
લોકોનાં મન પરસ્પર પ્રીતિવાળાં બને છે.
દૂધ, ઘી, તેલ, ઈક્ષુ વગેરેમાં રસની વૃદ્ધિ થાય છે,
વનસ્પતિમાં ફળ - ફૂલ વધે છે, ફૂલોમાં સુગંધ વધે છે,
ખાણોમાં સુવર્ણ - રત્નાદિ વધારે ઉત્પન્ન થાય છે,
નિધાનો, જે જમીનમાં ઊંડા હોય, તે ઉપર આવે છે,
મંત્રસિદ્ધિ અને વિદ્યાસિદ્ધિ સુલભ બને છે,
લોકોમાં સદ્બુદ્ધિ અને દયાનાં પરિણામ ઉત્પન્ન થાય છે,
અસત્ય, ચોરી, કુશીલની વૃત્તિ થતી નથી, કષાયો અને
પાપબુદ્ધિ અલ્પ થઈ જાય છે, સારાં કાર્ય કરવાની
બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ઈચ્છિત કાર્યોની સિદ્ધિ થાય છે,
ગુરુવાત્સલ્ય કરવાના પરિણામ થાય છે,
મહોત્સવો, મંગળ ગીતો અને ઘરેઘરે વધામણાં થાય છે.
જન્મ સમયે ચારે નિકાયના દેવો પ્રમુદિત થાય છે,
તેઓ શાશ્વત ચૈત્યોમાં મહોત્સવો કરે છે,
દેવો ધાવમાતાનું કામ કરે છે,

દેવી તથા જન્મેલ બાળકોને આભરણોથી શોભાવે છે,
વિવિધ પ્રકારની ક્રિયાઓ કરાવે છે તથા ભગવાનના
જમણા હાથના અંગૂઠામાં અમૃતનો સંચાર કરે છે.
(૩) બાલ્યાવસ્થામાં પ્રભુ ત્રણ જ્ઞાન સંયુક્ત હોય છે,
અપરિમિત બળ - પરાક્રમયુક્ત હોય છે,
ત્રણ લોકની રક્ષા કરવા સમર્થ હોય છે,
અભ્યાસ કર્યા વિના વિદ્વાન હોય છે અને
કળા શીખ્યા વિના સર્વ કળામાં કુશળ હોય છે. પ્રભુ
અલંકાર વિના શોભતા હોય છે, ચપળતારહિત હોય છે,
સ્વજન - પરજનને ઉપતાપરહિત હોય છે તથા
સર્વ વસ્તુનું જ્ઞાન હોવા છતાં અલ્પ ઇચ્છાવાળા હોય છે.
(૪) પ્રભુનો દેહ વ્યાધિરહિત અને મળરહિત હોય છે,
લોહી અને માંસ દૂધની ધારા જેવા શ્વેત હોય છે,
દેહ તથા શ્વાસોચ્છ્વાસ સુગંધી હોય છે અને
પ્રભુના આહાર - નિહાર ચર્મચક્ષુને અદૃશ્ય હોય છે.
આમ આ ચાર અતિશયો જન્મસિદ્ધ હોય છે.
(૫) પ્રભુનું રૂપ, સંસ્થાન સંઘયણ, બળ, સત્ત્વ, ગતિ
આદિ અનુપમ હોય છે અને બ્રહ્મલોકમાં વસનારા
લોકાંતિક દેવો પ્રભુને વિનંતિ કરે છે કે:

'હે ભગવન્ ! હવે અવસર થયો છે, તીર્થને પ્રવર્તાવો.'
લોકાંતિક દેવોના આ વાક્યથી સાવધાન થઈને
પ્રભુ સંવત્સરી દાન આપે છે તથા
'જેને જે જોઈએ તે માંગો' એવી ઉદ્ઘોષણા કરાવીને
છૂટે હાથે સુવર્ણ, મણિ, રત્ન, વસ્ત્ર, આભરણ, હાથી, ઘોડા
વગેરેનું મહાદાન આપે છે. ૧૨ માસ સુધી સતત દાન
આપવાથી પ્રભુનો કીર્તિપટહ સમગ્ર વિશ્વમાં વાગે છે.
(૬) ભગવાન સ્વયંસંબુદ્ધ થઈને સ્વહસ્તે જ દીક્ષાને
અંગીકાર કરવા પંચમુષ્ટી લોચ કરીને મોક્ષપ્રાપ્તિ માટે
બદ્ધકક્ષ, દશવિધ યતિધર્મના પાલનમાં તત્પર બને છે.
ત્યાર પછી દેવો નંદીશ્વર દ્વીપે જઈ ૮ દિનનો અટ્ઠાઈ
મહોત્સવ કરે છે. ભગવાન દીક્ષામાર્ગે પ્રાપ્ત થતાં સર્વ
પરિષહો - ઉપસર્ગોને શાંત ભાવે સહન કરે છે તથા
બાહ્યાંતર પરિગ્રહના ત્યાગી, નિર્ગ્રંથશિરોમણિ થઈ વિચરે છે.
મૈત્ર્યાદિ ભાવોના સ્થિરતાને પરિણામે ક્ષાન્ત્યાદિ ધર્મો,
ઔદાર્ય - ગાંભીર્ય - ધૈર્ય આદિ ગુણોનું પાલન કરે છે.
દયાળુતા, અનુદ્ધતતા, સદાચારિતા, મન - વચન - કાયાની
એકતા, સર્વજનહિતૈષિતા, જિતેન્દ્રિયતા, ગુણરાગિતા,
સમતા, નિર્ભયતા, નિર્દોષિતાદિ ગુણોની અપૂર્વ સિદ્ધિ કરે છે.

તેમના સમાન ગુણો ત્રણ લોકમાં કોઈના હોતાં નથી.
સંયમ અને તપના અંતે પ્રભુને કૈવલ્ય પ્રકટે છે.
(૭) ભગવાનને તીર્થંકર નામકર્મનો વિપાકોદય થાય છે.
વાયુકુમારો એક યોજન પ્રમાણ ભૂમિને સ્વચ્છ કરે છે,
મેઘકુમારો સુગંધી જલનું સિંચન કરે છે,
ઋતુકુમારો પંચવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરે છે, વ્યંતરો
યોજનપ્રમાણ ભૂમિમાં મણિરત્નસુવર્ણમય પીઠ બાંધે છે,
વૈમાનિક દેવો પ્રથમ રત્નનો ગઢ મણિકાંગરાથી અને
ધ્વજપતાકા - તોરણો - પુતળીઓથી શણગારે છે, તેના
ફરતો જ્યોતિષી દેવો રત્નમય કાંગરાઓવાળો સુવર્ણનો
મધ્ય ગઢ રચે છે. એની ફરતો સુવર્ણના કાંગરાઓવાળો
રૂપાનો ગઢ સર્વ ભવનપતિ દેવો કરે છે.
એવી રીતે તીર્થંકર નામકર્મના પ્રભાવે અન્ય દેવો
અશોકવૃક્ષ, રત્નમય પીઠ, દેવછંદ, સિંહાસનાદિ રચે છે.
પ્રભુ ચાલે ત્યારે સુવર્ણમય ૯ કમળની રચના કરે છે,
ચારેબાજુથી પ્રભુનું દર્શન થાય, તેથી તેમના ત્રણ રૂપો
બનાવે છે, ક્રોડો દેવોથી પરિવરેલા પ્રભુ પૂર્વ સન્મુખ
બેસી બારે પર્ષદાને ઉદ્દેશી ધર્મદેશના આપે છે. કૃતકૃત્ય
એવા પ્રભુ પણ પરોપકારાર્થે ધર્મતીર્થ સ્થાપે છે.

(૮) ૩૪ અતિશયોથી શોભતા, વચનના ૩૫ ગુણોથી યુક્ત, ૧૮ દોષોથી મુક્ત, અનંતવીર્ય-બળના ધણી, અહો જગતના નાથ તીર્થંકર પરમાત્માઓ અદ્વેષ, નીડર અને ધ્યેય છે.

તેઓ મિથ્યાત્વનો નાશ કરનારૂં તીર્થ સ્થાપે છે,
ધર્મનો મહિમા વધારે છે,
જ્ઞેય પદાર્થોને બતાવે છે, કુબોધને ભેદે છે,
ભવ્યજીવોના મનમાં પ્રીતિ અને પ્રમોદને ઉપજાવે છે.
પ્રભુ જીવનના અંતે ચાર અઘાતી કર્મોનો અંત કરે છે,
મોક્ષમાં અનંત - અવ્યાબાધ સુખના ભોક્તા થાય છે.
ઉત્તમોત્તમ પુરુષોનું આ લક્ષણ છે.

સિદ્ધગતિનગરીમાં અનંત કાળ સુધી નિજગુણોમાં રમણ કરે છે અને અનંત આસ્વાદને અનુભવે છે. એ રીતે પ્રભુના પંચકલ્યાણકો સર્વ જીવોને સુખના હેતુ થાય છે.

<u>સચ્ચિદાનંદ આત્મા માટે સ્વતંત્રતાનું મહત્ત્વ કેટલું?</u>

'નેત્રો માટે પ્રકાશ, ફેફસાં માટે વાયુ,
હૃદય માટે પ્યારનું જે મહત્ત્વ છે,
તેવું જ આત્મા માટે સ્વતંત્રતાનું મહત્ત્વ છે.'

o

યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમસ્તિ ।
<u>અર્થાત્</u>: સુખ પૂર્ણમાં છે, અલ્પમાં નહિ.

## તમારો સાચો જન્મદિવસ ક્યો ?

જેમ ગામમાં મંદિર અને ગૃહમાં તુલસ્થળ, તેમ દેહમાં હૃદયરૂપી આસનને વિષે પ્રભુને પધરાવ તેના નામ-ગાનથી સુસજ્જ રાખો. પ્રભુ તમારી અંદર જ છે. અજ્ઞાન, મોહ, અહંકારના આવરણોથી ઢંકાઈ ગયેલ એ પરમ ચૈતન્યને નિયમભક્તિ અને પ્રેમસભર નામસ્મરણથી જાગૃત કરો. 'તમે સૌ અમૃતપુત્રો છો, તમને સૌને પરમાત્મમિલનનો હક છે.'

જે ક્ષણે આ ભાવના જાગૃત થાય, તે ક્ષણ જ તમારે માટે પરમ-પવિત્ર નવજીવનની શરૂઆત છે, તે દિવસ જ તમારો સાચો જન્મદિવસ છે અને એજ આત્મસાક્ષાત્કારની ઘડી છે.

## શ્રદ્ધાની અનિવાર્યતા - તેનાં પાંચ સ્થાનો

(૧) કર્મના નિયમમાં શ્રદ્ધા - નૈતિક મૂલ્યોમાં વિશ્વાસ.
(૨) મૃત્યુ પછીના પુનર્જીવનમાં શ્રદ્ધા - Rebirth.
(૩) જીવમાત્રના જીવનની એકતા અને પવિત્રતા.
(૪) વિશ્વનિયમમાં શ્રદ્ધા - Cosmic Order and unity - sanctity of life.
(૫) પ્રકૃતિના અનુભવમાં શ્રદ્ધા - liberation.

## સ્વસ્વરૂપ કઈ રીતે જાણવું ?

સ્વસ્વરૂપ જાણવાનો એકમાત્ર માર્ગ એ છે કે
સર્વમાં રહેલાં દિવ્યાત્મા સાથે એકતા સાધવા અને
એમ કરવા માટે એકાગ્રતાની સહાય વડે
બાહ્ય અસરોમાંથી પોતાની જાતને મુક્ત રાખવી.
પોતાની જાતને ઓળખવાની અને પોતાના ઉપર
પ્રભુત્વ મેળવવાની કલા શીખવી, તે ઉત્તમોત્તમ કલા છે.
માનુષી ક્લેશોમાંથી મુક્ત થવાનો એકનો એક માર્ગ
પ્રભુનાં ચરણોમાં અંતઃકરણપૂર્વક સમર્પણ કરવું, તે છે.
શાંતિ હોવી જોઈએ અથાગ-અક્ષુબ્ધ-ગહન અને પ્રશાંત
તથા શ્રદ્ધા હોવી જોઈએ સદા પ્રવર્ધમાન.
જીવનનું લક્ષ્ય સુખ નહિ, પરન્તુ
પોતાનું કર્તવ્ય કરી છૂટવું તે હોવું જોઈએ તથા
આધ્યાત્મિક જીવનનું લક્ષ્ય પ્રભુપ્રાપ્તિ હોવું જોઈએ.

## પ્રભુને સમજવા શું આવશ્યક ?

પ્રભુને સમજવા હોય તો આપણી બધી પસંદગીઓ
અને પૂર્વગ્રહોને બાજુએ મૂકવા જોઈએ.

o

An iota of this great engineer is
planned & is never wrong.

## જિનેન્દ્રપૂજા - દેવપૂજા - પૂજ્યપૂજા

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥
देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ॥
पूज्यपूजा दया दानं तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च मर्त्यजन्म फलाष्टकम् ॥ (પરિશિષ્ટ-૩)

ગુરુની ઉપાસના અજ્ઞાનરૂપી અંધકાર ટાળી મનરૂપી હંસને પંચ પરમેષ્ઠિના ગુણરૂપી માનસરોવરમાં રમતું કરવા - ગુણી થવા માટે છે, ત્યાં વ્યક્તિરાગ અથવા દૃષ્ટિરાગ ન હોય પણ ગુણાનુરાગ હોય.

જયણા = જિનભક્તિની હિંસાદિ ત્યાગ, ભક્તિ કરતાં લેશ માત્ર પણ વધુ વિરાધના ન થાય, તેની કાળજી અને જે થાય, તેની પણ હૃદયમાં તીવ્ર વેદના.

પ્રકૃતિના આદેશને સાકાર કરવાનું સાધન 'યોગ' છે.
યોગ એ મનનો વ્યાયામ છે, ભોગ એ જડતાનું પ્રતીક છે.
યોગ વડે તે જડતા દૂર કરાય છે.

દીપક બોલતો નથી, માત્ર પ્રકાશ જ પાથરે છે.
ધર્મ વિષે પણ બોલશો નહિ, એને સહજ દેખાવા દો.

## સાધુરૂપી સુવર્ણના કષ - છેદ - તાપ - તાડન

(૧) કષ - વિશિષ્ટ લેશ્યા, લેશ્યાવિશુદ્ધિ.

(૨) છેદ - સહિષ્ણુતા.

(3) તાપ - અપકાર કરનાર પર પણ ઉપકાર - અનુકંપા.

(૪) તાડના - આપત્તિમાં પણ ચિત્તનું નિશ્ચલપણું.

આ સર્વ ગુણોથી સહિત સાધુપણું તે સાચા સોનારૂપ છે, બાકીનું બનાવટી અથવા કૃત્રિમ નામરૂપથી સાધુપણું છે.

## અભાગ્યની નિશાની કઈ?

જ્યારે કોઈ વસ્તુ સ્વાદુ ન હોય, છતાં સ્વાદુ લાગે, ત્યારે સમજી જાણવું કે એ અભાગ્યની નિશાની છે.

આજના દિલ કંપાવનારા યુગ સાથે ઈશ્વરનો સાચો વ્યક્તિગત અનુભવ કરવાની ચોક્કસ વ્યક્તિગત ક્રિયાઓ જાણીને તેને આચારમાં મૂકવાની જરૂર છે. આ માટે સાધુસંતો - જ્ઞાનીપુરુષોનો સંપર્ક રાખવો જોઈએ. સંસાર તથા જીવને સર્પ - નોળિયા જેવો સંબંધ છે. સંસારરૂપી સર્પ સંસારી એવા જીવોને ડસે છે, ત્યારે તેના ઝેરનું નિવારણ નોળવેલ સમાન સંતસમાગમ વડે થાય છે. સત્સંગ કરવાથી જ વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય છે અને વિવેકબુદ્ધિ વડે જ ભગવાન પ્રસન્ન થાય છે.

દીયતે જ્ઞાનસદ્ભાવઃ ક્ષીયતે પશુવાસના ।
દીક્ષામાત્રેણ મુક્તિઃ સ્યાદ્ ભક્તિમાત્રાત્ ગુરોઃ સદા ॥

આપણાથી ગુણે કરી જે મોટા હોય, તે સર્વને વિષે ગુરુભાવ રાખવો, તેમની પાસેથી જ્ઞાન મેળવવું. ગુરુ પ્રભુના આકારે હોય છે અને જેઓ પરમાત્માનાં ચરણોનો આશ્રય લે છે, તેઓ જન્મ - મરણનો અનંત મહાસાગર પાર કરી જાય છે - ભાગશો કદાપિ નહિ.

સૌથી શ્રેષ્ઠ ગુરુ કોણ ?

જીવનનું સાચું મહત્ત્વ આર્થિક નથી, પરન્તુ જીવનમાં મળતો આનંદ અને ઉત્સાહ છે, જે ગુરુ પાસેથી મળે છે.

સૌથી શ્રેષ્ઠ ગુરુ એ છે કે જે દૃષ્ટિદાતા છે.

શિષ્યની ગ્રહણશીલતા અને ગુરુની શક્તિ - પછી તે શબ્દની, દૃષ્ટિપાતની, સ્પર્શમાત્રની અથવા તો આલિંગનમાત્રની હો - તો મોટું કામ થઈ શકે છે.

'કલ્યાણમિત્ર' એ ગુરુની શ્રેષ્ઠ વ્યાખ્યા છે.

સૌથી શ્રેષ્ઠ વિદ્યા એ બ્રહ્મવિદ્યા છે.

એનાં ગૂઢ તત્ત્વો અનુભવીઓના મોઢે જ જાણી શકાય.

ગુરુમહિમાનું મુખ્ય કારણ આ છે.

ગુરુની શોધનો અર્થ છે : યોગ્ય શિષ્ય બનવું.

ગુરુ તથા દેવતાદિના પ્રભાવથી અનુગ્રહ મળે છે,
અનુગ્રહથી તત્ત્વચિન્તન સફળ થાય છે.
જેમના ઉપકારના બહુમાનથી ચિન્તામણિ અને મંત્રની
જેમ તેમનું માહાત્મ્ય હોવા છતાં આ સેવકને
અનુગ્રહ પ્રાપ્ત થાય છે. પદ્માસનાદિ વડે કાયનિરોધ
અને ગૌતમાદિ મહામુનિઓનું બહુમાન થાય છે,
તેમની જેમ ચેષ્ટા કરવાથી તેમનો વિનય કરાય છે.
તદ્ગત ચિત્ત વડે સમ્યગ્ ઉપયોગ થવાથી
તે ભાવોનું સ્પષ્ટ અવબોધન થાય છે.
ભાવોના સાકારોપયોગથી બધી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે
અને તેનો તદાકાર ઉપયોગ ઇષ્ટસિદ્ધિનું કારણ છે.

## ધર્મના વિલોપથી શું થાય ?

વ્યવહારધર્મના વિલોપથી કૃતજ્ઞતા-પરાર્થતાદિ ગુણોનો
લોપ થાય છે તથા નિશ્ચયધર્મના વિલોપથી
વિરક્તતા અને નિઃસ્પૃહતાદિ ગુણોનો લોપ થાય છે.
કૃતજ્ઞતાદિના અભાવથી સજ્જનતા અપ્રગટ બનાવે છે.
કર્મનું શુભાશુભ ફળ પ્રેમથી ભોગવવું અને
તે ભોગવતી વખતે હૃદયપૂર્વક ઈશ્વરસ્મરણ કરવું,
એથી દુઃખનો અનુભવ નહિવત્ બને છે.

દીન - દુઃખીની સેવા, દાન, અન્નદાન, વસ્ત્રદાન અને
સર્વ જીવોમાં પરમાત્મદર્શન - આ છે ધર્મતત્ત્વ.

જે સ્વયં પોતાને ઉપદેશ આપી શકે છે,
તે જ ઉન્નતિ કરી શકે છે.

જગતમાં કશાનો નાશ નથી, માત્ર ફેરબદલ થઈ શકે.

પ્રાર્થનાનો સ્વર મધુર લાગે,
ત્યારે ભક્ત સાક્ષિપણે છે, એમ સમજવું.

ચૈતન્યને કોઈ આકાર કે રૂપ નથી છતાં તે છે.
ચૈતન્ય ચેતન દીઠું નથી છતાં ચેતન ધબકે છે.

સાક્ષીને મન જાગૃતિ કે સ્વપ્ન કે સુષુપ્તિમાં કોઈ
ભેદ નથી, બધું સરખું છે, બધામાં એક જ ભાવ છે.

'જગતમાં કોઈ ચીજ સ્થિર રહેતી નથી'
એ વિચાર મોહનો પ્રતિપક્ષ છે.
'જગતમાં કોઈ ચીજ નાશ પામતી નથી'
એ વિચાર ક્ષોભને થવા દેતો નથી.

મોહ - ક્ષોભરહિત આત્મપરિણામ એ જ ધર્મ છે.

નિત્યના વિચારથી રાગ-દ્વેષ થતાં નથી,
અનિત્યતાના વિચારથી મોહ - માયા થતાં નથી.
વસ્તુસ્વભાવરૂપ ધર્મચિંતન રાગ દ્વેષ મોહનું વિરોધી છે.

## ગૌતમ ગણધરના નામનો અર્થ

ગૌતમમાં 'ગો' શબ્દ વાત્સલ્યસ્વરૂપક સમ્યગ્દર્શનવાચક

અને 'ત' શબ્દ એ જ્ઞાનવૃક્ષવાચક તથા

'મ' શબ્દ એ ચારિત્રવાચક છે.

સંપૂર્ણ કામધેનુ, કલ્પવૃક્ષ, અચિન્ત્ય ચિન્તામણિ ગૌતમ.
આ જગચ્ચિન્તામણિની પહેલી ગાથા ગૌતમ ગણધર કૃત છે
અને તે અષ્ટાપદતીર્થમાં રહેલાં ૨૪ જિનની સ્તુતિરૂપ છે.

## ઊનયોગ - અતિયોગ - વિપર્યાસદોષ

ઊનયોગ, અતિયોગ અને વિપર્યાસરૂપી ત્રણ દોષો
દૂર થયા પછી કેવળ સુખ અને સ્વસ્થતા જ છે.
વિશ્વરચના ખરાબ નથી પણ તેનું અજ્ઞાન અને
અતિયોગાદિ ખરાબ છે, તેથી તેને દૂર કરવા જોઈએ.
સૃષ્ટિ પોતે 'सत्यं, शिवं, सुन्दरम्, आनन्दम्' છે.
જિનદર્શન એ Science of conquering છે.
જિનેન્દ્ર એ Lord of the conquerers છે.
સંસારનું યથાસ્થિત દર્શન = જિનવાણી - નિસર્ગદર્શન.

નિસર્ગમાં તર્ક - વિતર્કને સ્થાન નથી.

વિશ્વ અપુરુષકૃત છે, તેથી
તેને જણાવનાર ૪ વેદો પણ 'અપૌરુષેય' કહેવાય છે.

## ૭ ચક્રો અને ૭ નગરીઓ

(૧) મૂલાધાર = દ્વારકા (૨) સ્વાધિષ્ઠાન = ઉજ્જૈન

(૩) મણિપુર = કાંચી (૪) અનાહત = વારાણસી

(૫) વિશુદ્ધિ = મથુરા (૬) આજ્ઞા = હરદ્વાર

(૭) સહસ્રાર ચક્ર = અયોધ્યા.

વરણા + અસિ = દેહાત્મભાવ.

ઈડા - પિંગલા - સુષુમ્ણા નાડી.

રાગ - દ્વેષ - સમતા.

પૂર્ણ અહિંસા - સમત્વ - સમાધિ.

૯ x ૯ = ૮૧, ૮ + ૧ = ૯ એ અદ્વૈત અંક છે.

વારાણસી = કાશી = સુષુમ્ણા નાડી.

આજ્ઞાચક્ર = ગુપ્તકાશી.

કાશીમાં મૃત્યુ થવા પછી વિશુદ્ધિ ક્ષેત્ર...

ગુપ્તકાશી = આજ્ઞાચક્રમાં અંતરાત્મભાવ.

ઉત્તરકાશી = સહસ્રાર = પરમાત્મભાવ.

### જગદાના પ્રભાવથી પ્રગટે ભાવ

હરદ્વારથી ઋષિકેશ તપેટી - ગંગાનો કિનારો -

મુનિ કી રેતી - માર્ગાનુસારિતા.

ઋષિકેશથી બદ્રીનાથના માર્ગે વિકસે નમસ્કાર ભાવ.

(૧) દેવપ્રયાગ = સવ્વસાહૂણં, આત્માની દિવ્યતા - દર્શન.
(૨) રુદ્રપ્રયાગ = ઉવજ્ઝાયાણં, કર્મની રુદ્રતા - જ્ઞાન.
(૩) કર્ણપ્રયાગ = આયરિયાણં, શાસ્ત્રયોગ - ચારિત્ર.
(૪) નંદપ્રયાગ = સિદ્ધાણં, સામર્થ્યયોગ દ્વારા આનંદપ્રાપ્તિ.
(૫) વિષ્ણુપ્રયાગ = અરિહંતાણં, વિશ્વવ્યાપી કરુણાભાવ.

{ ગંગોત્રી - પરાર્થકારિતા
  યમનોત્રી - કૃતજ્ઞતા } જળ - દ્રાવણ

(૬) બદરીનાથ = ચૂલિકા, કેવળીપ્રજ્ઞપ્ત ધર્મ.
ચાર ધામ = દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ.
૫ સંખ્યા પ્રકૃતિવાચક અને ૩ સંખ્યા ત્રિપદીવાચક છે.
(૧) કેદાર જતાં ગુપ્તકાશી (૨) ગંગોત્રી જતાં ઉત્તરકાશી
(૩) બદરી જતાં જ્યોતિર્મઠ - (જોષીમઠ).
હિમાલય = આધ્યાત્મિક મેરુ,
સર્વ સારભૂત વસ્તુઓનો ઢગલો - સમૂહ.

ત્રણ નદી અને રત્નત્રયી

દેવપ્રયાગમાં ત્રણ નદી : (૧) અલકનંદા = દર્શન
(૨) ગુપ્ત સરસ્વતી = જ્ઞાન (૩) ભાગીરથી = ચારિત્ર.
રુદ્રપ્રયાગમાં ત્રણ નદી : (૧) અલકનંદા = દર્શન
(૨) ગુપ્ત સરસ્વતી = જ્ઞાન (૩) મંદાકિની = ચારિત્ર.

## તીર્થદર્શન અને દર્શન - જ્ઞાન - ચારિત્ર

(૧) સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગીરનાર,
શત્રુંજી નદી નાહ્યો નહિ, એનો એળે ગયો અવતાર.

(૨) શત્રુંજી નદીમાં નાહીને, મુખ બાંધી મુખકોશ,
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ.

(૩) જગમાં તીરથ દો વડા,
શત્રુંજય - ગીરનાર = દર્શન અને જ્ઞાન.
એક ગઢ રાજુલ સમોસર્યા = ચારિત્ર.
એક ગઢ નેમકુમાર = ક્રિયા.

## Be humble and see.

'હે નમ્રતાના દેવ! તારી પોતાની નમ્રતા તું અમને આપ.'
આ પ્રાર્થના માત્ર નિત્ય - પ્રાતઃસ્મરણીય જ નહિ,
કિન્તુ નિત્ય - નિરંતર સ્મરણીય છે.

## 'નામ' ઉપરથી નમ્રતા અને નમસ્કાર

નામ શબ્દ 'નમ્' ધાતુ ઉપરથી બનેલો છે,
તેના ઉપરથી નમ્રતા અને નમસ્કાર પણ બને છે.
નમ્રતા વિના તત્ત્વશોધન તથા ચિત્તશોધન શક્ય નથી.
બધા આધ્યાત્મિક પુરુષો તથા વૈજ્ઞાનિકો નમ્ર હોય છે,
એની નમ્રતાના રૂપમાં ઉપાસના કરવી જોઈએ.

તત્ નમ ઇત્યુપાસીત, નમ્યન્તેઽસ્મૈ કામાઃ। - ઉપનિષદ્

જે એ રીતે ઉપાસના કરશે,

એની સામે બધી જ કામનાઓને ઝૂકવું પડશે અર્થાત્
એ સર્વથા નિર્વિકાર બનશે, ઇચ્છામાત્રથી મુક્ત થશે.
વેદમાં ઈશ્વરને નમ્રતાની મૂર્તિ તરીકે વર્ણવેલ છે.

નમ ઇત્ ઉગ્રં, નમ આ વિવાસે,
નમોદાધાર પૃથિવી ઉતદ્યામ્ । ઋગ્વેદ:

નમ્રતા જ ઊંચી છે, હું નમ્રતાની ઉપાસના કરું છું.
નમ્રતાએ પૃથ્વી અને સ્વર્ગને ધારણ કર્યાં છે.
નમ્રતા એ પરમેશ્વરનું જ એક નામ છે. જે નમ્ર છે,
તે ઈશ્વર છે, ઐશ્વર્યવાન - સમગ્ર ઐશ્વર્યનો સ્વામી છે.

સૌથી નમ્ર ઈશ્વર છે, કારણ કે
જે કોઈ - જે કાંઈ ઇચ્છે છે, તેને તે પૂરું પાડે છે.
નમ્ર = સહજમાં ઝૂકી જનાર કોઈ હોય, તો ઈશ્વર છે.

'નામ' શબ્દ એમ કહી રહ્યો છે કે:

નામસ્મરણ મારફત સૌથી પહેલી અને સૌથી વધારે
અપેક્ષા નમ્રતાપ્રાપ્તિની છે અને તે જ હોવી જોઈએ.
'નમ્રતામૂર્તિ' એવા ઈશ્વરની ઉપાસના કરવાથી
સર્વકામ, નિષ્કામ અને નિર્વિકાર બનાય છે.

ઈશ્વર એ નમ્રતાની મૂર્તિ છે.
નમ્રતા એ પરમેશ્વરનું બીજું નામ છે.
'નામ' શબ્દ જ નમ્રતાને કહી રહેલ છે.
જે નમ્ર અને સહેજે ઝૂકી જનાર હોય, તે જ ઈશ્વર છે.
જેને જે ઈચ્છે - તેને તે આપે,
એથી અધિક નમ્રતા બીજી કઈ હોઈ શકે?
નામ દ્વારા નમ્રતાની પ્રાપ્તિ અપેક્ષિત છે.
રામનામ એ આત્મશોધનની પ્રક્રિયા છે,
નહિ કે આત્માથી અત્યંત ભિન્ન એવા કોઈ
સર્વાધિકારી એવા પરમેશ્વરને રીઝવવાની.
નામ એ કેવળ શબ્દ નહિ પણ એક
પરમ સૂક્ષ્મ અને પરિપૂર્ણ વિચાર છે.
મરા - રામ - શબ્દ પણ અર્થવાળા હોય છે,
આ તો એક નિરર્થક શબ્દ - અક્ષરસમૂહ બન્યો.
એવો પણ એક મત છે કે:
'અર્થચિન્તનથી મંત્રશક્તિનો ઉદય થાય છે, તેથી
જપનો શબ્દ અર્થવાળો ન હોવો જોઈએ.
ભક્તિની ભૂખ નામજપ સ્વયં દૂર કરે છે.
નામ પોતે જ તારક છે.'

નામની સાથે ગુરુનું ચિન્તન કરવું જોઈએ,
એની સાથે આચાર પણ જોઈએ.

બધાં શાસ્ત્રોનો પાયો આચાર છે. આચારમાંથી ધર્મની ઉત્પત્તિ છે અને ધર્મના સ્વામી જ પરમેશ્વર છે. નામસ્મરણથી ગુરુચિન્તન અને સદાચારની પ્રેરણા મળે છે, વળી નામસ્મરણ સાધક પણ બને છે.

નામસ્મરણ બધા ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે.

વાણી એ બાહ્ય અને આંતરજગત વચ્ચે એક સેતુ કે કડી છે, જ્યાંથી બંને વચ્ચે આદાન - પ્રદાન થાય છે. એ દ્વારે ત્યાં ચોકી રાખવાથી અને એ સ્થાનને પવિત્ર રાખવાથી જીવનશુદ્ધિનું કાર્ય સુલભ બને છે. આમ આચાર, વિચાર, ઉચ્ચાર ત્રણેનું સ્વતંત્ર મહત્ત્વ છે.

નામ એ રત્નનો દીવો છે, જેને
જીભ રૂપી દેહલીના દ્વાર ઉપર મૂકવાથી ભીતર અને બહાર પ્રકાશ કરે છે. નામને કંઠથી હૃદય સુધી લઈ જવામાં નિરંતર જાપની ક્રિયા સહાયક બને છે. વાણીમાં ઉચ્ચરેલું નામ ક્રમશઃ હૃદય સુધી પહોંચે છે.

ભગવાન વાણી અને શબ્દથી પણ ઉપર છે,
તે સાક્ષાત્કારની ભાષા છે. 'શબ્દાતિગઃ શબ્દસહઃ ।'

મહાત્મા પોતાના દોષ નહિ દેખે, તો નમ્ર નહિ રહે.
નમ્રતા બધા ગુણોનો સરદાર છે.
સર્વશ્રેષ્ઠ ગુણ કોઈ હોય, તો તે નમ્રતાગુણ છે. અનંત
દોષ હો પણ સાથે નમ્રતા હોય તો તેનો બેડો પાર થશે;
અનેક ગુણ હોય પણ નમ્રતા નહિ હોય, તો તે ત્યાં
જ રહેશે. જો તે દોષ દેખે છે, તો નમ્રતા રહે છે.
શરીરમાં રોગ છે, તો ઔષધ અને તેનો બતાવનાર
વૈદ્ય તરફ નમ્રતા રહે છે, તેમ 'આત્મામાં દોષ છે'
એમ જો જાણી, તે તેને કાઢનાર ઉપાય તરફ અને
તે ઉપાયને બતાવનાર તરફ નમ્ર રહી શકે છે.
પહેલો ગુણ નમ્રતા એટલે કે સ્વદોષદર્શન.
જે દોષને જોઈ શકે છે, તે 'અક્રિયત્વ' જાણે છે.
આંખ સ્વદોષને સંઘરતી કે સ્વગુણને જોતી નથી પણ
પોતા સિવાય બાકી બધી વસ્તુઓને જુએ છે, તેમ
અક્રિયત્વતાની આંખ સૌના ગુણને જુએ છે, પોતાના
કદાપિ નહિ. આંખ જોવા માટે પોતાનું સ્થાન છોડતી નથી,
પોતામાં ચૈતન્ય પૂરું પાડનારના શરણે જ રહે છે,
ત્યાં રહીને જે દેખાય, તે જુએ છે પણ
જોવા માટે જોવાની વસ્તુનો સંગ કરવા જતી નથી, તેમ

સાચી મુક્તિ પણ આત્મશરણો જ રહે છે. આત્માનું શરણ છોડીને બહારની આશા કે આશ્રય કદી કરતાં નહિ.

નામજપથી ચિત્તશુદ્ધિ થાય છે અને
ચિત્તશુદ્ધિ માટે ક્ષમાપના એક સાધન છે,
નિઃસ્વાર્થ પ્રેમ એ બીજું સાધન છે,
મૈત્ર્યાદિ ભાવના એ ત્રીજું સાધન છે,
ઈશ્વરભાવના એ ચોથું સાધન છે અને
સંઘભાવના એ પાંચમું સાધન છે.

જ્યાં સંઘભાવ છે, ત્યાં ઈશ્વર સ્વયં આવીને વસે છે.

વ્યક્તિભાવમાંથી પરમેષ્ઠિભાવમાં
જવા માટે સમષ્ટિભાવ એ દ્વાર છે. સમષ્ટિભાવમાં
વ્યક્તિભાવનું વિસર્જન તો સહજ રીતે જ થાય છે.

નામ એ ભક્તને અસત્માંથી સત્માં,
અંધકારમાંથી પ્રકાશમાં અને મૃત્યુમાંથી અમૃત તરફ તો
લઈ જ જશે, તેનાથી પણ આગળ તેને બ્રહ્મ બનાવશે.

ઈશ્વરના નામમાં અગાધ શક્તિ રહેલી છે,
માટે બધી અવસ્થાઓમાં તેનું સ્મરણ કરો.
એથી આત્મબળ અને સદ્ગુણોમાં વધારો થશે.
પ્રભુનું નામ એ જીવનો સાર છે.

બાહુબાળોદ્ધ સર્વ વસ્તુઓમાં મુખ્ય બાહુબાળોદ્ધ
પ્રભુનું નામ છે. તે પ્રભુનું નામ હૃદયના પરમ
આકાશમાં છૂપાયેલું છે, તે એક જ અક્ષરનું છે અને
તે બધામાં રમી રહેલો રામ છે.

ૐ એ પરમેશ્વરનું નામ છે અને
પરમેશ્વર એ સર્વનો અંતર્યામી ભગવાન છે.
તે વિશ્વનંદન રામ વિશ્વરૂપ તથા વિશ્વાતીત પણ છે.
'સમગ્ર વિશ્વ હરિનામ છે' અર્થાત્
તે એક જ સર્વત્ર વિસ્તરેલો છે. 'હે પરમેશ્વર!
અમે મરણધર્મા છીએ અને તું અમૃતસ્વરૂપ છો.
અમે સાધના ઉત્કૃષ્ટ છીએ, તું મહાનારી સાધનમય છે.
અમે અલ્પ છીએ, તું ભૂમા - વિશાળ છે.'
આમનન = વિસ્તૃત મનન.

નામનું કેવળ ઉચ્ચારણ કરવાનું નહિ પણ
નામનું આમનન યા વિસ્તારપૂર્વક ચિન્તન કરવાનું છે,
પ્રભુના નામનું ચિન્તન એ કેવળ વાણીક્રિયારૂપ નહિ,
કિન્તુ તે અંતઃશોધનનું સાધન છે.
જે સત્ છે, તે ભૂરિ - વિશાળ છે,
જે અસત્ છે, તે અલ્પ છે - સંકુચિત છે.

સંયમનો સુવર્ણ માર્ગ અને
તેના આધાર રૂપ ભગવન્નામ વડે જે રીતે કામ થાય છે,
તે રીતે અને તેવા પ્રકારે બીજા કશાથી થતું નથી.

પરિશુદ્ધ સત્ત્વગુણનું લક્ષણ
મળ, રોગ અને વિકારરહિત હોય, તે ગણાય.
સત્ત્વસંશુદ્ધિ પછી ગુણાતીત અવસ્થા આવે, પહેલાં નહિ.
રોગમુક્તિ એટલે વિકારમુક્તિ.
સ્વસ્થ = આત્મનિષ્ઠ અને આત્મનિષ્ઠ = પરિપૂર્ણ.
સિદ્ધિ કૃત્રિમ છે, કિન્તુ શુદ્ધિ શાશ્વત ટકનારી વસ્તુ છે.
'નામ' વડે સિદ્ધિ નહિ પણ શુદ્ધિ મળે છે,
એ એનો ચમત્કાર છે.

પોતાને દેહથી ભિન્ન જાણવો, પ્રાણિમાત્રની સેવામાં
લાગી જવું અને વિશુદ્ધ ચિત્તથી ઈશ્વરસ્મરણ કરવું:
આ છે જીવનચર્યા, એને જ 'બ્રહ્મચર્ય' પણ કહે છે.

આર્ત = ભાવનાપ્રધાન,
જિજ્ઞાસુ = બુદ્ધિથી જાણવાની કોશિશ કરનારો,
અર્થાર્થી = સર્વભૂતહિતાર્થી - ચિત્તશુદ્ધિ તથા મનઃશાંતિ.
ગૌણ નામ = ગુણવાચક નામ. બાહ્ય દેખાવનું ગૌણ
મહત્ત્વ છે, ખરું મહત્ત્વ છે અંતરની ઉજ્જ્વળતાનું.

औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः ।

અર્થાત્: ડૉક્ટરને ભગવાન માનો,

દવાને ગંગાજળ માનો અથવા અંતિમ સમયે

અસાધ્ય વ્યાધિવાળા માટે આ વાક્ય છે, એમ સમજો.

નિસર્ગોપચાર બાહુબલવાળા તેનો

જલોપચાર અને સૂર્યકિરણોપચાર કરે છે.

'નિસર્ગોપચાર' એટલે યુક્તાહાર - વિહારાદિ બ્રહ્મચર્ય.

રોગરહિત થવાની ઇચ્છા એ એક પ્રકારે સ્વરૂપ

અવસ્થામાં રહેવાની ઇચ્છા છે અને મરણ વખતે

સ્મરણ તે 'આત્મા દેહાતીત છે' એવો વિશ્વાસ કેળવે છે.

રાગાદિનો વિષય સ્ત્રી આદિ - તેનું અશુચ્યાદિ સ્વરૂપ,

રોગ - જરા - મરણાદિ પરિણતિ, તેનો નરકાદિ વિપાક.

મૃત્યુ તમને જગાડે, તે પહેલાં જ તમે જાગી જાઓ,

કેમકે પાછળથી મૃત્યુ વખતે

'ઘણું જ મોડું થઈ ગયું' એમ કહેવું ન પડે.

ઘરડાંનો તિરસ્કાર ન કરશો.

ઘડપણ તમારી પાસે પણ આવવાનું જ છે.

મૃત્યુથી ભય કેવો? એ તો જીવનની સર્વોત્તમ ક્ષણ છે.

બધું નષ્ટ થઈ જાય, છતાં એક વસ્તુ બચે - ભવિષ્ય.

જીવન સનાતન છે, કેમકે તેનો અંત નથી. જીવંત
રહે, તે પ્રત્યેક વસ્તુ સદા ય જીવિત રહેવા જોઈએ.
જેને 'મૃત્યુ' કહી શકાય, એવું કાંઈ શક્ય જ નથી.
જીવન સદા અનેક રૂપાંતરોમાં પરિવર્તિત થયા કરે છે,
પરિવર્તનને જ આપણે
મૃત્યુનું રૂપ આપી દઈએ છીએ, કેમકે
તે આપણને જીવનના અવરોધ રૂપે અનુભવાય છે.
સાચું તો એ છે કે મૃત્યુ એ નૂતનીકરણની પ્રક્રિયા છે.
માણસ માણસને મારી શકે છે, પરન્તુ
પોતાના વિચારોને મારી શકતો નથી.
ખરું જોતાં તો માણસે પોતાના
ખરાબ વિચારોને મારવા જેટલા શૂર બનવું જોઈએ.
વિચારોની ભૂખથી માણસ કદી પણ તૃપ્ત થતો નથી.
વિચારની ગતિ વાયુ કરતાં અનેકગણી તેજ રહે છે.
માણસ આખા જગત ઉપર રાજ્ય કરી શકે,
એ બહુ આશ્ચર્ય જેવું નથી, પરંતુ
પોતાની જાત પર, પોતાની ઈચ્છાઓ ઉપર, પોતાના
વિચારો ઉપર રાજ કરવા જેટલો બળવાન બને,
એજ મહત્ આશ્ચર્ય છે.

## <u>વિચારો ઉપર વિજય કઈ રીતે મેળવવો?</u>

'સમજીએ ત્યાં નમસ્કાર' એ લોકોક્તિ છે, જ્યારે
'નમસ્કાર ત્યાં સમજીએ' એ લોકોત્તર સત્ય છે.
નમસ્કાર એટલે વિચારો ઉપરનો વિજય અને તેનો
ઉપાય સદ્‌વિચાર અર્થાત્ માત્ર સત્‌નો જ વિચાર.
વિચાર અનુસાર આચરણ કરનારને જતું જોવું ન પડે.

મગજમાં નકામા વિચારો ભરી રાખવા,
એ પણ એક પ્રકારે પરિગ્રહરૂપી પાપ જ છે.

સાચો મનુષ્ય તે છે કે જે
બીજાના સુખ ખાતર પોતાના સ્વાર્થ અને સુખ છોડે.

દુનિયામાં સમય એ કિંમતી છે.
ગયેલો સમય કદાપિ પાછો આવતો નથી.

માનવઅવતાર એજ શ્રેષ્ઠ અવતાર છે.

આપણું ઉત્થાન ત્યારે જ શક્ય બને,
કે જ્યારે આપણે આપણા વિચારોને
આપણે જ જાતે વિશુદ્ધ બનાવશે.

કોઈપણ સિદ્ધિના પરિણામનું માપ
તેને માટે કરેલા નિઃસ્વાર્થ પ્રયત્નો જ છે,
એવું સમજવાથી જ શક્ય બને.

જ્યારે આપણે આપણા સંજોગો સામે ફરિયાદ ન કરતાં
આપણી પ્રગતિ માટેના સહાયક સાધન તરીકે
તે સંજોગોનો ઉપયોગ કરીશું, ત્યારે જ આપણી
અંદર રહેલી શક્તિને આપણે અભિવ્યક્ત કરી શકીશું.
આમ કરવાથી આપણી સમક્ષ ખરેખર કોઈ તકલીફ
આવશે, ત્યારે પણ આપણે તે મુશ્કેલીને આવકારજનક
પરિસ્થિતિ ગણીશું અને તેમાંથી લાભ લેતાં શીખીશું.
આપણે આપણા વિષે ઓછો વિચાર કરવાનો અને
બીજા બધા વિષે વધુ વિચાર કરવાનો.
આપણી જાત પ્રત્યેના દયાભાવનાની સામે
બીજા પ્રત્યેની ફરજ માટે આપણા મનને કેળવવાનો
સતત અભ્યાસ કરીશું, ત્યારે જિંદગી યશસ્વી બનશે.
મનનો નિગ્રહ કરી શકે એવા સત્પુરુષો જ
ચિત્તવૃત્તિઓ ઉપર વિજય મેળવે છે.
જે મનુષ્ય પોતાની કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે
વૃત્તિઓને પ્રભુપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા રૂપી
અગ્નિમાં હોમી દે, તે જ વિશ્વપૂજ્ય બની શકે છે.
કોઈના પણ ભલામાં નિમિત્ત બનવા
જે હરપળે તત્પર રહેતાં હોય, તેનું નામ 'મહાપુરુષ'.

આત્માના મૌલિક ગુણોનો આવિર્ભાવ તે 'ધર્મ.'
દરેક ધર્મની આવિષ્કરણની પ્રક્રિયા ભિન્ન હોય છે,
તેમાં શ્રદ્ધા અને આચરણ મુખ્ય વસ્તુ છે.
ઇંદ્રિયોને પોષક હોય તે આસક્તિ અને
જીવનને પોષક હોય તે ભક્તિ.
ઇંદ્રિયોને પોષક સિનેમા, હોટલો, થિયેટરો, ક્લબો વગેરે છે
અને જીવનને પોષક અહીં સાધનો
દેવદર્શન, ધાર્મિક પ્રવચનો, પાઠશાળાઓ વગેરે છે.
વિષયનિવૃત્તિ, કામવિજય, કષાયપરિશુદ્ધિ - આમાં બધા
ઇંદ્રિયોનો સંયમ આવી જાય છે. પવન અને પાણીની
જેમ ભિક્ષા પણ જીવનધારણા માટે હોવું જોઈએ,
ક્ષણિક વાસનાની તૃપ્તિ માટે નહિ, પછી તે વાસના
બળવાન બનવાની કે ક્ષુધા મટાડવાની પણ નહિ,
માત્ર પ્રાણધારણાની જ હોય.
ક્રિયાતીત પણ એક શક્તિ છે, તે જ્ઞાનમય છે.
બળવાનની અહિંસામાં હિંસા કરતાં સો ગણી શક્તિ છે.
માનવના પગ જમીન પર, માથું આસમાનમાં રહેલું છે,
તે એમ સૂચવે છે કે માનવનો જન્મ
દેહાતીત થવા - પરમ જ્યોતિની પ્રાપ્તિ કરવા માટે છે.

## ખરો આંધળો કોણ?

જેને આંખે દેખાતું ન હોય, તે આંધળો નહિ પણ જેને
આંખો હોવા છતાં જેની આંખમાં કામ કે લોભ છે,
તે જ ખરો આંધળો છે.

बन्धो मोक्षश्च तृप्तिश्च चिन्तारोग्यक्षुधादयः ।
स्वेनैव वेद्या यज्ज्ञानं परेषां आनुमानिकम् ॥१॥

ક્ષુધા, તૃષા, ચિન્તા, રોગ વગેરે જે વ્યાધિ છે,
તેને માટે પોતાની જાતને જ પ્રમાણ મનાય,
બાકી તો માત્ર અનુમાન જ કરી શકે.

આપણે સ્નાન કર્યું કે નહિ, તેના ચિહ્ન
એ સ્વચ્છતા - પ્રસન્નતા - નિર્મળતા છે, તેમ
ધ્યાન કર્યું તેના ચિહ્ન પણ ઉત્સાહ આવ્યો કે નહિ,
ચિત્ત પ્રસન્ન થયું કે નહિ, તેના ઉપર છે.

પ્રશ્ન: ધ્યાનમાં એકાગ્રતા સધાતી નહિ કેમ?
ઉત્તર: ચિત્તમાં મેલ છે માટે.

શુદ્ધ ધ્યાન માટે ઉત્તમ સાધન છે: ચિત્તશુદ્ધિની સાધના.
ચિત્ત શુદ્ધ થઈ જાય તો ધ્યાનમાં એકાગ્રતા સધાશે.
ચિત્તની શુદ્ધિ વિના જો ધ્યાન સધાશે,
તો પણ દુનિયાને નુકસાન થશે.

ભગવાન સંતબાલાને

ચિત્તશુદ્ધિ વિના પણ ધ્યાન લાગે છે. આમ ચિત્તશુદ્ધિ વગરના ધ્યાનથી લાભ નહિ પણ અંતે નુકસાન છે.

ધ્યાન બે પ્રકાર: ઉત્તમોત્તમ અને તાત્વિક.

તેની અર્થભાવના આ છે કે:

નિશ્ચયથી સ્વસ્વરૂપનું ભાવન તે ઉત્તમોત્તમ અને

અનાહતમાં વિશ્રાંતિ તે તાત્વિક ધ્યાન છે.

સકલોચ્ચારરહિત નિષ્કલોચ્ચારરહિત અને

નિષ્કલોચ્ચારરહિત અનુચ્ચારતા,

મધ્યમાર્ગ ઉન્મુક્તતા, સંલગ્નતા અને અનાહત વિશ્રાંતિ.

સ્વરૂપ - સત્કારાદિથી ભાવ્યમાન સિદ્ધાંત પછી ચિંતન ચિત્તથી જ વિશિષ્ટ સ્થિરતાપૂર્વક અનુચિન્તન અને ધ્યાન વિજાતીયથી અસ્પૃષ્ટ સજાતીયવૃત્તિનો પ્રવાહ.

એનું પરમ ધ્યેય અભેદભાવ છે.

## 'સાંખ્ય', 'સંખ્યાન' અને આત્મજ્ઞાન

'સાંખ્ય' એટલે સંખ્યાશાસ્ત્ર. આત્મજ્ઞાન પણ સાંખ્ય છે. ચિત્તના દરેક વ્યાપારના સંખ્યાન કરવાં અર્થાત્ હિસાબ-પરીક્ષણ કરવાં. સાંખ્યદૃષ્ટિ આવિર્ભાવ-તિરોભાવરૂપ છે અને જૈનદૃષ્ટિ અથવા ન્યાયદૃષ્ટિ પરિણામપરક છે.

સ્થૂળ શરીરની આસક્તિ ઈશ્વરભક્તિની વિરોધી છે.
શારીરિક અમરતાની કલ્પના કોરી નાસ્તિકતા જ છે.
આત્માનું જ પરમ અને સ્વચ્છતમ રૂપ પરમેશ્વર છે.
ઈશ્વરભક્તિ = આત્મપ્રયત્નની પરાકાષ્ઠા. હૃદયશુદ્ધિ એ
ભિન્ન વસ્તુ નથી. ઈશ્વર પરમ સ્વચ્છતાનો આદર્શ છે,
તેથી તે આત્મશુદ્ધિના પ્રયત્નમાં સહાયક ન હોય, તો
નિષેધાત્મક - પશુ મલિનતા સાથે જ સંબંધ રહે છે.
દરેકે આત્માના પ્રયત્નને દયાયુક્ત અને વિશ્વરૂપ
એવા પરમાત્માની મદદ મળે છે, જેવી રીતે ફેફસાંના
પ્રયત્નને દુનિયામાં પ્રસરેલી હવાની મદદ મળે છે.

'પ્રભુ શરણું આપે છે' એનો અર્થ એ છે કે:
પ્રભુ સદ્બુદ્ધિ, સદ્વિવેક, તત્ત્વચિંતા, વિવિદિષા આપે છે.
તેઓ સંસારઅટવામાં અતિ પ્રબળ રાગાદિ વડે પીડિત
જીવોને આશ્વાસ સ્થાન બને છે.

પ્રભુની અષ્ટપ્રકારી પૂજા પંચભૌતિક છે. પંચભૌતિક
આ સમગ્ર સૃષ્ટિ વડે થતી પ્રભુભક્તિનું નામ અષ્ટ
દ્રવ્યથી થતી પૂજા છે. ભગવાન શરણું આપે છે,
તત્ત્વદૃષ્ટિ આપે છે તથા આત્માભિમુખ બનાવે છે.
તીર્થંકર નામકર્મની પુણ્યપ્રકૃતિના વિપાકોદયનું એ ફળ છે.

## તીર્થંકરોની વાણી અને મૌન વચ્ચે અભેદ

તીર્થંકરોની પાંત્રીસ અતિશયોયુક્ત વાણી વડે પ્રકાશિત ત્રિકોટિપરિશુદ્ધ ધર્મ જ વિશ્વને ધારણ કરે છે.

ઉચ્ચારેલો શબ્દ જેમ કોઈ વ્યક્તિમાં ગતિનો સંચાર કરે છે, તેમ અંતઃકરણમાં ઉતરેલો શબ્દ પણ વ્યક્તિ ઉપર ઊંડી અસર કરે છે.

એમ કહેવાય છે કે : સમર્થ વ્યક્તિઓનાં ચક્ષુઓમાં વાણી મૌન ધારણ કરીને બેઠી રહેલ છે, એમની દૃષ્ટિ જ સૌના ચિત્તને ઉચ્ચ - દિવ્ય વિચારોથી ભરી દે છે. તમે પ્રભુપ્રાર્થના કરો છો પણ શું તેમના નિયમોને અનુસરો છો? સ્વર્ગનાં દ્વાર તો હંમેશાં ખુલ્લાં જ છે પણ ત્યાં દાખલ થવા તમારું અભિમાન છોડી તદ્દન પાપરહિત થયા પછી કોઈને પણ દાખલ થઈ શકાય છે. પરમતત્ત્વ સાથે સંપૂર્ણ અનુસંધાન થઈ ગયા પછી વાણી અને મૌન વચ્ચેનો ભેદ ઓગળી જાય છે પછી વાણી અને મૌનની સમાન અસર ઉપજતી રહેલ છે. શબ્દ મૌનમાં લય પામે છે, ત્યારે તે પરાવાણી બની જાય છે.

ચિત્રં વટતરોર્મૂલે વૃદ્ધાઃ શિષ્યાઃ ગુરુર્યુવા ।
ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ ॥૧॥

- દક્ષિણામૂર્તિ (પરિશિષ્ટ-૪)

જ્ઞાનમાર્ગી કહે છે કે: આખે જે કાંઈ ચાલી રહ્યું છે,
તે સ્વપ્નવત્ છે, મિથ્યા છે.

કર્મમાર્ગી કહે છે કે: પરિસ્થિતિનું પરિણામ છે અને
કરે તેવું પામે, વાવે તેવું લણે.

ભક્તિમાર્ગી કહે છે કે: આ બધો ખેલ છે.
પરમેશ્વર અનેક રૂપ ધારણ કરી લીલા કરી રહ્યો છે.
તેને મન કષ્ટ પણ આનંદ - તાપ તપ થઈ જાય છે.

કષ્ટમાં પણ આનંદનો અનુભવ થાય,
એ ભક્તિમાર્ગની અપૂર્વ યુક્તિ છે.

એક માતા બાળક માટે કેટલો ત્યાગ કરે - કેટલું સહે,
છતાં એને લાગે એના મનમાં રાજીપો જ હોય છે.

ભક્તિમાર્ગનો સાર એ વાતમાં છે કે:
દિ' આખો જે જે વ્યક્તિ મળે, તેના વિષે સદા જ
અનુભવ થાય કે ભગવાનનું જ દર્શન થઈ રહ્યું છે.

ભાગવતમાં કહ્યું છે કે: નદી, પહાડ, પાણી -
જે કાંઈ દેખાય, તે બધાને હરિશરીર માનો.

સોનાના ઘાટ ગમે તે હોય પણ અંતે તે સોનું જ છે,
એમ ઈશ્વરતત્ત્વ ગ્રહણ કરવાનો અભ્યાસ થઈ જાય,
તો બધામાં ભગવાનનાં જાતજાતનાં રૂપ જોવા મળશે.

જ્ઞાનમાર્ગ અભાવાત્મક છે, ભક્તિમાર્ગ ભાવાત્મક છે.
અભાવ કે શૂન્ય ઉપર આરૂઢ થવું કઠણ છે,
ભાવ કે પૂર્ણ ઉપર આરૂઢ થવું કંઈક સરળ છે.
પૂર્ણમદઃ, પૂર્ણમિદં - એ માનવું સહેલું છે,
શૂન્યમદઃ, શૂન્યમિદં - અપેક્ષાએ કઠણ છે.
બંનેને બતાવવાનું ચિહ્ન એક જ છે અર્થાત્ બંને -
જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ એક જ મુકામે પહોંચે છે.
કર્મમાર્ગ પ્રકૃતિપરાયણ, જ્ઞાનમાર્ગ આત્મપરાયણ તથા
ભક્તિમાર્ગ પ્રભુપરાયણ છે.
ઈશ્વરને તમે નહિ માનતાં પણ ઈશ્વર તમને માને છે,
માટે ઈશ્વરથી બચવું અશક્ય છે.
સત્ય એટલે : છે, સત્, અસ્તિત્વ,
moral and eternal truth.
supreme truth is undefinable.
સત્યને પામવાનો ઉપાય સમત્વ છે.
સત્યમાં સમદર્શન છે - સમાધાન છે.
નમ્રતા, તટસ્થતા અને અનાગ્રહથી જ સત્ય શોધાય.
વૈજ્ઞાનિકોની તો સત્ય એ પાયાનો મૌલિક ગુણ છે.
આત્મપ્રાપ્તિ માટે સત્ય એ મહત્ત્વની વસ્તુ છે.

કેવળ વાણીનું સત્ય જ નહિ પણ મનસા, વાચા તથા
કર્મણા. સત્ય એ જ પરમેશ્વર સુધી પહોંચાડનાર છે.
Elementary = મૌલિક અસત્ય એ નૈતિક દોષ છે,
બાકીનાં બધાં અસત્ય એ વ્યાવહારિક દોષ છે.
બધાં જ પાપ શારીરિકની જેમ માનસિક રોગ છે.
બધાં દુર્ગુણોમાં અસત્ય સૌથી મોટો દુર્ગુણ અને
બધાં સદ્ગુણોમાં સત્ય એ સૌથી મોટો ગુણ છે.

અભય એ ગુણ છે, કેમકે
સત્યની રક્ષા માટે તે અનિવાર્ય છે.
સાધ્ય સત્ય છે, નિર્ભયતા એનું સાધન છે.
'પોતે ચિત્ત કરતાં જુદો છે' એ સત્ય છે,
ત્રિકાળાબાધ્ય વસ્તુ જ સત્ય હોઈ શકે.
વૃત્તિમાંથી સ્થિતિમાં જવું, એ સાધના છે.
યાવત્ ન વાક્ મનસિ, મનઃ પ્રાણે, પ્રાણસ્તેજસિ,
તેજઃ પરસ્યાં દેવતાયાં સમ્પદ્યતે, તાવત્ જાનાતિ ।

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાની નહિ. જ્ઞાની બુદ્ધિ
આત્માથી જુદી છે, તેથી તે આત્મા નહિ પણ બુદ્ધિ છે.
'આત્મા બુદ્ધિથી અલગ છે' એ જ્ઞાન
આપણી બુદ્ધિમાં સમત્વ લાવે છે.

દુઃખ દૂર થાય તો ચિત્ત પ્રસન્ન થાય એમ નથી, કિન્તુ ચિત્ત પ્રસન્ન થયે દુઃખ દૂર થાય, એ હકીકત સત્ય છે. ચિત્તની પ્રસન્નતા પરિસ્થિતિ, આર્થિક કે ભૌતિકના આધારે નહિ પણ આપણા પોતાના આધારે જ છે.

આત્મનિર્ભરતા એજ પ્રસન્નતા.

## અક્રિયા એ આત્માનો સહજ સ્વભાવ

આત્માનો સ્વભાવ અક્રિય છે, તેથી તે હિંસા નહિ કરે

અર્થાત્ અહિંસા જ એનો સહજ ધર્મ છે.

આત્મા કોઈ ચીજ સાથે જોડાયેલો નથી, તેથી અપરિગ્રહ વ્રત પણ આત્માનો સહજ સ્વભાવ છે.

એનો કોઈ ભોગ લઈ શકતો નથી.

અસત્ય બોલવામાં, ચોરી કરવામાં, પરિગ્રહ રાખવામાં ચિત્તની ઉપર જોર પડે છે, તેથી તે સહજ નથી. સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યાદિ સ્વભાવ છે, તેથી સહજ છે. હિંસા, જુઠાણું વગેરેમાં કેટલી તકલીફ ઉઠાવવી પડે છે!

આપણે જ્યારે વિષયાસક્તિમાં પડવું હોય,

ત્યારે કેટલું બધું આયોજન કરવું પડે છે,

પરંતુ એનાથી બચવા માટે કાંઈ જ કરવું પડતું નથી. આત્માનો સહજ સ્વભાવ ક્રિયા નહિ પણ અક્રિયા છે.

વ્રત-નિયમ અક્રિયાના માર્ગે લઈ જનારી સહજ ક્રિયા છે,
તેથી સત્ય, અહિંસા વગેરે વ્રત એ કાંઈ બંધન નથી.
આપણા મૂળ સ્વરૂપને એ બધું અનુકૂળ છે. એનાથી
જુદું કાંઈ કરવા જઈશું, તો વધારે તકલીફમાં પડીશું.
વ્રત ન લેવા, એ ઈંદ્રિયો અને મનની ગુલામી છે.
વ્રત એમાંથી - મનની ગુલામીમાંથી છૂટકારો કરાવે છે.
સત્તા ૩ પ્રકારે છે: પ્રાતિભાસિક, વ્યાવહારિક, પારમાર્થિક.
મનની ત્રણ ભૂમિકા: સ્વપ્ન, જાગૃત અને સુષુપ્તિ.
એ ત્રણના અનુભવો તે તે ભૂમિકાએ સત્ય જ છે.

'સત્યમેવ જયતે નાઽનૃતમ્ ।'

વિશાળ કલ્પના - ધ્યેયને સિદ્ધ કરવા સંયમનું આચરણ.
કલ્પના જેટલી વિશાળ, તેટલું તેને માટે તપસંયમ સરળ.
માતાનો સ્નેહ બાળક ઉપર વિશાળ હોવાથી તેના
જનન - પાલન માટેનું કષ્ટ અલ્પાતિઅલ્પ બને છે.

રામ એ સત્યમૂર્તિ છે, કૃષ્ણ એ પ્રેમમૂર્તિ છે
અને બુદ્ધ તથા મહાવીર એ કરુણામૂર્તિ છે.
બ્રહ્મ માટે ચર્ય એટલે આચરણ તે બ્રહ્મચર્ય.
બ્રહ્મચર્ય = પરમેશ્વરનો સાક્ષાત્ સૌથી મોટું ધ્યેય છે.
કોઈપણ ઉન્નત કલ્પનાને 'બ્રહ્મ' કહી શકાય.

બ્રહ્મદર્શન, આત્મસાક્ષાત્કાર એ જ માનવદેહનું તાત્પર્ય છે.
નરદેહ એક ટ્રસ્ટ છે,
એ દેહ મારફત ભગવાન અનેક વાતો કરવાની છે પણ
મુખ્ય વાત છે : બ્રહ્મદર્શનની, આત્મસાક્ષાત્કારની.
મેં અનેક ગ્રંથ લખ્યાં, અનેક ભાષણો કર્યાં, દાન -
દક્ષિણા અનેક કાર્ય કર્યાં પણ એ બધાના પરિણામ-
સ્વરૂપ હું આત્મસાક્ષાત્કારની નજીક પહોંચ્યો કે નહીં?
કે પછી ઉલ્ટાનો તારો અહંકાર વધ્યો?
જે કાંઈ કરીએ તેનો યશ ભગવાનને સમર્પિત કરીએ,
તો આપણા માથે કોઈ કરતાં કોઈ ભાર ન રહે.
જો આપણા તરફથી આટલું કરીએ,
તો બાકી બધી પૂર્તિ ભગવાન કરી દેશે.
આપણે સહુએ જે કાંઈ કરવાનું છે,
તે આ જ કરવાનું છે, બીજું બાદ રાખો.
નરસિંહ મહેતાએ કહ્યું છે, તે ન ભૂલો કે: 'હું કરું -
હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.'
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ લાભ,
પ્રભુ મેળવવા ગરજ ભગવાન.
ગરજ ઓળખવા ઘર વૈરાગ્ય, તે ઉપજવા પૂર્વિક ભાગ્ય.

## એક ગેરસમજણ કરીએ દૂર...

ડૉક્ટર વકીલને, વકીલ વેપારીને, વેપારી ન્યાયાધીશને તથા ન્યાયાધીશ પ્રોફેસરને બહુ સુખી છે, એમ માને છે. આ ગેરસમજણ - અજ્ઞાન - મનની બનાવટ - માયા છે. વાસ્તવમાં આ વિશ્વમાં કોઈ સુખી નથી, સાચું સુખ તો આત્મામાં છે. આત્મજ્ઞાન મેળવી આનંદિત બનો.

તિરસ્કારનો શુભેચ્છાથી - પ્રેમથી સામનો કરો.

અંતિમ ધ્યેય આત્મજ્ઞાન જ છે.

આત્મજ્ઞાન મેળવવા સેવા અને પ્રેમ કરો, પવિત્ર-તથા ઉદાર બનો, શ્રવણ - મનન કરી આત્મજ્ઞાન મેળવો.

જો આપણે ઈશ્વરવિમુખ હોઈએ, તો ય તે આપણને પ્યાર કરે છે, તો જો આપણે શ્રદ્ધા અને ભક્તિથી તેના તરફ વળીએ, તો આપણને શું ન કરે?

પ્રભુનો પ્રેમ મહાન છે, વિશાળ છે.

ઈશ્વરીય પ્રેમ હિમાલયથી પણ અધિક અને સાગરથી પણ ગંભીર છે - ઊંડો છે.

તમારું ચારિત્ર્ય સુધારો, અન્ય સાથે સારો વર્તાવ કરો. સહાનુભૂતિ, પ્રેમ, ઉદારતા, નમ્રતાદિ સદ્‌ગુણો અપનાવો તથા મધુર અને કોમળ વાણી બોલો.

પ્રભુપ્રેમ પામવા અહીંયા ઇચ્છાઓ અને
વિચારોનો નાશ કરી, વિસર્જન કરી, ઉદાર બનો તથા
ધ્યાનનું - મનનનું સાધન મેળવો.
સૌના ઉપર પ્રેમ રાખો પછી જેમ ઇચ્છો તેમ કરો.
'કોઈના ઉપર વેર રાખવું' એટલે...
આપણને વાગેલા ઘાને દુઃખતો રાખવો.
તારું કોઈ બગાડે, તો એ સ્વનું હિત સાધવા કરે છે.
આમ તારાં કરતાં પોતાનું હિત એ વધારે પસંદ કરે,
તો તેમાં એના ઉપર ક્રોધ કરવાનું કારણ શું છે?
દ્વેષ માટે હાથમાં તલવાર લેવા પડે છે, કિન્તુ
સ્નેહ - પ્રેમ માટે એક કોડીનું ય ખર્ચ નથી.
માત્ર દિલ સાફ કરવું પડે છે અને
એ માટે જે ત્યાગ જરૂરી હોય, તે કરવો પડે છે.

o

દસ લક્ષણવાળો ધર્મ ધારણ કરીએ

લોકાન્ ધરતિ યઃ સર્વાન્ આત્માનં ચાપિ શાશ્વતમ્ ।
યઃ સાક્ષાદાત્મરૂપોઽસૌ ધ્રિયતે ચ બુધૈઃ સદા ।
o ધારણાત્ ધર્મ ઇત્યાહુ ધર્મો ધારયતિ પ્રજાઃ ।
o ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।
ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥ (પરિશિષ્ટ-૫)

ભગવાન મફત મળે તો પણ કોઈ લેવા તૈયાર નથી,
કેમકે મફતની વસ્તુ રાખવા પણ ઘરમાં જગ્યા જોઈએ.
આજના માનવના મનરૂપી ઘરમાં
એટલો બધો વિચાર રૂપી સામાન ખડકાયો છે કે
તેમાં હવે ભગવાનને રાખવા જેટલી જગ્યા રહી નથી.
જે વસ્તુ સૌથી મહત્વવાન છે, તેને
તરછોડીને તુચ્છ વસ્તુ પોતાના મનરૂપી ઘરમાં ભરવા,
તે ઓછી અક્કલનું જ કામ ગણાય.
ભગવાન સ્નેહના ભૂખ્યા છે, તે સ્નેહ સુકાઈ જવાથી
ભગવાન સાથેનો આપણો સંબંધ અધૂરો બન્યો છે.
Friendship is only the path to peace.
Love all and hate none.
અંધશ્રદ્ધા = અંધકાર વિરુદ્ધ દર્શન.
અજ્ઞાન = અંધાપો વિરુદ્ધ જ્ઞાન.
અહંકાર = અવિવેકભર્યું આચરણ વિરુદ્ધ ચારિત્ર.
Re-ligion = ફરીથી બાંધનાર.
માનવના હૃદયને અનંત સત્તા સાથે બાંધનાર
સત્ વસ્તુ અર્થાત્ આત્માની એકતા એજ ધર્મ.
- Dr. Bhagwandas

મુનિજીવનની સમગ્ર સાધનાનો અંતર્ભાવ
શાંતરસની નીચેની વ્યાખ્યામાં થઈ જાય છે:

'વૈરાગ્યાદિવિભાવઃ શમાદ્યનુભાવો
ધૃત્યાદિવ્યભિચારી શમઃ શાન્તઃ ।'

વૈરાગ્યાદિ આલંબનવિભાવ છે અને
સત્સંગાદિ ઉદ્દીપનવિભાવ છે.

વૈરાગ્ય અને આદિ શબ્દથી સંસારભીરુતા, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન તથા વીતરાગ પુરુષોનું પરિશીલન લેવું.

સત્સંગ અને આદિ શબ્દથી

સત્પુરુષો, સદ્ગ્રન્થો, તેનું શ્રવણ - મનન, સત્તીર્થો, તેની યાત્રા તથા પૂજા આદિ ગ્રહણ કરવાં.

વૈરાગ્યાદિ શબ્દથી શાંતરસની ઉત્પત્તિ થાય છે અને સત્સંગાદિ શબ્દથી તેની અભિવૃદ્ધિ થાય છે. વૈરાગ્યાદિ અભ્યંતર અને સત્સંગાદિ બાહ્ય આલંબનો છે. વિષયો ઇંદ્રજાળ જેવા અને સમાગમો સ્વપ્નતુલ્ય છે. સંસાર એક નાટક છે, કર્મ એ કેદ છે, ભવ એ મુસાફરખાનું છે અને શરીર એ તો પાયખાનું છે. આ પ્રથમ છ ભાવના વૈરાગ્યભાવને પોષે છે, તેથી આલંબન અને ઉદ્દીપનવિભાવનું કાર્ય કરે છે અને

એ પછીની છ ભાવના અનુભવરૂપ બની
શરીરની ચેષ્ટાઓને પવિત્ર બનાવે છે.

ક્ષાન્ત્યાદિ દશ પ્રકારનો ધર્મ, તેનું જ્ઞાન, તેના ઉપરની શ્રદ્ધા તથા તે વડે થતો અશુભાશ્રવોનો નિરોધ, શુભાશ્રવોનું સેવન અને પ્રકૃતિકર્મનો ક્ષય-ક્ષયોપશમ ઇત્યાદિ ભાવનાઓ યમ-નિયમને પોષક બને છે.

ક્ષમાદિ ચાર ધર્મો નિયમરૂપ અને પાંચ વ્રતો યમરૂપ છે.

બાહ્ય તથા અભ્યંતર તપનું સેવન અનુક્રમે
આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને
ધારણા, ધ્યાન, સમાધિરૂપ બને છે.

ધૃતિ, મતિ, સ્મૃતિ, નિર્વેદ, સંવેગાદિ ભક્તિયાના ભાવો છે.

તે ભવ્યત્વભાવને પરિપક્વ કરવાના એક
મુખ્ય ઉપાયરૂપે અવશ્યપણે વિચારી શકાય છે.

<u>પ્રભુઆજ્ઞાને સંક્ષેપમાં કહેવી હોય તો:</u>

આશ્રવો સર્વથા હેય છે અને સંવરો ઉપાદેય છે.
એ વાક્યમાં સર્વસ્વ સાર આવી જાય છે.

મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય, પ્રમાદ આદિ સર્વ આશ્રવો છે, તે હેય છે અને સમ્યક્ત્વ, જ્ઞાન, વિરતિ, અકષાય, અપ્રમાદાદિ સંવરો ઉપાદેયસ્વરૂપ છે.

આસ્રવોની ભયાનકતા, બીભત્સતા, રૌદ્રતા અને
હાસ્યાસ્પદતાનો વિચાર એ દુષ્કૃતગર્હા રૂપ છે તથા
સંવરોની સુંદરતા અને સુખદાયકતાનો વિચાર-
એ સુકૃતાનુમોદના રૂપ છે.

પ્રભુની આજ્ઞાપાલન દ્વારા થતી શરણાગતિનો વિચાર એ નિર્ભયતાને વિકસાવે છે. કર્મની અચિન્ત્ય શક્તિનો વિચાર આસ્રવની હેયતાપોષક બને છે. ધર્મની અચિન્ત્ય શક્તિમયતાનો વિચાર સંવરોની ઉપાદેયતાને દૃઢ બનાવે છે તથા ધર્મને કરનાર, પાળનાર અને તેનું ફળ પ્રાપ્ત કરનાર અરિહંતાદિ પરમેષ્ઠિઓની અચિન્ત્ય શક્તિનો વિચાર શરણાગતિ ભાવને વિકસાવે છે. મતિ, સ્મૃતિ, ધૃતિ આદિ વડે થતો કર્મ, ધર્મ અને પ્રભુની અચિન્ત્ય શક્તિમયતાનો વિચાર વ્યભિચારી ભાવ રૂપ બનીને શમરસની ચર્વણા કરાવીને અંતે શાંતરસને પોષે છે. વૈરાગ્યાદિ વિભાવ એ જ્ઞાનગુણના સ્વરૂપનું ફળ છે. યમાદિ અનુભાવ એ ચારિત્રગુણના સ્વરૂપનું પરિણામ છે. ઇત્યાદિ વ્યભિચારિ ભાવ એ સમ્યગ્દર્શનગુણના સ્વરૂપનું ફળ છે. મતિ, સ્મૃતિ આદિ વડે જે વિચાર અર્થના પરિગ્રહણ કરવાવાળા છે, તેને સંકોચીને કર્મના,

ધર્મના અને પ્રભુના વિચારમાં, જે ત્રણેની અચિન્ત્ય
શક્તિમત્તાના વિચારમાં જોડવામાં આવે છે, ત્યારે
તેમાંથી દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને
પ્રભુની શરણાગતિના ભાવો ઉત્પન્ન થાય છે.
એ રીતે સમ્યગ્દર્શન - જ્ઞાન અને ચારિત્રગુણોના
સમ્યગ્ વિકાસના ફળરૂપે જ તૃષ્ણાક્ષયરૂપ શમભાવ
ચર્વણાને પ્રાપ્ત થાય છે અને તેમાંથી શાંતરસનો
અનુભવ થાય છે. શમરસ, શાંતરસ, ઉપશમરસ -
એ બધા સમાર્થક શબ્દો છે અને તે વિષય-કષાયના
વિપાક - કટુતાના વિચારમાંથી ઉત્પન્ન થાય છે.
શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યાદિ
સમ્યગ્દર્શનગુણની અભિવ્યક્તિ કરે છે,
સમ્યગ્જ્ઞાન વડે તે પરિપુષ્ટ થાય છે અને
સમ્યક્ચારિત્ર દ્વારા તે જીવનમાં ઉતરે છે, વળી
મન - વચન - કાયાની ચેષ્ટાઓ શુદ્ધ બને છે.
કર્મના નિયમનો વિચાર દુષ્કૃતગર્હા કરાવે છે,
ધર્મના ફળનો વિચાર સુકૃતાનુમોદનને વિકસાવે છે
અને પ્રભુની અચિન્ત્ય શક્તિનો વિચાર
એ શરણાગતિનો ભાવ વિકસાવે છે.

'अरि + हंताणं |' ધર્મકાર્ય - 'साम |' - ભક્તિ.
'अरिहं + ताणं |' કર્મકાર્ય - 'सम |' - વૈરાગ્ય.
'अरिहंत + आणं |' તત્ત્વકાર્ય - 'समम |' - જ્ઞાન.

ધર્મના કાર્યોથી આ વિશ્વ ભાવરસથી ભરપૂર છે, કર્મના કાર્યોથી તે વિસંવાદકારક અદ્ભુતરસથી ભરપૂર છે,
સ્નેહ, પ્રેમ, વાત્સલ્ય અને કરુણાના કાર્યોથી
આ વિશ્વ ભક્તિરસથી સભર - સભર છે તથા
દુઃખદ કરુણ ઘટનાના કાર્યોથી
આ વિશ્વ કરુણારસ ઉત્પન્ન કરે છે.

સત્પુરુષોમાં કરુણાનું ઉત્કૃષ્ટ દુઃખ છે, વાત્સલ્ય-પ્રેમનું ઉત્કૃષ્ટ ભય છે - ક્રોધનું ઉત્કૃષ્ટ રૌદ્રતા છે.

દાન, દયા, સ્નેહાદિ સદ્ગુણોને વિકસાવનાર
અજ્ઞાન, અવિરતિ, કષાય, પ્રમાદાદિનું અસ્તિત્વ છે.
પરસ્પર વિરુદ્ધ ભાવોથી ભરેલું વિશ્વ છે.

ભવને ભગાડે તે ભગવાન.
ભવના ભવને ભગાડે તે તીર્થંકર ભગવાન.
આ લોકના ભવને ભગાડે તે માતા - પિતા,
અતિથિ - અભ્યાગત, રાજા કે રાજ્ય કર્મચારી, તે બધુ ભગવાન કે તીર્થ સમાન મનાય, તેમાં નવાઈ નહિ.

તીર્થોના રમણીય શાંત વાતાવરણમાં ચિન્તન - મનન - પ્રભુભક્તિ અને ધ્યાનના ઊંડા સાગરમાં ડૂબકીઓ લગાવવાની જે મજા આવે છે, તે અવર્ણ્ય હોય છે.

આ જિનશાસન ખરેખર અદ્ભૂત છે!

વીતરાગ, સર્વજ્ઞ, કરુણાસિન્ધુ અને
અચિન્ત્યશક્તિસંપન્ન પરમાત્મા આ જિનેશ્વરદેવ તથા
એમણે બતાવેલા અનેકાન્તમય વિચારપદ્ધતિ,
સ્યાદ્વાદમય ભાષાપદ્ધતિ અને નિશ્ચય - વ્યવહાર,
જ્ઞાન - ક્રિયા તથા ઉત્સર્ગ - અપવાદમય
શુદ્ધ ધર્મની સાધનાપદ્ધતિ અદ્ભૂત છે.
જે એને જાણે છે, સમજે છે, સ્વીકારે છે,
તેનું જીવન ધન્ય બની જાય છે.

નિર્મલકુમારજી કહે છે કે:

શાંતિ માટેની ઝંખના, સંપત્તિ અને વિજ્ઞાનની દોટથી સિદ્ધ નહિ થવાની પણ મનુષ્ય જ્યારે ધ્યાનયોગ દ્વારા સ્વસ્વરૂપમાં સ્થિર થશે, ત્યારે તે પોતાને દિવ્ય આનંદના મહાસાગરમાં તરતો દેખશે. જીવનમાં શાંતિ જોઈએ તો જે નથી, તેના બદલે જે છે, તેને જુઓ, પછી જીંદગી રસાળ અને ભરી - ભરેલી દેખાશે.

વિપશ્યના ૪૬ અષ્ટપદ ઉપર રચાયેલા છે અને વ્યવહાર ધર્મને પોતે ધક્કો પહોંચાડે એવા છે. અહીં વ્યવહાર ધર્મ એટલે નિશ્ચયસાપેક્ષ અને ધ્યેયલક્ષી શુદ્ધ વ્યવહાર ધર્મ સમજવો કે જે ભિન્ન - ભિન્ન ભૂમિકાના સાધક જીવોની દૃષ્ટિએ બતાવેલો હોય છે. અધિકારી સાધકોને માટે તો આ એક અત્યંત સરળ, સચોટ, નિર્દોષ અને વ્યવસ્થિત વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

યોગઃ कर्मसु कौशलम् ।

ફૂલ ઉગે છે, કારણકે એને ખીલવાનું છે.

ખીલવું - એ એનો સહજ ધર્મ છે.

સ્વ - અર્થ માટે નહિ પણ સ્વધર્મ માટે જે કર્મ થાય,

તે કુશળ કર્મ છે, તે પુણ્ય કર્મ છે.

કુશળ કર્મને ગીતામાં 'યોગ' કહેલ છે.

જે પાપ કરે છે, તે પુણ્ય કરતો નથી અને જે પુણ્ય કરે છે, તે પાપ કરતો નથી. પાપ ન કરવું, તે જેમ પુણ્ય છે, તેમ પુણ્ય ન કરવું, તે પાપ છે.

પાપ અને પુણ્યના કર્મો પરસ્પર અનુવિદ્ધ છે.

અનુચિત કર્મ કરવું, તે જેમ પાપ છે,

તેમ ઉચિત કર્મને ન કરવું, તે પણ પાપ જ છે.

પોષ વ - ૧૦, ૨૦૬૩ (મુંબાઈ, ભાયખળા)

પત્રનો ઉત્તર

ઊંચામાં ઊંચુ કર્મનિર્જરાનું સાધન એટલે
ભગવાનની આજ્ઞાને અનુસરતી ધર્મક્રિયા છે.
સદા ભાવ સતત રહે છે કે એ સાધનની સેવા જ્યાં
સુધી થઈ શકે, ત્યાં સુધી કરવી. એ સિવાય બીજું
નિર્જરાનું જોરદાર સાધન આજે આપણી પાસે નથી.
આ સાધનની સેવા માટે સતત સુંદર વિચારણાઓ
બની જ રહે છે, એ પણ એક સુંદરમાં સુંદર સાધના છે.

તમે તમારી અનુભૂતિ મુજબની
જે ભાવના દર્શાવી, તે બરાબર છે. એમાં તમારી
સુંદર ભાવના જ કાર્ય કરી રહી છે, એમાં કોઈ શક નથી.
તમે પણ જે આરાધનામાં આનંદ રહે, તે આરાધનામાં
તલ્લીન રહી ખૂબ ખૂબ સ્વપર હિત સાધો,
એજ એકની એક અભિલાષા. - ગુરૂ મહારાજ

o શ્રી જિનોક્ત ધર્મનો પાયો 'ભૂતમૈત્રી' છે.
અષ્ટગ્રહની યુતિથી પ્રારંભ થએલ મનુષ્યજાતનો
વિનાશ વેગ પકડતો જાય છે, તેમાં ભસ્મગ્રહ ભળવાથી
શ્રી જિનશાસનના મૂળભૂત ભાવોનો વિનાશ સર્જી રહ્યો છે.

પોષ વદી - ૧૪, સોમવાર, ઝુણાવા (રાજસ્થાન)

'મિત્તી મે સવ્વ ભૂએસુ |'ના પાયા ઉપર મુક્તિમાર્ગના અસંખ્ય યોગો ટકી રહ્યા છે. અસંખ્ય યોગોમાં એકેય યોગ એવો નથી કે જેના પાયામાં જીવમૈત્રી ન રહેલ હોય છતાં મોક્ષનું કારણ બની શકે.

બંધન જીવને છે અને તે બંધનમાંથી જીવને મુક્ત કરવા માટે આ જિનશાસન છે, તેથી જિનેશ્વરોની આજ્ઞાને સંક્ષેપથી સમજવા માટે કલિકાલસર્વજ્ઞ આ હેમચંદ્રસૂરિજી એક શ્લોક અને એક જ વાક્યમાં નીચે મુજબ જણાવે છે કે:

आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ।
आस्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ॥१॥

आस्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।

અર્થાત્: મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ આશ્રવો ભવના હેતુ છે અને સમ્યક્ત્વ, વિરતિ, અકષાયાદિ મોક્ષના હેતુ છે.

वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परं ।
आज्ञाराद्धा - विराद्धा च शिवाय च भवाय च ॥१॥

તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞા ઉત્કૃષ્ટ છે. આરાધેલી તે આજ્ઞા મોક્ષ માટે અને વિરાધેલી સંસાર માટે થાય છે.

અણુસોઓ સંસારો, પડિસોઓ તસ્સુત્તારો | અર્થાત્:
ઇચ્છાને અનુસરવું તે સંસાર છે અને
આજ્ઞાને અનુસરવું તે મોક્ષ છે, સંસારનો નિસ્તાર છે.
ઇચ્છા એ રોગ છે, આજ્ઞા એ ઔષધ છે.
ઇચ્છામાં સર્વ જીવોની બાદબાકી છે,
આજ્ઞામાં સર્વ જીવોનો સરવાળો છે.

મોક્ષમાં જતા આડે આવતાં તેર કાઠિયા

(૧) આળસ (૨) મોહ (૩) અવિનય (૪) અભિમાન
(૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક
(૧૦) અજ્ઞાન (૧૧) વિકથા (૧૨) કૌતુક (૧૩) વિષય.

દરેક મૂર્ખને તેનાથી વધારે મૂર્ખ
પોતાની પ્રશંસા માટે મળી જ રહે છે. આત્માની
શોધ સિવાય બાકી કોઈ શોધ વખાણવા યોગ્ય નથી.

આગ એ જેમ સોનાની કસોટી છે,
તેમ દુઃખ એ માનવની કસોટી છે,
શ્રદ્ધા જ જીવનની મૂળ શક્તિ છે.
જે બહુ બોલે છે, તે ઓછું વિચારે છે.
માનવતાનો નાશ વધારે કાંઈ નહિ પણ
જીવનમાં રહેલી અનિયમિતતાનું કારણ છે.

સાચું સુખ શેમાં ?

સુખ ત્યાગમાં છે, ભોગમાં નહિ.
સુખ સંતોષમાં છે, લોભમાં નહિ.
સુખ ક્ષમામાં છે, ક્રોધમાં નહિ.
સુખ સરળતામાં છે, કપટક્રિયામાં નહિ.

દુઃખના ડુંગરો તૂટી પડ્યા હોય છતાં ભલા
કોઈની પાસે મદદ ન માંગવી, તેનું નામ છે સ્વમાન.
સુખભોગો દુઃખોથી દૂર લાગે, તો સાચું સુખ ન મળે.
પાંચે ઇંદ્રિયોના સુખની પાછળ જ ફાંફાં મારવાથી
વિવેક અને કૃતજ્ઞતા બંને નાશ પામે છે.
નિષ્કામભાવે પ્રભુપ્રીત્યર્થે કરેલું દાન જ શ્રેષ્ઠ છે.

એક હિન્દી કવિ કહે છે કે:

મેરો મન સકલ સુખો પર ધાવે,
કોઈ સુખ હાથ ન આવે!
સાચો સુખ તો દુઃખ કે ભીતર હૈ,
કોઈ ઈસે કબ સમજાવે ? ...(૧)

○

Points means minus
height, length and breadth.
ત્રિપરિમાણરહિત હોય, તે બિન્દુ.

The aim of life is not to conquer space & time but to transcend the both. Samayik is the Cosmic transport to transcend finitude of time & space. To be is the greatest power than any kind of becoming. Navkar is the infallible constitution & Samayik is its chief instrument of Soverig Rule over Cosmic Order.

## આત્મવિજય એ શ્રેષ્ઠ વિજય

અપ્પા ચેવ દમેયવ્વો અપ્પા હુ ખલુ દુદ્દમો ।
અપ્પા દંતો સુહી હોઇ અસ્સિં લોએ પરત્થ ય ॥૧॥
ઉવસમેણ હણે કોહં માણં મદ્દવયા જિણે ।
માયં અજ્જવભાવેણ લોહં સંતોસઓ જિણે ॥૨॥
જો સહસ્સં સહસ્સાણં સંગામે દુજ્જએ જિણે ।
એગં જિણેજ્જ અપ્પાણં એસ સે પરમો જઓ ॥૩॥
અપ્પાણમેવ જુજ્ઝાહિ કિં જુજ્ઝાદ બજ્ઝઓ ।
અપ્પણાચેવ અપ્પાણં જઇત્તા સુહમેહએ ॥૪॥

(પરિશિષ્ટ-૬)

## આપણા ખરાં શત્રુઓ કોણ ?

શત્રુ બહાર નહિ પણ અંદર છે, તેને ઓળખો અને તેના ઉપર વિજય મેળવો, એ પ્રભુ મહાવીરનો સંદેશ છે. વિભાવો એ જ શત્રુઓ છે, આત્માના ગુણો વડે તેનો વિજય કરવો, એજ મુક્તિનો માર્ગ છે. ભાવશત્રુઓને ઓળખી એ શત્રુઓ ઉપર વિજયને પ્રાપ્ત કરવો, એ જ સાચી શૂરતા અને વીરતા છે.

'પ્રથમે દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ.' ...(૧)

દેહ એ ધર્મનું સાધન છે, એ દૃષ્ટિએ તેના રક્ષણ માટેનો પ્રયત્ન પણ ધર્મ માટે જ થાય છે. બુદ્ધિના આઠ ગુણો વડે વિવેકની પ્રાપ્તિ થાય છે.

सदा सदाचारपरायणात्मनां
विवेकधाराशतधौतचेतसाम् ।
जिनोदितं पण्डितमृत्युमीयुषां
न शोचनीयं मरणं महात्मनाम् ॥१॥

અર્થાત્: હંમેશા સદાચારમાં પરાયણ, વિવેકની સેંકડો ધારાથી નિર્મળ ચિત્તવાળા, ભગવાને કહેલા પંડિત મૃત્યુને પામેલા મહાત્માઓનું મરણ એ શોક કરવા લાયક નથી.

સંકલ્પશક્તિ માટે કેદારનાથજી કહે છે કે:
આપણી કલ્પનામાં શરીર ઉપર પણ અસર કરવાની
એક પ્રકારની જાદુઈ શક્તિ રહેલી છે, કિન્તુ
આપણી સંકલ્પશક્તિ એ જ મહીંની સાચી શક્તિ છે.
આપણાં દૃઢ સંકલ્પો અજાણતાં આપણું જીવન ઘડે છે.
સંકલ્પોને બળવાન બનાવવા માટે ઈશ્વર સ્તવન,
સંકીર્તન, સ્મરણાદિની અત્યંત જરૂર છે,
તેથી અયોગ્ય સંસ્કારોનું બળ ઓછું થાય છે અને
ઉન્નતિનો માર્ગ સરલ બને છે.
એ માટે સ્વાધીનસાધન પ્રભુસ્તવન છે.

૦ અહિંસામય આચરણનો પાયો આત્મૌપમ્યની ભાવના
યા સહાનુભૂતિભરી સંવેદનશીલતા, કરુણાનો ભાવ છે.
બીજાના સુખ માટે અને બીજાનું દુઃખ દૂર કરવા માટે
પોતાના તન - મન - ધનનો સદુપયોગ કરવો અને
એમ કરીને અવશ્યપણે રાજી થવું. કરુણાની ભાવના
અંતરની કોમળતા અને સુકુમારતામાંથી પ્રગટે છે.
કોમળતાવાળો બીજાનું દુઃખ જોઈ જ ન શકે અને એ
દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યા વગર એના હૃદયને
શાંતિ જ ન થાય. એનું જ નામ ધાર્મિકતા ગણાય.

દુઃખ, શોક, સંતાપ અને દીનતાથી ભરેલી દુનિયામાં સાચી ધાર્મિકતા કે માનવતાના એક જ શિક્ષાની જો બાળરૂપ અહિંસા અને કરૂણાની ભાવના દિવ્ય ઔષધિ અને ઉપાયની ગરજ સારે છે અને આ દુનિયા થોડીક પણ રહેવા અને જીવવાલાયક લાગતી હોય તો તે પણ આ દિવ્ય ગુણોને લીધે જ. એના વગર તો માનવી માનવી ના રહે અને દુનિયા દોજખ બની જાય. જ્યાં જીવન અને ધર્મ વચ્ચે ભેદ કે એકરૂપતા ન સધાતાં હોય, ત્યાં જીવનમાં સાચી ધાર્મિકતા - માનવતા વિકસી ન શકે અર્થાત્ અહિંસા અને કરૂણાની ભાવનાની જીવનમાં પ્રતિષ્ઠા ન થઈ શકે અને જો એમ થાય, તો માનવ અને દાનવ વચ્ચે કે માનવ અને પશુના અવતાર વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ જાય. અહિંસાનો અર્થ છે પોતાના સ્વાર્થ કે હિત નિમિત્તે અથવા અજ્ઞાન કે અંધશ્રદ્ધાને કારણે કોઈપણ જીવને લેશ પણ દુઃખ ન પહોંચાડવું એટલે પછી એનો વધ થાય, એવી પ્રવૃત્તિને તો અવકાશ જ ક્યાંથી રહે? કહ્યું છે કે:

आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन् आत्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥

(પરિશિષ્ટ-૭)

યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ ।

અર્થાત્: ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ છે.

કોઈ એક વિષય ઉપર મનને એકાગ્ર કરવું, એ ધ્યાનનો અભ્યાસ છે અને મનમાંથી બધા વિચારો કાઢી નાંખવા તે ધ્યાન છે, કારણકે વિચારો અંતરાત્માના સ્વરૂપને ઢાંકી દેનારા છે, પરન્તુ સામાન્ય રીતે મન વિકલ્પશૂન્ય રહી શકતું નથી, તેથી શરૂઆતમાં કોઈ એક જ વિષય ઉપર મનને એકાગ્ર કરવું પડે છે. જે વસ્તુ ઉપર મન એકાગ્રતા કરે, તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી મન સરળતાથી શાંત થઈ જાય છે.

આમ દીર્ઘકાળ સુધી પ્રામાણિકપણે ધ્યાનનો અભ્યાસ થતો રહે, તો તેના શુદ્ધ ચિત્તમાં ધ્યેયનું યથાર્થ જ્ઞાન ઉદય પામતું જાય છે. એનાથી ધ્યેય પાછળ છૂપાયેલું સત્ય પ્રકટ થાય છે, પછી ચાહે તેના ધ્યાનનો વિષય કોઈ મંત્ર હોય, મૂર્તિ હોય, નામ યા કોઈમહાપુરુષ સદ્ભાવ કે સદ્વિચાર હોય. ધીરેધીરે સાધકના અંતરમાં તે સત્ય સ્થિર થઈ જાય અને સાધકને કૃતકૃત્યતાની લાગણી અનુભવાય છે.

સદ્ગુરુકૃપ્રસાદાત્ એષ યોગઃ ફલતુ ।

'આસ્રવ હેય છે' એનો અર્થ છે કે:
મન - વચન - કાયાથી થતી અશુભ ચેષ્ટાઓ હેય છે.
મનથી મૂર્છા, વચનથી અસત્ય અને કાયાથી હિંસા, ચોરી,
અબ્રહ્મ આદિ અશુભ યોગવ્યાપારો છે, તેથી હેય છે.

'સંવર ઉપાદેય છે' એનો અર્થ છે કે:
કાયાથી અહિંસા, અચૌર્ય તથા બ્રહ્મચર્યનું વિશુદ્ધ પાલન,
વચનથી શ્રુતાનુસારી સત્યવચન અને મનથી અધર્મની
હેયતા અને ધર્મની ઉપાદેયતાનો નિશ્ચય,
સંવેગ તથા વૈરાગ્યાદિભાવો - એ બધા
શુભ વ્યાપારો હોવાથી સંવરરૂપ છે અને ઉપાદેય છે.
સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી ઉપયોગની શુદ્ધિ
થાય છે અને સમ્યક્ચારિત્રથી યોગની વિશુદ્ધિ થાય છે.
ઉપયોગવિશુદ્ધિ માટે સ્વાધ્યાય એ મુખ્ય આલંબન છે
અને યોગવિશુદ્ધિ માટે ધ્યાન એ પ્રધાન કારણ છે.
ધ્યાનથી યોગસ્થૈર્ય સધાય છે અને એ સ્થૈર્યના બળે
વિશુદ્ધ ઉપયોગ મુજબ વિશુદ્ધ વર્તન જીવી શકાય છે.

'યોગશાસ્ત્ર'માં કહ્યું છે કે:
મોક્ષઃ કર્મક્ષયાદેવ સ ચાત્મજ્ઞાનતો ભવેત્ ।
ધ્યાનસાધ્યં મતં તચ્ચ તદ્ધ્યાનં હિતમાત્મનઃ ॥૧॥
(પરિશિષ્ટ-૮)

ધ્યાન અને સમતા પરસ્પર ઉપકારક બનીને
આત્મજ્ઞાન કરાવે છે. આત્મા સ્વયં જ્ઞાન-દર્શન તથા
ચારિત્રરૂપ હોવાથી આત્મજ્ઞાન મોક્ષનું કારણ બને છે.
નમસ્કારથી સ્વાધ્યાય વડે ભાવવિશુદ્ધિ થાય છે,
સામાયિકથી ધ્યાન વડે યોગવિશુદ્ધિ થાય છે અને
એ બંનેના સંયોગથી મોક્ષમાર્ગ સધાય છે.

આત્મા સ્વયં રત્નત્રયસ્વરૂપ હોવાથી
મોક્ષનું અનંતર કારણ આત્મધ્યાન છે.

ધ્યાનયોગ એ માનવનું ભાગવત ચૈતન્ય જાગ્રત કરી
એના જીવનને દિવ્ય આનંદથી ભરી દે છે. તળાવથી
જોડાયેલા નળમાં પાણીનો પ્રવાહ વહે છે, તેમ પરમાત્માથી
જોડાયેલા અંતરમાં દિવ્ય શાંતિનાં ઝરણાં વહે છે.
ધ્યાનયોગની દિવ્યદૃષ્ટિ જેને પ્રાપ્ત થાય છે, તેને
પોતાના મનમંદિરમાં ભગવાનનાં દર્શન થાય છે, પછી
તે મંદિરમાં કે અન્યત્ર સર્વત્ર પ્રભુનાં જ દર્શન કરે છે
અને જાતિ, કુળ, રૂપ, બુદ્ધિ, બળાદિના ગર્વથી મુક્ત
રહે છે. જ્યાં સુધી વિશ્વમાં એક પણ સિદ્ધયોગી મોજૂદ
છે, ત્યાં સુધી વિશ્વવ્યવસ્થાનો વાળ પણ વાંકો થઈ
શકે તેમ નથી, કેમકે તેનાથી વિશ્વને સત્દૃષ્ટિ મળે છે.

## ધ્યાનયોગ શું કરે?

ધ્યાનયોગ માનવને સત્યના દિવ્ય ખજાનાની ભેટ દે છે.
ધ્યાનયોગની પ્રક્રિયા શાંત અને સરળ હોય છે,
મન શાંત હોવાથી તેમનો વ્યવહાર મધુર હોય છે.
તેઓ વિશ્વના માટે આશીર્વાદરૂપ હોય છે.
ધ્યાનયોગથી માનવને આંતરિક સમાધાનનો લાભ મળે છે.

ધ્યાનની ભૂમિકા ઘડવા માટે જે ઉચિત વ્યવહારનું આલંબન લેવાનું કહ્યું છે, તેમાં નીચેની વસ્તુઓ મુખ્ય છે:

(૧) ચતુઃશરણ (૨) દુષ્કૃતગર્હા
(૩) સુકૃતાનુમોદના - પરમેષ્ઠિપંચકની.
(૪) સુકૃતાનુમોદના - દેશવિરતિ અને સમ્યગ્દૃષ્ટિની.
(૫) સુકૃતાનુમોદના - અપુનર્બંધક તથા માર્ગાનુસારીની.
(૬) જ્ઞાનનો થોડો ગુણ પણ મોટો લાગવો તે.
(૭) પોતાનો થોડો દોષ પણ ઘણો લાગવો તે.
(૮) દેહ આદિથી આત્માની ભિન્નતાનો અનુભવ કરવો.

સુસ્થિત મહારાજ = સચ્ચિદાનંદ સ્વરૂપી મહાસાગર, તેમનું સ્મરણ, ધ્યાન, આરાધનાદિ કરવાં તેના જ અંશ છે. સ્વમાં કે સર્વમાં તે જ એક વિદ્યમાન છે. ચૈતન્યસ્વરૂપ ચેતના વિશ્વવ્યાપી રૂપે એક જ છે.

સર્વ ધર્મવિજ્ઞાનમાં અનુસ્યૂત છે...

પરમેશ્વરનું પ્રણિધાન અને સ્વરૂપનું લક્ષ્ય.

ત્રણ શબ્દોમાં ધર્મવિજ્ઞાનથી સાવદ્ય પ્રવૃત્તિનો પરિહાર અને તેને દર્શાવનાર ઈશ્વરના પ્રણિધાનાદિ દ્વારા શુદ્ધ સ્વરૂપની અનુકૂળતા થાય છે, જેના પરિણામે શુદ્ધ સ્વરૂપનું સંવેદન થવાથી નિજરૂપમાં સ્થિરતા થાય છે.

'સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ |' એ વાક્ય દ્વારા ઉપલક્ષણથી શ્રમણોપાસકો અર્થાત્ સાધુના ઉપાસકોએ પણ શાસ્ત્રચક્ષુવાળા બનવાનું સૂચવે છે.

અન્યથા શ્રાવકપણું - શ્રમણોપાસકપણું ઘટતું નથી. ગુરુઓએ બહુશ્રુત બની શ્રોતા સમુદાયને તે પ્રકારે ઉપદેશ આપવો કે જેથી શ્રોતાઓ પણ શાસ્ત્રચક્ષુવાળા બને.

દુષ્કૃતગર્હા અર્થાત્ સ્વપાપની નિંદા - ગર્હાદિથી પાપબંધની યોગ્યતા નષ્ટ થાય છે.

અંતરના ખરા ભાવથી જેની નિંદા - ગર્હાદિ કરાય, તેના ત્યાગ માટે અને જેની અનુમોદના - પ્રશંસાદિ થાય, તેના સ્વીકાર માટે શક્ય પ્રયત્ન કર્યા સિવાય ન રહી શકાય. દુષ્કૃતના ત્યાગથી પ્રવૃત્ત્યાત્મક પાપનો ત્યાગ થાય છે અને નિંદા - ગર્હાથી વૃત્ત્યાત્મક પાપ નાશ પામે છે અર્થાત્

પાપ કરવાની વૃત્તિઓ વિલીન થઈ જાય છે.
એ રીતે સુકૃતનું સેવન - પાલન એ પ્રવૃત્તિધર્મ છે
અને અનુમોદન - પ્રશંસન એ પરિણામ ધર્મ છે.

ધ્યાનની દશામાં આત્મા

દેવ - ગુરુ - ધર્મસ્વરૂપ શુદ્ધ ચિદ્રૂપ બને છે.
નહિ તદ્રૂપં । અન્યો સ ઉપાડહં ।
એ અનુભવે તાત્સ્થ્ય - તન્મયતા સમાપત્તિ છે.
સર્વોત્તમ સુખ તે નિરાલંબનનું સુખ છે અને
ધ્યાનના અભ્યાસથી તે સાધ્ય છે, એ કારણથી મુમુક્ષુએ
પ્રતિદિન ધ્યાનની સાધના કરવી જોઈએ.
વિધિયુક્ત થતાં ધ્યાનાભ્યાસ વડે
ઇચ્છા - તૃષ્ણા - સ્પૃહાનો નાશ થવા સાથે નિર્વિકલ્પ
ચિન્માત્ર સમાધિનું અતીવ ગુણકારક સુખ અનુભવાય છે.

ધ્યાનમાર્ગે સાચું સાધુપણું એટલે શું ?

પાપ એ ઝેર છે. માત્ર ઝેર જ ખરાબ એમ નહિ
પણ ઝેરનું સ્થાન સર્પાદિ અને સર્પાદિના રહેઠાણ એવા
જાળાદિ વગેરેથી દૂર રહેવું, તેનું જ નામ સાધુપણું.
એવું ગુરુકુળવાસવાળું મુનિજીવન જ એવું સહીસલામત
સ્થળ છે કે જ્યાં પાપવિષની સામગ્રીનો અત્યંત અભાવ છે.

મુનિને ભૂત - ભાવિના વિચારો આર્તધ્યાનના કારણભૂત
તથા ધર્મધ્યાનના બાધક હોવાથી નિષિદ્ધ છે.
બંધ - નિર્જરાનું કારણ તત્ત્વદૃષ્ટિએ અંતરના પરિણામ છે.
નિષ્કષાયતા, વાત્સલ્ય - ઔદાર્યાદિ ગુણો,
અધ્યવસાયોની વિશુદ્ધિ વગેરે નિર્જરાજનક છે અને તે
બાહ્ય જ્ઞાન, ધ્યાન, તપ, વિનય, વૈયાવચ્ચાદિથી સાધ્ય છે.
સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોના પાલન વડે
સાવદ્ય વ્યાપાર રૂપી દોષોનો ત્યાગ થાય છે અને
જ્ઞાન, ભક્તિ, બહુમાન, સેવા, આદરાદિ વડે
દોષાનુબંધનો વિચ્છેદ થાય છે, એ કારણે જ
મોક્ષમાર્ગને રત્નત્રય સ્વરૂપ કહેવાયો છે.
દોષોનો ત્યાગ એ ચારિત્ર છે અને એ
દોષોની હેયતાનું જ્ઞાન અને તેનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર
તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, એ કારણે
'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ |' એ સૂત્ર બન્યું છે.
પ્રશસ્ત આલંબનોમાં ચિત્તવૃત્તિને પરોવવા વડે જે
એકાગ્રતા સધાય છે, તે પરંપરાએ આત્મજ્ઞાનનું કારણ
બને છે અને આત્મજ્ઞાન મોક્ષનું કારણ બને છે,
એ માટે ધ્યાનમાર્ગને મહત્ત્વનું સ્થાન છે.

કર્મબંધનું કારણ શુભ-અશુભ ધ્યાન અને ચેષ્ટા છે.
કર્મબંધ અનુસાર ઉદય આવે
ઉદય અનુસાર શુભાશુભની પ્રાપ્તિ થાય છે.
શુભાશુભની પ્રાપ્તિનું કારણ ઉદય,
ઉદયનું કારણ બંધ, બંધનું કારણ શુભાશુભ ધ્યાન,
શુભાશુભ ધ્યાનનું કારણ શુભાશુભ પરિણામ,
શુભાશુભ પરિણામનું કારણ શુભાશુભ ક્રિયા, તેથી
તે ક્રિયાને જ ધર્મ અને અધર્મનું નામ પ્રાપ્ત થાય છે.
'અધર્મ હેય અને ધર્મ ઉપાદેય છે' તેનો અર્થ છે કે:
મન-વચન-કાયાની શુભ ક્રિયા ઉપાદેય છે અને
મન-વચન-કાયાની અશુભ ક્રિયા હેય છે.
શુભ ક્રિયાનું કારણ શુભ પરિણામ છે, તેનું કારણ
શુભધ્યાન અને શુભધ્યાનનું કારણ સુસ્થિત મહારાજા છે.
તેઓ જીવના સજ્જન સ્વભાવે જ શુદ્ધિ કરી રહ્યા છે
તથા આત્માને નિર્મળ બનાવી રહ્યા છે.
જીવના પ્રશસ્ત આલંબન તરફ ભવ્યત્વ સ્વભાવના
પરિપાકથી જીવ ખેંચાય છે પણ સજ્જનતા તેને રોકે છે.
અપ્રશસ્ત રૂપરસાદિ તરફ ખેંચાણનું કારણ સજ્જનતા છે,
તેથી તેનો સંગ છોડી જીવ પરમાત્માલંબન સ્વીકારે,

તો જ તેનો ભવ્યત્વ સ્વભાવ પરિપાકને પામી શકે,
એ જ મનુષ્યજન્મનો વિષય છે. સાચો ધર્મ એ જ છે કે:
અશુભ આલંબનો ઓછા કરી શુભ આલંબનો વધારવા
માટે સતત પ્રયત્નશીલ રહીને ઈશ્વરની દયા માગવી.

જીવ સદા પ્રકૃતિ ઝંખે છે, તેની અપ્રકૃતિ તેને સાલે છે.
જીવ જેમ જીવવા ઈચ્છે છે, તેમ જાણવા ઈચ્છે છે,
જેમ જાણવા ઈચ્છે છે, તેમ પ્રકૃતિને પણ ઝંખે છે,
તેથી તે પ્રકૃતિની ઝંખના પરમાત્મા સિવાય
અન્ય કોઈ ઉપાયે પણ પૂર્ણ થઈ શકે તેમ નથી.
તેના પ્રણિધાનપૂર્વક થતી પ્રવૃત્તિ પ્રકૃતિને પ્રાપ્ત કરાવે છે.

પ્રવૃત્તિની પાછળ જેમ પ્રણિધાન હોવું જોઈએ,
તેમ પ્રણિધાનની સાથે પ્રવૃત્તિ પણ હોવી જોઈએ.

## પરવિષયક નિગ્રહ - અનુગ્રહ પરિણામ

એજ સ્વવિષયક નિગ્રહાનુગ્રહનું કારણ બને છે.
એ ન્યાયે ત્રણે ભુવનના જીવો ઉપર અનુગ્રહ કરવાના
પરિણામના ધારક ત્રિભુવનપતિ ઉપર ભક્તિના પરિણામ
જેમ ભવોદધિતારક બને છે, તેમ આશાતના, અવજ્ઞા કે
ઉદાસીનતાના પરિણામ ભવભ્રમણ વધારનાર અને
ભવોભવમારક - જન્મમરણની પરંપરાના કારક બને છે.

પાત્રની ભક્તિ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ બને છે અને
પાત્રની અવજ્ઞા પાપાનુબંધી પાપનું કારણ બને છે.

અપાત્રની ભક્તિ પુણ્યનું કારણ છે, પરન્તુ
અવિવેકના કારણે તે પાપાનુબંધી પુણ્ય બંધાવે છે.
અપાત્રની અવજ્ઞા પાપનું કારણ બને છે પણ તેનાથી
પાપનો અનુબંધ ન પડે, કેમકે ગુણની અવજ્ઞા નથી.

છતાં તેને પાત્રબુદ્ધિએ અવજ્ઞા કરે,
તો પાપબંધની સાથે અનુબંધ પણ પાપનો પડે છે.

સાચો ધર્મરાગ કે દેવ-ગુરુ-શાસન પ્રત્યેનો રાગ તે
જ કહેવાય કે જ્યારે જે કોઈ વ્યક્તિ દેવ-ગુરુ-ધર્મ
પ્રત્યે રાગવાળી હોય, તેના પ્રત્યે પણ રાગ, સ્નેહ, પ્રીતિ,
વાત્સલ્ય આદિ પરિણામ જાગે. જો એ ન જાગે, તો
સમજવું કે ધર્મને ધર્મ સમજીને ધર્મ પ્રત્યે રાગ થયો નથી.

સર્વ ધર્મક્રિયાઓમાં બે વસ્તુ જોઈએ:
એક સ્વરૂપનું લક્ષ્ય અને બીજું જિનાજ્ઞાધીનતા.

સ્વરૂપલક્ષ્યમાં પરમેશ્વરનું પ્રણિધાન અને
પરમેશ્વરના પ્રણિધાનમાં સ્વરૂપલક્ષ્ય અનુસ્યૂત છે.
તે બંને પરસ્પર અવિનાભાવી છે.
જેને સ્વરૂપલક્ષ્ય હોય, તેને પરમેશ્વરપ્રણિધાન હોય જ,

પરમેશ્વરપ્રાપ્તિધ્યાન હોય, તેને સ્વરૂપલક્ષ્ય હોય જ.
જો તે ન હોય તો બંને આભાસરૂપ સમજવાં અને
એ બે જ્યાં હોય, ત્યાં
સ્વસ્થ વ્યક્તિને ઉચિત પ્રવર્તન પણ હોય જ.

વિપશ્યના ધ્યાનમાં 'વિપશ્યના' શબ્દનો અર્થ છે:
વિશેષ રૂપથી જોવું - અનુભવવું અર્થાત્ શારીરિક અને
માનસિક વિકારોના દ્રષ્ટા થવું, નહિ કે ભોક્તા થવું.
આલંબન અને ઉદ્દીપન - ઉદ્બોધનના
બાહ્યતત્ત્વોથી વિમુખ થઈને પોતાની અંદરના ચિત્તને
એની સૂક્ષ્મ અવસ્થામાં જુએ અને એના ગુણધર્મ-
સ્વભાવને વસ્તુગત દૃષ્ટિથી સમજે, તે વિપશ્યના છે.
હિંસાદિ પાપસ્થાનો મનોવિકારોનું જ મૂળ છે અને
શારીરિક તથા માનસિક તાણનાં તે મૂળ કારણો છે.
'અનુભૂતિ સુખદ હો યા દુઃખદ, તે નષ્ટ થઈ જનારી છે'
એમ દેખાય પછી તેના પરના મોહ - આસક્તિ રહેતાં
નથી અને કુશળ દ્રષ્ટાનો ભાવ રહે છે. શરીરપ્રપંચ
અને ચિત્તપ્રપંચની નિઃસારતાનો અનુભવ થવાથી
અનાસક્તિ સ્વાભાવિક બને છે તથા બધાં દુઃખોનું
મૂળ જે આસક્તિ છે, તે ચાલી જાય છે, જેનાથી

શરીરસ્વાસ્થ્યની સાથે માનસિક શક્તિઓ,
સ્મરણની શક્તિ, જીવન જીવવાનો રસ,
સહયોગ ભાવનાદિ વધે તથા વ્યસનો છૂટી જાય છે.
એને આનાપાન - સ્મૃતિ, વિપશ્યના, પ્રવિચાર અને
વર્તમાન ક્ષણમાં જીવવાની કળા તરીકે સંબોધાય છે.
ધર્મ જો વિશ્વવિજ્ઞાન પ્રકૃતિ તત્ત્વજ્ઞાનના આધાર
ઉપર ન હોય, તો તે ધર્મ 'ધર્મ' જ ન ગણાય. અવાંતર
મતભેદો કે વિચારભેદો એ મહત્ત્વની બાબતો ન ગણાય.
પ્રાણીમાત્રને દુઃખ કડવું લાગે છે અને
તે દુઃખ 'હું' અને 'મારા'માંથી જ જન્મે છે.
આ 'હું' અને 'મારું' અસ્ત પામી જાય,
તો દુનિયામાં દુઃખ જરા ય ન રહે.
પ્રશ્ન હું અને મારાનો નાશ ક્યારે? કેવી રીતે થાય?
'હું અનંત જ્ઞાન - દર્શન - સુખ - વીર્યનો સ્વામી છું
તથા તે મેળવવા માટે મારી પાસે પૂર્ણ સામર્થ્ય છે'
તે જ્યાં સુધી ન સમજાય, ત્યાં સુધી નાશ ન થાય.
ખરેખરી દુશ્મન જગતમાં 'હું' અને 'મારું' એવી બુદ્ધિ
અને એવા મિથ્યા વિકલ્પો જ છે, તે મોહકર્મનું ફળ છે.
તેનો નાશ થતાં જ તે બી નાશ પામે છે એટલે

મોહકર્મ એ જીવનના અને ભૌતિક વિષયોસંબંધી
મમતાના વિકલ્પો જ આત્માના ખરેખરાં દુશ્મન છે.
તેના સ્થાને એવો વિકલ્પ આત્માને સ્થિર કરે કે:
'હું આત્મા છું અને જ્ઞાન-દર્શનાદિ મારા ગુણ છે.'
આવા વિકલ્પો આત્મદર્શી બનાવે છે અને વાસ્તવિક
જે પોતે છે, તેનું ભાન કરાવીને પોતાની અનુપમતા
અને શાશ્વતતા તરફ લઈ જઈ સંસારથી પાછો હઠાવે છે
તથા આત્માના જ્ઞાન આદિ ગુણોને મેળવવા માટેનાં
સાધનોને શોધે છે અને તે મોક્ષને માર્ગે ચડે છે.
'મમ'નું કારણ 'મન' છે અને 'સમ'નું કારણ 'નમ' છે.
પ્રશસ્ત આલંબન દ્વારા ચિત્તવૃત્તિને તે આલંબનોમાં
પરોવવાથી જે વડે ચિત્તવૃત્તિ એકાગ્ર થાય છે,
તે તમામ ધર્મવ્યાપારને યોગની વ્યાખ્યા લાગુ પડે છે.
પ્રશસ્ત વિષયોમાં ચિત્તવૃત્તિની એકાગ્રતા
તે જ યોગ છે અને તે જ ધર્મધ્યાન છે.
जिननिरूपित उत्कर्ष तत्र तद्रूप धर्म संबंधेन स तत्र |
શ્રી જિનેશ્વર દેવ વચનોમાં પ્રતિપાદકતા સંબંધથી અને
નામમાં અભિધાયકતા સંબંધથી રહેલાં છે.
ધર્મની ઉત્પત્તિ જિનથી છે, તેથી તે ધર્મના પિતા છે.

દોષોનો ત્યાગ સંયમ - સદાચારથી થઈ શકે અને
દોષના અનુબંધનો ત્યાગ ભક્તિ અને જ્ઞાન વડે થાય.
રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગમાં દોષત્યાગ રૂપ સંયમ અને
ચારિત્રની સાથે દોષાનુબંધના વિચ્છેદમાં કારણભૂત
જ્ઞાન અને ભક્તિનો પણ સમાવેશ થાય છે.
સકલ વાઙ્મય શબ્દબ્રહ્મ છે. અર્હં તેનું બીજ છે.
પરબ્રહ્મની અનુભૂતિમાં જે કારણ બને,
તે 'શબ્દબ્રહ્મ' કહેવાય છે.
નમો શ્રુતદેવતાયૈ । નમો માતૃકાયૈ । નમો બંભીએ લીવિએ ।
ઇત્યાદિ મંત્રાક્ષરો વડે શબ્દબ્રહ્મને નમસ્કાર થાય છે.
પ્રભુનામનું સ્મરણરૂપે આલંબન તથા પ્રભુની દિવ્યમૂર્તિનું
ધ્યાનરૂપે આલંબન એ ભાવસ્નાનની ગરજ સારે છે.
બાહ્યસ્નાન જો નિત્ય આવશ્યક છે, તો ભાવસ્નાનની
આવશ્યકતા અનિવાર્ય રૂપે સિદ્ધ છે. એ કારણે જાગૃત
અવસ્થાના આરંભમાં પ્રાતઃકાળે અને સુષુપ્તિ અવસ્થાના
પ્રારંભમાં રાત્રિકાળે સ્મરણ અને ધ્યાન વિહિત છે.
પિંડસ્થાદિ ધ્યાન વડે પરમાત્મતત્ત્વનો પરિચય
અને આજ્ઞાવિચય આદિ ધ્યાન વડે
પરમાત્મવચનનો પરિચય થાય છે.

આત્મજ્ઞાનનું અહીં સ્વસંવેદન આત્મપ્રત્યક્ષનું
અનંતર કારણ ધ્યાન છે તથા ધ્યાનયોગની પ્રાપ્તિ માટે
પ્રત્યેક ક્રિયામાં સ્થાન, વર્ણ, અર્થનું આલંબન જરૂરી છે.

શ્રી જિનવચનનો વિશિષ્ટ પરિચય
આજ્ઞાવિચયાદિ ધ્યાન વડે થાય છે અને પરમાત્મ-
તત્ત્વનો વિશિષ્ટ પરિચય પિંડસ્થાદિ ધ્યાન વડે થાય છે.

'નમો' એ સ્તુતિ - ભક્તિવાચક પદ છે.
માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સર્વથી અધિક
જે સુદૃઢ સ્નેહ જાગે છે, તેનું નામ 'ભક્તિ' છે.

અરિહંત પ્રભુમાં વીતરાગતાદિ અનંત ગુણો છે,
તે બધામાં યથાર્થવાદિતા ગુણની વિશેષતા છે.
અનેકાન્તવાદથી અલંકૃત સિદ્ધાંતશાસ્ત્રના
પરિશીલનથી તે જાણી શકાય છે.

કહ્યું છે કે : एवं सद्वृत्तयुक्तेन येन शास्त्रमुदाहृतम् ।
शिववर्त्म परं ज्योतिः त्रिकोटिदोषवर्जितम् ।(परिशिष्ट-९)

અપાયવિચયાદિ ધર્મધ્યાનો આજ્ઞાવિચય ધર્મધ્યાનના જ
વિસ્તારરૂપ છે. વિવક્ષાવશાત્ અહીં આજ્ઞાની પ્રધાનતા
જણાવવા અને અપાયાદિથી વ્યાવૃત્તિ જણાવવા માટે છે.
કહ્યું છે: प्रधानताख्यापनार्थं अपायेभ्यः व्यावृत्त्यर्थं च ।

પરમાત્મા લોકાગ્રે બિરાજમાન છે, તે વ્યક્ત ભાવથી, કિન્તુ શક્તિ અને સત્તારૂપે તો સર્વત્ર વ્યાપેલા છે. પ્રકાર પરમાત્માની ઉપાસના પણ સમસ્ત યોગ-સૃષ્ટિમાં પરમાત્મતત્ત્વનાં દર્શનનાં એક સાધનસ્વરૂપ છે. સર્વને શુદ્ધનયથી શુદ્ધ જોવાની પણ આજ્ઞા છે અને તે જ સમત્વભાવની પરાકાષ્ઠા રૂપ પણ બને છે.

'શુદ્ધાઃ પ્રત્યાત્મસામ્યેન પર્યાયાઃ પરિભાવિતાઃ ।
અશુદ્ધાશ્ચાપકૃષ્ટત્વાત્ નોત્કર્ષાય મહામુનેઃ ॥'- જ્ઞાનસાર
'વ્યક્ત્યા શિવપદસ્થોઽસૌ શક્ત્યા જયતિ સર્વગઃ ।'
'બ્રહ્માંશેન સમં જગત્ ।' (પરિશિષ્ટ-૧૦)

'આત્મા પરમાત્માનું જ એક સ્વરૂપ છે'
એ દૃષ્ટિ શુદ્ધ નયથી પ્રાપ્ત થાય છે.

વીતરાગ મુદ્રાથી સંપન્ન એવી વીતરાગ મૂર્તિ અને વીતરાગવાણી પ્રશમરસને પુષ્ટ કરે છે. દર્શનમાત્રથી મૂર્તિ અને શ્રવણમાત્રથી વાણી વીતરાગભાવ અર્પે. એમ વિષયોનું દર્શનમાત્ર પણ અંતરના પ્રશાંતરસને જાગૃત બને છે, તેમ સદ્ આલંબનો ય પોતાનો પ્રભાવ પ્રત્યક્ષ કરાવે છે અને મધુર તથા તિક્તાદિ રસોનું અતિશયન રસાધિરાજ શાંતરસને જાગૃત છે.

જેના સ્મરણથી પ્રમોદ અને આનંદની વૃદ્ધિ થાય
અને વળી ક્લેશ - કષાય નિર્મૂળ થાય,
તેનું સ્મરણ છોડીને બીજાનું સ્મરણ શા માટે કરવું?

પ્રાતઃપ્રતિક્રમણમાં જે તપચિન્તવનનો કાયોત્સર્ગ થાય છે,
તે તપધર્મના અંતરાયને તોડનાર છે.

ધ્યાનાભ્યાસ વિના મનોજય અશક્ય છે.
ધ્યાનાભ્યાસ અને વૈરાગ્યબળ વડે મન જીતાય છે.

आप्तवचनं प्रवचनं, तदर्थनिर्णयः आज्ञाविचयः ।
અર્થાત્: પ્રવચન તે આપ્ત વચન છે,
તેનો અર્થ જે નિર્ણય તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

આર્તધ્યાનથી બચાવી ધર્મધ્યાનમાં સ્થિરતા લાવવા માટે શાસ્ત્રાજ્ઞા છે. આર્તધ્યાન થાય તેવી શાસ્ત્રાજ્ઞા હોય નહીં, એથી જ અપવાદમાર્ગનું વિધાન છે. ક્વચિત્ ઉત્સર્ગ વડે ધર્મધ્યાન ન ટકાવાય તો અપવાદનું આસેવન કરીનેય ધર્મધ્યાનરૂપી અમૂલ્ય ધનનું રક્ષણ કરવાનું વિધાન છે. ઉત્સર્ગનું આસેવન એ સાધ્ય નથી પણ ધર્મધ્યાનની રક્ષા અને વૃદ્ધિનું સાધન છે, એ જ રીતે અપવાદમાર્ગનું સેવન પણ એક સાધન છે. બંધ-મોક્ષનું કારણ અંતરના પરિણામ છે, તે જે રીતે ઉજ્જ્વળ રહે, તે રીતે વર્તવું, એ જ એક કર્તવ્ય છે.

કહ્યું છે કે: 'પ્રાપ્ત પ્રવચન વાક્' અર્થાત્ દેવ-ગુરુના
અનુગ્રહથી પ્રવચનના અમૂલ્ય રત્નોની પ્રાપ્તિ થાય છે.
આરાધનાની બાહ્યાંતર જેટલી સામગ્રીઓ વિદ્યમાન છે,
તેમાં પરમેશ્વરનો અનુગ્રહ એ જ એક પરમ કારણ છે.

यतिर्ध्यानादियुक्तो वा ।

यतेः ध्यानगुणस्य प्रधानताख्यापनार्थमिदं वचनं ।

અર્થાત્: ધ્યાનાદિથી યુક્ત રહીને, તે યતિ અથવા
યતિના ધ્યાનગુણની પ્રધાનતા જણાવવા માટેનું આ વચન છે.

## સર્વ દુઃખનું મૂળ છે પાપબંધ

પાપબંધ ન થાય એ માટે પાપની સામગ્રીથી દૂર રહેવું,
એ પ્રથમ કર્તવ્ય છે અને પાપબંધની યોગ્યતા માત્રનો
નાશ કરવા માટે શુદ્ધ નયનું સેવન એ હિતાવહ છે.

પાપબંધની યોગ્યતાનો મૂળમાંથી ઉચ્છેદ કરવાનું
સામર્થ્ય શુદ્ધ નયની ભાવના અને તેના ધ્યાનમાં છે.

वचनाराधनया धर्मः । वचनविराधनयाऽधर्मः ।

અર્થાત્: ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરીખો અને
પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો.

आकाशमिव सर्वभावानां ।

સર્વ ધર્મો સામાયિક ધર્મમાં સમાવિષ્ટ થઈ જાય છે.

જિનમૂર્તિ એ અમૂર્તને મળવાનો સેતુ છે,
નિજ શુદ્ધાત્માને જોવા માટેનું દર્પણ છે.

જે ભૂત અને ભાવિની વચ્ચેના વર્તમાનને જાણે છે,
વર્તમાનને અનુભવે છે, તે આત્મા સ્વમાં, નિજમાં છે.

પ્રભુની પ્રભુતા પ્રથમ જ્ઞાત થવી જોઈએ.
તેની મહત્તા જણાય, તેમ ભક્તિ આપોઆપ જાગે.

જાગૃત = સોહં દ્વારા જ્ઞાતાના અનુસંધાનમાં જે રહે તે.
જ્ઞાતાની અનુભૂતિ નહિ, તે જાગવા છતાં ઊંઘતા છે.
જ્ઞાન = સર્વ અવસ્થામાં જે ન્યારો, તેને અનુભવવો.

સોઽહં એ જ્ઞાનમાર્ગ છે, દાસોઽહં એ ભક્તિમાર્ગ છે.
ભક્તિમાર્ગમૂલક જ્ઞાનમાર્ગ એ સમ્યગ્માર્ગ છે.

स्वस्यातिसर्गोनुग्रहार्थं दानं ।

अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं । અર્થાત્: લેનાર પણ ઉપકાર કરે છે, એ ભાવથી આપેલું દાન તે ધર્મ છે.

‘पापात् त्रायतेऽसौ इति पात्रं ।’

દુષ્કૃતત્યાગ વ્યવહારધર્મ છે, દુષ્કૃતગર્હા નિશ્ચયધર્મ છે.
સુકૃતસેવન વ્યવહારધર્મ - સુકૃતાનુમોદન નિશ્ચયધર્મ છે.

તીર્થને - માર્ગને ટકાવનાર વ્યવહાર છે તો,
તત્ત્વનું રક્ષણ નિશ્ચય કરે છે.

તત્ત્વ એટલે આત્મતત્ત્વ.
તેની વિશુદ્ધિ અને પરંપરા ચલાવનાર નિશ્ચય ધર્મ છે.
નિશ્ચય- વ્યવહાર ઉભય મળીને મોક્ષમાર્ગ બને છે.
તેનું જ નામ તીર્થ અથવા શાસન છે.
શ્રેષ્ઠના સેવક તે શ્રેષ્ઠી.
રાજાના માથે મુકુટ અને હૈયે ચિંતાની ટોપી રહે છે.
એમને શય્યામાં સુવે પણ નિદ્રાદેવીની રાહ જોવી પડે.
મહેનતુ લોક ઉકેર સુવે પણ સુતાંવેત નિદ્રાદેવી તેનું
સ્વાગત કરે છે. બત્રીસ પકવાન્નમાં જે સ્વાદ નહિ, તે
મહેનતુ પોતાના રોટલામાં અધિક સ્વાદ - માધુર્ય અનુભવે છે.
નવકાર મહામંત્રના પ્રથમ બે પદોમાં
જીવનનો અંતિમ આદર્શ મળે છે અને
નિજત્વના આંતરવૈભવનો પરિચય પણ કરાવે છે.
નિજનો પરિચય શાસ્ત્રથી મળે છે અને
નિજવૈભવની પ્રાપ્તિ તપ - ધ્યાન આદિથી થાય છે.
શુભાશુભફલં પ્રતિકારણં શુભાશુભાદૃષ્ટં - ધર્માધર્મો ઇવ।
ધર્માધર્મસર્જનં પ્રતિ મુખ્યકારણં, તસ્ય કર્તા,
ગૌણકારણં નિમિત્તરૂપેણ શુભાશુભાલંબનાનિ।
સ્વર્ગાપવર્ગફલદઃ વીતરાગાઃ। (પરિશિષ્ટ-૧૧)

એ વચનમાં વીતરાગ એ પ્રશસ્ત પરિણામ- પ્રવૃત્તિ આદિમાં આલંબનરૂપ હોવાથી મુખ્ય નિમિત્તકર્તા બને છે. અપ્રશસ્તમાં કર્તાની - પ્રશસ્તમાં આલંબનની મુખ્યતા છે.

पापनाशकः पंचनमस्कारो, नमस्कारकः प्रशस्तात्मा, निमित्तकर्तृत्वेन तु पापनाशकः अर्हदादिः ।(परिशिष्ट-१२)

અરિહંતાદિના આલંબન વિના શુભ પરિણામની પ્રાપ્તિ અસંભવિત છે, તેથી તેને પરમ કારણ કહી શકાય અને કાલાદિ સાધારણ કારણ છે.

ધ્યાતા અને ધ્યેય વિના ધ્યાન હોઈ શકતું નથી, તેમ જ શુભ પરિણામનો કર્તા ધ્યાતારૂપ આત્મા છે, તેમ ધ્યેયરૂપ આલંબન એ નિમિત્ત પણ કારણ છે જ. ઉપાદાન કારણને મુખ્ય ગણનાર નિશ્ચય નય તથા નિમિત્ત કારણને પ્રધાન માનનાર વ્યવહાર નય છે. સ્યાદ્વાદસિદ્ધાંત ઉભયનયને સમાન બળવાળા ગણે છે, તેથી જ્યારે જે નય મુખ્ય બનાવવાથી સ્વરૂપને લાભ થાય, ત્યારે તે નયને મુખ્ય બનાવવાનું વિધાન છે.

પ્રશસ્ત ધ્યાનમાં નિમિત્તને મુખ્યતા અને અપ્રશસ્ત ધ્યાનમાં ઉપાદાનને મુખ્યતા આપવાથી પ્રમાદ દૂર થાય છે અને અપ્રમાદ પુષ્ટ થાય છે.

સ્યાદ્વાદ સિદ્ધાંતનું મર્મ રહસ્ય છે કે:
ભક્તિભાવનાં વિકાસ માટે નિમિત્તને
મુખ્ય બનાવવું જોઈએ અને સહજમલના હ્રાસ માટે
ઉપાદાન કારણની મુખ્યતા સ્વીકારવી જોઈએ.
સહજમલથી જીવ અપ્રશસ્ત રૂપરસાદિ તરફ ખેંચાય છે
અને ભક્તિભાવથી પ્રશસ્ત આલંબન તરફ ખેંચાય છે.
વિષયોના દર્શન, સ્પર્શ, સેવનાદિથી સહજમલની વૃદ્ધિ
અને સુસ્થિત મહારાજના દર્શન - સ્તવનાદિથી
ઉપાદાનમાં યોગ્યતા વધે છે.
એનાથી કર્મબળ અને ભાવથી આત્મબળ વધે છે.

દેવમૂર્તિમાં પાષાણબુદ્ધિ રાખવી,
સુગુરુમાં માનવબુદ્ધિ રાખવી અને
મંત્રદેવતામાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મહામૂઢતાનું સૂચક છે,
જીવનો વિનાશ છે, નરકગતિ યોગ્ય કર્મબંધ કરાવનાર છે.
એમ રીતે શ્રાવક કે જેના હૃદયમાં દેવભક્તિ છે,
ગુરુભક્તિ છે, સાધુસેવા છે, જીવદયા છે,
દાન - સંયમ - તપ - સ્વાધ્યાય છે, તેને માત્ર
મનુષ્ય તરીકે જ જોવો, તે પણ મહાવિનાશ જ છે.
'જસ વિધિ રાખે રામ, તસ વિધ રહીએ રામ.'

ચિત્તવિશુદ્ધિ યા આંતરશુદ્ધિની અવસ્થામાં
સ્વાધ્યાય કરતાં પણ વિલક્ષણ - ધ્યાનની આરાધના
આત્માને સાત્વિકી લાભદાયી થાય છે તથા
જપ, વર્ણ, મંત્ર યા મૂર્તિનું ધ્યાન રસપ્રદ બને છે.

એ આશ્ચર્ય છે કે બીજાનો નિગ્રહ અથવા અનુગ્રહ કરવાનો વિચાર પણ પોતાના જ નિગ્રહ-અનુગ્રહમાં કારણ બને છે. સચ્ચિદાનંદમય પરમાત્મસ્વરૂપનું સ્મરણ-ધ્યાન આદિ કરનાર તેનો જ અંશ બને છે.

અંતરાત્મદશા ટકાવવા માટે સ્મરણ, ધ્યાન,
દ્રવ્ય-ભાવસ્તવ, આજ્ઞાપાલન વગેરે ઉપાયો છે.

જેની પાસે અહિંસાદિ પાંચ વ્રતો અસ્ખલિત છે,
તેને કોઈનો પણ ભય રહેતો નથી.

સર્વ ધર્મવિજ્ઞાનમાં પરમેશ્વરનું પ્રણિધાન પ્રતિપાદકતા સંબંધથી અને સ્વરૂપસન્મુખતા પ્રતિપાદ્યતા સંબંધથી છે.

સ્વરૂપલક્ષ્યમાં જિનાજ્ઞાધીનતા કરી છે. વૈચારિક મતભેદના નિવારણ માટે સાપેક્ષદૃષ્ટિ સમજણ ઉપાય છે.

દુષ્કૃતના ત્યાગથી પ્રવૃત્ત્યાત્મક પાપનો ત્યાગ થાય અને દુષ્કૃતની ગર્હાથી વૃત્ત્યાત્મક પાપનું નિવારણ થાય છે.

પ્રાપ્તવ્ય નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે.

યોગમભ્યસ્યન્ યોગી, રત્નત્રયં,
ધ્યાનં વા તમભ્યસ્યન્ લભતે તત્ત્વમુત્તમં ।(परिशिष्ट-१३)
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ ન સંશયઃ । આને
હું તને સર્વ પાપથી છોડાવીશ, એમાં સંશય નથી.
આ નમસ્કારનો જ અર્થ છે. સમસ્ત અંતઃકરણ વીતરાગ
નમસ્કારથી ભાવિત થઈ જાય, ત્યારે પાપ ક્યાં રહી શકે?
જપતો નાસ્તિ પાતકં । જાપકર્તાનું પાપ નાશ પામે છે.

રાગી સંગે રે રાગદશા વધે, થાયે તેણે સંસારો જી,
નિરાગીથી રાગનું જોડવું, લહીયે ભવનો પારો જી,
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે...(૯)

ધ્યાનદશામાં દેહ, ગેહ, ધર્મ કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ ઉપરાંત તદ્રૂપ અને શુદ્ધ ચૈતન્યરૂપ બનાય છે. ધ્યાનની સાધનામાં જે નિર્વિકલ્પ દશા અનુભવાય છે, તે પાપનાશક તથા ઇચ્છા, તૃષ્ણા, સ્પૃહાનાશક છે, તેથી જ નિર્વિકલ્પ દશાને અતીવ ગુણકારક કહી છે.

તત્ત્વત્રયી અને રત્નત્રયી કથંચિત્ અભિન્ન છે. સમ્યગ્દર્શનાદિ મળ્યા બાદ પણ ખીલવવાનું બાકી રહે છે, જ્યારે ચિન્મય મૂર્તિસ્વરૂપની પ્રાપ્તિ પછી પ્રાપ્તવ્ય કાંઈ રહેતું નથી. માત્ર એનું ધ્યાન તેનો ઉપાય છે.

સ્વરાદિને 'માતૃકા' કહી છે, કારણકે દ્વાદશાંગી આદિ
સમસ્ત વાઙ્મયની માતા - જનની આ સ્વર અને
વ્યંજનાદિનો સમૂહ છે, એથી માતૃકા નામ સાર્થક છે.
નમસ્કાર = ભક્તિ = સમર્પણ - સર્વ અવસ્થાઓમાં
તમામ શક્ય સાધનો વડે પંચ પરમેષ્ઠિઓની પૂજા.

આરાધના માટે સુસંઘયણાદિની પણ જરૂર છે.
તે માટે જરૂરી પુણ્યાદિની પ્રાપ્તિનું કારણ વ્રતતપાદિ
બાહ્યવ્યવહાર અને દાન-શીલાદિ શુદ્ધ આચાર છે.
વળી બાળજીવો વેષથી અને મધ્યમબુદ્ધિ જીવો સંયમ,
તપ, વ્રત, પચ્ચક્ખાણાદિ આચાર જોઈને ધર્મ પામે છે.
પરિણતિ - તત્ત્વરતિ જોનાર બુધજન વિરલ હોય છે.
બાળ અને મધ્યમબુદ્ધિ જીવોની સંખ્યા વધારે હોય છે,
તે જીવોને ધર્મપ્રાપ્તિનું સાધન વેષ અને આચાર છે,
તેથી તત્ત્વજ્ઞાની પુરુષો પણ તે તે જીવોના અનુગ્રહ
માટે આચાર અને વેષમાં દૃઢ રહે છે.
તીર્થનું રક્ષણ - વર્ધન વ્યવહારધર્મથી થઈ શકે છે.
દાનાદિ ધર્મોથી સાતે ક્ષેત્રોને પુષ્ટિ મળે છે.

°

*God says to everyone that:*
*Empty thyself & I shall fill thee.*

ભગવાનના નિયમમાં દયા છે,
કર્મના નિયમમાં ન્યાય છે, ધર્મના નિયમમાં પ્રેમ છે.
જ્યાં ન્યાય છે, ત્યાં કર્મના નિયમનો સ્વીકાર છે.
જ્યાં પ્રેમ છે, ત્યાં ધર્મના નિયમનો અંગીકાર છે.
જ્યાં દયા છે, ત્યાં તો ભગવાનની પ્રભુતા પ્રત્યક્ષ છે.

પ્રારબ્ધ અને પુરુષાર્થ - કોણ સત્ય?

પ્રારબ્ધ અને પુરુષાર્થ બંને સત્ય છે.
પૂર્વે કરેલાં કર્મના ફળરૂપે જીવનમાં જે જે
સુખ-દુઃખના પ્રસંગો આવે, તે 'પ્રારબ્ધ' કહેવાય છે,
આ જન્મમાં જે કરવામાં આવે, તે 'પુરુષાર્થ' ગણાય છે.
પુરુષાર્થ કર્યા વિના કોઈપણ વસ્તુની સિદ્ધિ ન થાય.
દૈવ, ભાગ્ય - પ્રારબ્ધ વગેરે શબ્દોને આગળ કરીને
જેઓ પુરુષાર્થની અવગણના કરે છે,
તેઓ આત્મવાદી નહિ પણ અનાત્મવાદી છે.

'ધર્મ' એ ગતિસહાયક તત્ત્વ છે.
દાનાદિ ધર્મોનું સેવન મુક્તિ તરફ પ્રયાણ કરાવનાર
હોવાથી તેને જ ખરી ગતિ યા પ્રગતિ કહી શકાય છે.

આત્મલાભ અથવા મોક્ષ એ
મનુષ્યયત્નનો વિષય નહિ પણ ઈશ્વરકૃપાનો વિષય છે.

મનુષ્યજન્મની મર્યાદા ઈશ્વરભક્તિ સુધી છે,
ઈશ્વરપ્રાપ્તિ એ ઈશ્વરની દયા ઉપર અવલંબે છે.
ભક્તિ એ પ્રીતિનું ફળ છે અને પ્રીતિ અનુક્રમે
દર્શન, પૂજન, સ્તવન, સ્મરણાદિની અપેક્ષા રાખે છે.
અપરિચિત વસ્તુનો પ્રથમ પરિચય તેનાં દર્શનથી
થાય, પછી સેવા - સ્તુતિ આદિ વડે તે પરિચય
ગાઢ થતો જાય છે અને અંતે એકતામાં પરિણમે છે.

જેમ સુવર્ણને નહિ જાણનારને તેનો
શબ્દથી પરિચય એટલો જ આપી શકાય કે
જે પીળું, ચીકણું અને ભારે હોય, તે 'સોનું' કહેવાય,
તેમ જેમ જ્ઞાનરૂપી પીળાશ, દર્શનરૂપી ચીકાશ અને
ચારિત્રરૂપી ભારેપણું જેમાં હોય, તે 'આત્મા' કહેવાય.

પરમાત્મામાં તે પ્રગટ છે, તેથી
તેમના ધ્યાન દ્વારા જ આત્માની ઓળખાણ થઈ શકે.
તૃપ્તિ ખાવાથી થાય, વર્ણનથી નહિ, તે દૃષ્ટાંત સમજવું.

જીભ એ સ્નાયુ છે.
ઐચ્છિક સ્નાયુનું સંચાલન જ્ઞાનતંતુ દ્વારા થાય છે.
તેવી સ્થિતિમાં સંગત માનસ પરિવર્તનની-પ્રત્યાઘાતોની
વધુ ફરતાં વખત જીભ ઉપર માઠી અસર થાય છે.

પ્રકૃતિના લાભથી વૈરાગ્ય અને નિર્ભયતા,

ક્ષેત્રતાના લાભથી શમ અને નિયમ,

ઉત્કૃષ્ટતાના લાભથી નિર્વેદ અને ઉદાસીનતા આવે છે.

દ્રવ્ય પ્રકૃતિ છે, ગુણ ક્ષેત્ર છે, કર્મ ભિન્ન છે.

દ્રવ્ય - ગુણ - પર્યાયના વિચારથી અનુક્રમે પ્રકૃતિ, ક્ષેત્રતા અને વૃત્તિમાં ઉત્કૃષ્ટતા અનુભવાય છે.

**આગળ વધવાની નિશાની કઈ?**

પોતાની દૃષ્ટિ એવી સૂક્ષ્મ કરો કે પોતાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ દેખાઈ શકે. પરના અલ્પગુણમાં ય પ્રીતિ અને પોતાના અલ્પ દોષ વિષે પણ અત્યંત ક્લેશ-એ આગળ વધવાની નિશાની છે.

જ્ઞાનનું મૂળ એટલે સર્વ જીવ પ્રત્યે સમભાવ અને સર્વ ભાવ પ્રત્યે સમભાવ છે.

જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય, તેને યોગ્ય જ માનવામાં આવે અને સર્વ સાથે નમ્રતાથી વર્તવામાં આવે, તો જ જ્ઞાન સાર્થક છે.

**અનંતવાર દેહને માટે આત્માને ગાળ્યો છે. હવે આત્મા માટે જે દેહને ગાળશે, તે આત્મજ્ઞાન માટે અધિકારી બનશે, ત્યારે સાચી નિર્ગ્રન્થતા પ્રગટે.**

V.V. Imp. <u>આત્મા પંથી - દેહ વૃક્ષ</u>

આપણો દેહધારી આત્મા એ પંથી છે - વટેમાર્ગુ છે.
દેહ એ વૃક્ષ છે - ઝાડ છે.
આ દેહરૂપી વૃક્ષની નીચે વટેમાર્ગુ પોરો ખાવા બેઠો છે.
તે પંથી ઝાડને જ પોતાનું માને, તે કેમ ચાલે?
ભગવાને આ જગતને જે જ્ઞાન બોધ્યું છે, તે જ્ઞાન
સર્વ આત્મામાં છે પણ તેને આવિર્ભાવ કરવું જોઈએ.
તેનો ઉપાય એક જ સાચો તે સર્વ જીવ ઉપર સમ-
ભાવ અને સર્વ પ્રસંગો ઉપર ઉદાસીનભાવ કેળવવો.
<u>સમભાવરૂપી સામાયિક અખંડ રાખવા વિચાર કરવો કે:</u>
'આપણા પ્રત્યે બીજાને શત્રુભાવ કે મિત્રભાવ હોય,
એ આપણા હાથની વાત નથી, પરન્તુ
તે તે જીવોની યોગ્યતાને આધીન છે અથવા
તે તે જીવોના કર્મને આધીન છે અને આપણા
જીવનમાં સુખ-દુઃખના, અનુકૂળતા - પ્રતિકૂળતાના
પ્રસંગો ઊભા થવા, તે આપણી યોગ્યતા અને
આપણા જ શુભાશુભ કર્મના ઉદયને આધીન છે.'
સમભાવ વડે ઉપયોગની શુદ્ધિ થાય છે અને શુદ્ધ
ઉપયોગ દ્વારા થતો યોગવ્યાપાર પણ શુદ્ધ બને છે.

એ રીતે મન-વચન-કાયાના વ્યાપારની શુદ્ધિનો આધાર
ઉપયોગની શુદ્ધતા ઉપર અવલંબે છે અને
ઉપયોગની શુદ્ધતા શત્રુ-મિત્ર અને સુખ-દુઃખ આદિ
દ્વન્દ્વો પ્રત્યે ઉદાસીનભાવ કેળવવાથી બનવાય છે.
જ્યાં પ્રતિક્ષણ દુઃખનો દાવાનળ સળગી રહ્યો હોય અને
મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તી રહ્યો હોય,
ત્યાં હર્ષ, આનંદ, આમોદ-પ્રમોદ કેમ હોય?
ત્યાં તો પ્રકાશદીપની જ ખોજ કરવાની હોય.

<u>સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ બનાવવાનો ઉપાય</u>

શત્રુ-મિત્રભાવ પ્રત્યે સમત્વ ભાવ રાખવા સંસારી
જીવોની કર્માધીનતાનો વિચાર અને સુખ-દુઃખ પ્રત્યે
સમત્વ ટકાવવા સ્વકૃત કર્મભાવોનો વિચાર અનિવાર્ય છે.
આપણે કર્માધીન છીએ, માટે જેમ શુભાશુભ
કર્મના ઉદયાનુસાર સુખ-દુઃખ પામીએ છીએ,
તેમ જગતના જીવો પણ કર્માધીન હોઈ આપણા પ્રત્યે
શુભાશુભ ભાવવાળા બને છે, તેથી તે બંનેમાં મધ્યસ્થ
અને તટસ્થ રહેવું, એ જ જ્ઞાન અને વિચારનું ફળ છે.
એથી ઉપયોગની શુદ્ધિ થાય છે અને ઉપયોગ શુદ્ધ થતા
પછી યોગસ્થૈર્ય સહજ બને છે, તેનું નામ 'ચારિત્ર' છે.

ધર્મના નામે ઝઘડા ? ૐ Dt. 28/1/1974

કદાચ નારકીના જીવોને તે તે પ્રકારની વિકૃત પીડા
જેટલું દુ:ખ નહિ આપતી હોય, તેનાથી વિશેષ દુ:ખ,
ધર્મના નામે ચાલી રહેલાં ઝઘડાઓથી
કોઈપણ જાગ્રત આત્માને થાય, તે સહજ છે.
આત્મભાવમાં આત્મબુદ્ધિ જાગે, ત્યારે પરમાત્મભાવ
પ્રતિ પ્રકટપણું થાય અને વીતરાગતા જાગે.
ધર્મ કે જેમાં અંશમાત્ર ઝઘડાને અવકાશ નહિ અને
ધર્મ કે જે અનાદિકાળના સર્વ પ્રકારના
વેરભાવને નિવૃત્ત કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે,
એવા વીતરાગ પુરુષોના પરમ પવિત્ર ધર્મથી
તરવાને બદલે એમાં વિકૃતિ કરી જીવો પોતાના જ હાથે
અજ્ઞાનવશ પોતાનું પરમ અહિત કરતાં જોઈ
હૃદય અત્યંત કરૂણાભાવે દ્રવે છે.
સુખ જીવમાત્રનું ધ્યેય છે. વાસ્તવિક સુખ અંદર છે,
તે પામવા માટે અંદર ગયા વગર છૂટકો જ નહિ.
અંદર જવા માટે ક્ષુદ્રભાવોથી મુક્ત અને
મૈત્રી - પ્રેમ આદિ પવિત્ર ભાવોથી યુક્ત થવું,
તે પ્રથમ શરત (condition) છે.

આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મચારિત્ર (સ્થિરતા) અર્થાત્ self - realization માટે આ પ્રથમ શરતને અનુરૂપ વાણી, વર્તન, ભાવોની ઐક્યતા સાધવા પરમ આવશ્યક છે, તો જ વ્રત - જપ - તપ - નિયમ વગેરે અનુષ્ઠાન પણ તેના યથાર્થ ફળ આપે છે.

શાસનમાં તે મૈત્રી - પ્રેમભાવ પુનઃ જાગ્રત થાઓ, સકલ સંઘનું ઐક્ય થાઓ, સર્વ જીવો સર્વ ક્ષેત્રે, સર્વ કાળે સર્વાંશે સુખી થાઓ, એવી નિર્મળ ભાવના સાથે

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।

Imp

## શુદ્ધ ધર્મનો સાર શું છે?

ધર્મનો સાર શીલ - સદાચાર છે.

શીલધર્મ એ સમકીત સામાયિકનું ફળ છે.

ધર્મનો સાર સમાધિ - એકાગ્રતા છે.

સમાધિધર્મ એ શ્રુત સામાયિકનું ફળ છે.

ધર્મનો સાર પ્રજ્ઞા - વિવેક - અનાસક્તિ છે.

પ્રજ્ઞાધર્મ એ સર્વવિરતિ સામાયિકનું ફળ છે.

વાણી અને શરીરની દુષ્ટ ચેષ્ટાઓથી બચવું તે શીલ છે, કેમકે તે દુષ્ટ વ્યાપારો મનની મલીનતાને વધારે છે. મનની મલિનતા વિના દુષ્ટ ચેષ્ટાઓ થઈ શકતી નથી.

હિંસાદિ દુષ્કર્મો મન દૂષિત હોય, તો જ શક્ય છે
તથા દૂષિત મનની દુષ્ટતાને વધારનાર થાય છે, માટે
કાયા અને મનથી સદાચારનું પાલન તે શીલધર્મ છે.

ચંચળ ચિત્ત પણ મલિન જ રહે છે,
તેથી ચંચળતાને દૂર કરનાર પ્રશસ્ત આલંબનમાં
ચિત્તની એકાગ્રતા કરવી, તે સમાધિધર્મ છે.
પ્રશસ્ત આલંબન કાલ્પનિક પણ યથાર્થ હોવું જોઈએ.

બાહ્યાંતર પરિસ્થિતિને યથાર્થ જાણી તેની સાથે
તાદાત્મ્ય સ્થાપન કરવાને બદલે
અનાસક્તભાવ ઘનિષ્ઠ કરવો, તે પ્રશમ છે. પ્રશમ વડે
રાગદ્વેષમોહજન્ય આસક્તિઓનો મેલ દૂર થાય છે.

<u>શીલધર્મ - સમાધિધર્મ - પ્રશમધર્મ</u>

શીલધર્મનું મૂળ સામ પરિણામ છે,
સમાધિધર્મનું મૂળ સમ પરિણામ છે અને
પ્રશમધર્મનું મૂળ સમ્મ પરિણામ છે.
પ્રથમમાં જીવનો, બીજામાં કર્મનો અને
ત્રીજામાં આત્મધર્મનો વિચાર મુખ્ય છે.
શીલ, સમાધિ અને પ્રશમને પુષ્ટ કરનાર
પ્રત્યેક ક્રિયા એ શુદ્ધ ધર્મ છે.

સાધના = Art of living.

ધર્મ = Science of (living) life.

શુદ્ધ ધર્મનો સાર ચિત્તવિશુદ્ધિ છે.

ચિત્તવિશુદ્ધિ માટે શીલ અને સદાચાર પ્રથમ શરત છે, સદ્ભાવ અને સદ્વિચાર એ બીજી શરત છે તથા આત્મજ્ઞાન, સ્વભાવ સ્વરૂપબોધ એ ત્રીજી શરત છે.

પહેલું શીલ, બીજું સમાધિ અને ત્રીજી પ્રજ્ઞા - એમ શુદ્ધ ધર્મની પ્રાપ્તિના અનુક્રમે ત્રણ પગથિયાં છે.

Right Orientation = પરમ સત્ય.

Relationship of usage = પરસ્પર ઉપયોગનો સંબંધ, પરસ્પરના સંબંધીનો ઉપયોગ. જ્યાં મારું આવે, ત્યાં પ્રેમ નહિ રહેતો, પવિત્રતા પણ નહિ રહેતી.

સત્સંગમાં મનના વિચારોનો સંગ કરવાનો હોય છે.

જ્યાં મનનો સંગ નહિ, ત્યાં સત્સંગ નહિ.

સત્પુરુષોના મનના સંગરૂપી સત્સંગ એ નિઃસંગ બનવાનું પરમ સાધન છે. સત્સંગમાં જો મનનો સંગ છૂટી ગયો, તો મન સ્થિર થવાનું નહિ. તે શાંત-નિશ્ચિંત થઈ ગયું, એ જ જીવન્મુક્ત પદાર્થ છે.

જે જોવા છતાં જોતો નહિ, એ અંધ છે.

ફક્ત માહિતી નહિ પણ અનુભૂતિ એ જ્ઞાન છે.
સૌંદર્ય વધુ સ્થિર તીર છે, કેમકે તેની ગતિ ધ્યેયલક્ષી છે.
જીવન અપરિચિત છે, કિન્તુ
મનનો વ્યાપાર તેને પરિચિત બનાવે છે.
સંકલ્પ - વિકલ્પ સ્થગિત થાય, તો જીવનનું અનુપમ
દર્શન થાય કે જેવું આપણે કદી જોયું પણ ન હોય.
અભય નિર્ભયને અર્પે છે અને પછી
નિર્ભયને એ પૂજે છે, પરન્તુ આ રોજ નહિ.
કામ છે, ત્યાં સુધી ક્રોધ જવાનો નહિ, વળી
મોહ છે, ત્યાં સુધી લોભ જવાનો નહિ અને
અજ્ઞાન છે, ત્યાં સુધી મોહ જવાનો નહિ.
એ રીતે બધાનું મૂળ એક જ છે અને
તે સ્વરૂપનું અજ્ઞાન - સત્યનું અજ્ઞાન.
આત્મજ્ઞાન વડે જ અજ્ઞાન નાશ પામે છે,
તે જ્ઞાન માહિતીનું નહિ, અનુભૂતિનું હોવું જોઈએ.
મનુષ્ય જે સૃષ્ટિ જુએ છે, તે પ્રભુની નહિ પણ
પોતાના મનના સર્જનની સૃષ્ટિ તે જુએ છે.
એના પોતાના મન જેવું જ એને જગત દેખાય છે,
So please be extensively aware.

અજ્ઞ મન જ મનુષ્યને સામાન્ય બનાવે છે.
મનની કથા જે સાંભળે છે, તે કાળાતીત થઈ જાય છે.
મહદ્ અવધાન - બહુમાન એ જ સમાધિનું મૂળ છે.
વસ્તુના જગતમાં આપણે જીવતાં નથી, પરન્તુ
વિષયના જગતમાં આપણે જીવીએ છીએ.
વસ્તુ ઉપર આરોપણ થાય તે વિષય બની જાય છે.
ઈંદ્રિયો ખરાબ નથી પણ એને ખરાબ કરનાર મન છે.
ઈંદ્રિયો વડે જે થાય, તે સૌંદર્યનો અનુભવ રહે છે,
મન જ તેને વિકૃત બનાવે છે.
પાંચે ઈન્દ્રિયો તો ક્ષણેક્ષણનો અનુભવ કરે છે, કિન્તુ
મન ઈંદ્રિયોને રોકે, ત્યારે તેમાંથી વિષય પેદા થાય છે.
ઈંદ્રિયો પોતાના ક્રિયામાં રોકાય છે, ત્યારે સંવેદના
જાગે છે. એ સંવેદનાનાં પરિણામે આનંદ પ્રાપ્ત થાય છે.
વિશ્વને આપેલા વસ્તુ માનવકલ્યાણ માટે નહિ, પરન્તુ
માનવના સંહાર માટે થાય છે અને
એનું મૂળ પણ સંવેદનાના અભાવમાં છે.
સંપત્તિનું મૂળ આપત્તિ અને તેનું મૂળ સમાપત્તિ છે.
સમ્યગ્દર્શન = શત્રુ - મિત્ર સમભાવ, જે આધિ, વ્યાધિ
અને ઉપાધિથી નિવૃત્તિ કરાવનાર સમાધિનું મૂળ છે.

સમ્યગ્દર્શન = સુખ-દુઃખ ઉપર સમભાવ.

ત્રયમેકત્ર સંયમઃ।

સંયમ = એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ.

તેનું મૂળ સમ્યક્ચારિત્ર અર્થાત્

જન્મ - મરણ ઉપરનો સમભાવ અર્થાત્ સંયમ છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર મળીને મોક્ષમાર્ગ બને છે.

પ્રથમ જીવનો વિચાર મૈત્રીભાવ જગાડે છે,

પછી કર્મનો વિચાર માધ્યસ્થ્ય - કરુણાભાવ અને

પછી ધર્મનો વિચાર એ પ્રમોદભાવને જગાડે છે.

ધર્મ એ આત્માનો સ્વભાવ છે અને આત્માનો સ્વભાવ

દર્શન - જ્ઞાન - ચારિત્રગુણ છે, ચિન્મયતા છે.

પ્રમોદ વડે પુણ્ય વધે છે, કરુણા વડે પાપ ઘટે છે

તથા મૈત્રી અને માધ્યસ્થ્ય વડે મોક્ષ મળે છે.

મૈત્રી એ ધર્મનો કષ છે, પ્રમોદ એ છેદ છે,

કરુણા એ તાપ છે અને માધ્યસ્થ્ય એ તાડન છે.

કષ વડે ધર્મરૂપી સુવર્ણની મૈત્રી થાય છે,

છેદ વડે ધર્મરૂપી સુવર્ણ ઉપર પ્રમોદ થાય છે,

તાપ વડે ધર્મરૂપી સુવર્ણ માટે કારુણ્યભાવ થાય છે,

તાડન વડે ધર્મરૂપી સુવર્ણ પર માધ્યસ્થ્યભાવ થાય છે.

એ ચારે ભાવ પરાકાષ્ઠાએ ઉત્તીર્ણ કરતો ધર્મ
આત્મકંચન જેવો નિર્મળ અને શુદ્ધ ગણાય છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય - એ
સર્વ તીર્થંકરોની યોગસાધના છે અને તેના ફળરૂપે
અપાયાપગમાતિશય, પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય
- એ ચારે અતિશયોની પ્રાપ્તિ તે યોગસિદ્ધિ છે.
શ્રી વીતરાગ સ્તોત્ર - પ્રકાશ ૯ના અંતિમ શ્લોકમાં
કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે:

મૈત્રી પવિત્ર પાત્રાય, મુદિતા મોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥૧॥

અર્થ: મૈત્રીના પવિત્ર પાત્ર, મુદિતા વડે મોદશાલિ
તથા કૃપા અને માધ્યસ્થ્ય વડે પૂજ્ય -
એવા યોગસ્વરૂપ આપને મારો નમસ્કાર હો.

બધા ધર્મોએ જીવનના સુખનો પાયો
સદ્વર્તનને જ માન્યો અને ઉપદેશ્યો છે.
દયા, ક્ષમા, કરુણા, મૈત્રી, ત્યાગ -
આ બધા ગુણો સદ્વર્તનના પાયા છે.
બૌદ્ધ ધર્મમાં દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો માર્ગ
અવૈર અને કરુણા જ બતાવ્યો છે.

એવી માન્યતાથી સદ્વર્તનનો પાયો દૃઢ બને છે કે:
આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ તથા અંતિમ મુક્તિ પણ છે!
જેમ અસત્ય કરતાં સત્ય અનંતગુણું જોરદાર હોય,
તેવી જ રીતે પાપ કરતાં પુણ્યનું બળ અને
બુરાઈ કરતાં ભલાઈનું બળ અધિક હોય છે.

આપણો એ મુદ્રાલેખ હોવો જોઈએ કે:
આપણે પણ ઈશ્વરસ્વરૂપ બનીએ અને
બાળકોને પણ તેમ થવામાં મદદ કરીએ.

શાસ્ત્રોક્ત વ્રત અને નિયમો પાળવા તે બંધનો નથી,
પરન્તુ તે મોહના બંધનોથી છોડાવનાર મોક્ષના માર્ગો છે.

ગણધરરચિત સૂત્રો શું કરે?

(૧) ઈરિયાવહી સૂત્ર = દુષ્કૃતગર્હા કરાવી નિર્મળતા આપે.
(૨) લોગસ્સ = સુકૃતાનુમોદના થકી ભાવોલ્લાસ અર્પે.
(3) કરેમિ ભંતે = ભક્તિના ફળરૂપ વિરતિ, સમત્વારોહણ.
(૪) ઉવસગ્ગહરં = આરોહણમાં આવતાં વિઘ્નોનો નાશ કરે.
(૫) નમુત્થુણં = આત્મામાં રહેલ અનંત શક્તિઓનું સ્વસંવેદન કરાવી અભેદપ્રણિધાનની અનુભૂતિ કરાવે.

°

I want to thank God because
I feel myself a part of eternity.

(૧) સાધુતાની આદિ અને અંત શું ?

આદિ = નમ્રભાવ, નિરભિમાનીવૃત્તિ, અહંભાવનો અંત
અને સાધુતાનો અંત = સત્સ્વરૂપ - સંતસ્વરૂપ થવું.
આદિમાં અહંભાવનો અંત - અંતમાં સંતભાવનું પ્રાગટ્ય,
એ સાધુતાની આદિ અને અંત છે અર્થાત્
પ્રથમ મૌન અને પછી ધ્યાન.
અહીં ગુપ્તિથી ગુપ્ત રહીને આત્મભાવની પ્રાપ્તિ.

(૨) સાધુતાની મોટાઈ શી ? નમ્રતા.

સાધુતાની બુદ્ધિમત્તા શી? ચિત્તને પ્રભુમાં જોડવું.
સાધુતાની શક્તિ શી ? પોતાની અશક્તિને જોવી.
સાધુતાની શરમ શી ? સ્વસ્તુતિ.
પોતાના મુખથી પોતાની પ્રશંસા એ પોતાના જ
મુખ ઉપર મેશ લગાડવા બરાબર છે.

(3) સાધુતાનું કર્તવ્ય શું? આત્મજ્ઞાન અને તેમાં સ્થિર થવું.

સાધુતાનો પ્રકાશ શું ? નામજપ અને ધ્યાન.
સાધુતાના મસ્તક ઉપર શું ? ભગવાનની છત્રછાયા.
સાધુતાના મુખ આગળ શું ? પ્રારબ્ધ અર્થાત્
'ભાગ્યમાં જેટલું છે, એટલું મળ્યું છે' એવો સંતોષ.
સાધુતાની પીઠ પાછળ શું ? મરણનું સદા સ્મરણ.

સાધુતાના બંને હાથ ક્યાં હોય ? બંને કાન ઉપર હોય,
પારકી નિંદા - સ્તુતિ કાને ન પડે, તે ખાતર.
સાધુતાના પગ કેવા હોય ? કાચબાની જેમ સંકુચિત - આસનબદ્ધ.
સાધુતાની કમર કસવાની ક્યાં ?
ગુરુભક્તિ, સેવા અને વૈયાવચ્ચ કરવામાં.
સાધુતાનો સંકલ્પ શું ? પ્રભુની ભક્તિ - આજ્ઞાપાલન.
સાધુતાને સંશય શાનો ?
ભગવાનની આજ્ઞા બરાબર પળાય છે કે નહીં ? તેનો.
(૪) સાધુતાનો અધિકાર શો ? સત્ - અસત્‌નો વિવેક.
સાધુતામાં વગર વિચાર્યું કામ શું ? અતિભક્તિ.
બહુભક્તિ લેવાથી બુદ્ધિ ઘટે.
(૫) સાધુતાની ચતુરાઈ શી ? મન - ઈંદ્રિયનો સંયમ.
સાધુતામાં આરામ શો ? લોકો વચ્ચે રહીને ય ભૂત - ભાવિના
વિકલ્પો શાંત કરી વર્તમાનમાં જીવવારૂપ એકાંતસેવન.
સાધુતાનો ખજાનો શો ? ભગવાનનો ભરોસો.
સાધુતાનો મહેમાન કોણ ? દેહ અને પ્રારબ્ધ.
સાધુતાનો ઉદ્યમ શો ? પરમેશ્વરમાં મન ચોંટાડવું તે.
સાધુતાનું ઘર કયું ? સમસ્ત જગત.
સાધુતાની સંપત્તિ કઈ ? સ્વાધ્યાય - આરાધના - ગુણો.

સાધુતાની જરૂરીયાત શી? આરાધનાનાં લક્ષ્યપૂર્વકનું
દેહનું તથા મનનું આરોગ્ય.

સાધુતાનો ત્યાગ શો? ઇંદ્રિયોના વિષયો.

સાધુતાની વૃત્તિ શી? દરેક બાબતમાં પ્રભુનો ઉપકાર માનવો અને જે કાંઈ બને, તેનાથી સંતુષ્ટ રહેવું તે.

સાધુતાની તૃષ્ણા શી? કર્મ નિર્જરા.

સાધુતાનો આનંદ શેમાં? સમતામાં.

સાધુતાનો વ્યાપ શું? સૌ સાથે મૈત્રી.

(૬) પ્રભુપ્રીતિ ક્યારે કરવી? અત્યારે જ, આ જ સમયે.

કોની સાથે પ્રીતિ ન કરવી? કામ, ક્રોધ, મોહાદિ સાથે.

સૌથી વધારે કઠિન શું?
તપ-જપનો અહંકાર નિવૃત્ત કરવો તે.

ભક્તિ કેવી રીતે સ્થિર થાય? બાહ્ય-અભ્યંતર તપ વડે.

તપ કેવી રીતે સિદ્ધ થાય? કહેવું ઓછું, કરવું વધારે.

કર્તવ્ય શું? ભગવાનની આજ્ઞામાં રહેવું તે.

રોગ શો? માયાધારીઓની સાથે પ્રીતિ કરવી.

હાસ્ય-વિનોદ શો? ભગવાનની કથા.

પરમેશ્વર ક્યારે પ્રાપ્ત થાય?
હૃદયમાં પ્રેમ-પ્રીતિ ઉત્પન્ન થાય ત્યારે.

પ્રીતિની નિશાની? ગદ્ગદભક્તિ. ભક્ત કોણ? મહાત્યાગી.
ગદ્ગદ શાને ઢાંકે? સૌ કોઈના પાપ અને ભૂલને ઢાંકે.

ત્યાગની મોટાઈ શેમાં છે? નમ્રતામાં.

નમ્રતાથી જ દરેકને મોટાઈ પ્રાપ્ત થઈ છે,
મોટાઈ પ્રાપ્ત થાય છે અને મોટાઈ પ્રાપ્ત થવાની છે.

ત્રણ લિંગ કયા કયા? ઇષ્ટલિંગ = પાષાણના લિંગ.
પ્રાણલિંગ = આત્મા. ભાવલિંગ = પરમાત્મા.
શિવયોગ વડે ત્રણે લિંગની સમાપત્તિ થાય છે.
ભાલ સ્થળે તિલક - એ ત્રીજા નેત્રની ઉપાસના છે.

જીવન આદર્શ ક્યારે બની શકે?

પુણ્યના યોગે મળતાં સુખમાં નિરાગભાવ અને પાપના યોગે આવતાં દુઃખોમાં સમાધિભાવ ટકી રહે ત્યારે.

અહીં સમજ આવી જાય કે:

'સુખ તથા દુઃખ એ પુણ્ય અને પાપના વિપાક છે,' તો આત્મા તેમાં લેપાય નહિ અને સમતા સમાધિનું આરાધન કરી જીવનને આદર્શ - સાર્થક બનાવી શકે.

'રાગાદિ દોષો દોષરૂપ છે' એ ભાન થવામાં પ્રતિબંધક દોષ મિથ્યાત્વ છે, જે પુણ્યયોગથી મળતાં સુખ ઉપર રાગ તથા પાપથી આવતાં દુઃખ ઉપર દ્વેષ કરાવે છે.

મિથ્યાત્વની નિબિડ ગાંઠ અનાદિકાળની છે,
તે તૂટે નહિ, ત્યાં સુધી સંસારનું પરિભ્રમણ મટે નહિ.
સુખમાં વિરાગ - દુઃખમાં સમાધિ ટકવાથી મિથ્યાત્વ,
અવિરતિ, કષાય, પ્રમાદ અને દુષ્ટ યોગો પણ ટળે છે.

<u>એ ભાવના રોજ ભાવવી કે:</u>

જીવ અનાદિ છે, જીવનો સંસાર પણ અનાદિ છે.
સંસાર કર્મના સંબંધથી ચાલે છે.
ભાવકર્મ રાગાદિરૂપ અને દ્રવ્યકર્મ જ્ઞાનાવરણાદિરૂપ
દુઃખરૂપ - દુઃખફલક તથા દુઃખની પરંપરા વધારનારા છે.
એ સંસારનો નાશ શુદ્ધ ધર્મથી થાય છે અને શુદ્ધ
ધર્મની પ્રાપ્તિ મિથ્યાત્વાદિ પાપકર્મોના નાશથી થાય છે.
પાપકર્મોનો નાશ આત્માની યોગ્યતા વિકસવાથી થાય છે.
તેના 3 સાધન : ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા, સુકૃતસેવન.
આ ત્રણ ઉપાયોનું સેવન સંક્લેશ વખતે વારંવાર અને
અસંક્લેશ વખતે ત્રિકાળ સમ્યક્પ્રણિધાનપૂર્વક કરવું
જોઈએ. દુષ્કૃતગર્હાથી દુઃખ ટળે છે, સુકૃતના સેવનથી
દુર્ધ્યાન ટળે અને ચતુઃશરણગમનથી દુર્બુદ્ધિ ટળે છે.
શરણગમનથી એવી સદ્બુદ્ધિ જાગે છે કે:
'દુષ્કૃત હેય છે, સુકૃત ઉપાદેય છે.'

દુઃખ એ દુષ્કૃતનું ફળ છે, તેથી દુઃખ વખતે દુર્ધ્યાન
થતું નથી પણ દુષ્કૃતને દૂર કરવાની મનોવૃત્તિ જાગે છે.
સુખ એ સુકૃતનું ફળ છે, તેથી સુખ વખતે આસક્તિ
નહિ પણ તેનો સદુપયોગ કરવાનું જ મન થાય છે
અને આસક્તિનો ત્યાગ કરવાની બુદ્ધિ જાગે છે.

સુખની આસક્તિ જાય છે, દુઃખનો દ્વેષ ટળે છે તથા
સુખનું મૂળ સુકૃત કરવાનો ઉત્સાહ જાગે છે અને
દુઃખનું મૂળ દુષ્કૃત છોડવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે.

ચતુઃશરણગમનાદિ ઉપાયોથી આત્માનું ભવ્યત્વ વિકસે,
અનાદિનો કર્મસંબંધ છૂટે, રાગાદિ મળ વિલય પામે છે.

જન્મ એ વિકૃતિ છે, મરણ એ પ્રકૃતિ છે અને
આરાધના સહિત મરણ એ અનુમોદનીય છે.

ખીલેલા કમળને કોઈએ પૂછ્યું: તારાં જીવનનું રહસ્ય શું?
હાસ્ય વેરતાં કમળે કહ્યું કે: એનું રહસ્ય છે નિર્લેપતા,
જે ખરતી વખતે ખિન્નતાને બદલે મને પ્રસન્ન રાખે છે.

સુખ એ આત્મકમળની ખીલેલી અવસ્થા છે,
દુઃખ એ આત્મકમળની ખરતી અવસ્થા છે.
બંને અવસ્થામાં નિર્લેપભાવ એ સાધનાની અવસ્થા છે.
સાચા જ્ઞાનનું ફળ બંને અવસ્થામાં નિર્લેપ રહેવું તે છે.

મોક્ષની સાધનામાં અત્યંત જરૂરી ચાર ચીજ

(૧) માનવજન્મ (૨) શ્રી જિનવચનનું શ્રવણ
(૩) અવિચલ શ્રદ્ધા અને (૪) સંયમમાં પુરૂષાર્થ.

તે સિવાયની દુન્યવી સામગ્રી સીધી રીતે ઉપકારક નહિ,
કિન્તુ મોટે ભાગે ધર્મ નહિ પામેલાને અપકાર કરનારી છે.

દુઃખ ઉપર દ્વેષ = મૂર્ખતા. કર્મ ઉપર દ્વેષ = ડહાપણ.

સુખ પર રાગ = મહામૂર્ખતા. ધર્મ પર રાગ = મહાડહાપણ.

ધર્મનો પાયો કર્મ છે અને તેનું કારણ
સુખરાગ અને દુઃખદ્વેષને ટાળવાનો ઉદ્યમ કરવો તે છે.
જિનવાણીના શ્રવણ, મનન, ચિન્તનથી અને તેના ઉપર
અવિચલ શ્રદ્ધા ધારણ કરવાથી તે ઉદ્યમ શક્ય બને છે.
પુણ્ય અને પાપથી અનુક્રમે સુખ અને દુઃખ મળે છે.
ધર્મ આત્માને શુદ્ધ કરે છે.
શુદ્ધિ એટલે દુઃખમાં સમાધિ, સુખમાં વિરાગતા
જીવનનો લોભ નહિ, મરણનો ભય નહિ.
શુદ્ધધર્મની પ્રાપ્તિ = સત્કર્મ કરવાં, અસત્કર્મને છોડવા.

જન્મનું ફળ અજન્મા થવું તે છે.

પરમાત્મા થવા પહેલાં ધર્માત્મા થવું જોઈએ અને
ધર્માત્મા થવા માટે રાગ-દ્વેષ ટાળવાં જોઈએ.

ત્રણ વાતનો નિશ્ચય કરાવવા માટે શાસ્ત્રોનો ઉપદેશ

(૧) સંસારનું સુખ અસાર છે.

(૨) મોક્ષનું સુખ જ સાર છે.

(3) ધર્મ એ મોક્ષસુખ માટે જ કરવાનો છે.

શાસ્ત્રમતિમાં જ આપણું કલ્યાણ છે,
લઘુમતિ, બહુમતિ કે સર્વાનુમતિમાં કલ્યાણ નહિ.

સજ્જનનું મુખ્ય લક્ષણ છે...

પોતાને પ્રતિકૂળ લાગે, તેવું વર્તન બીજા પ્રત્યે ન કરવું.

સાંસારિક સુખોનો રાગ એ સઘળાં ય દુઃખોનું મૂળ છે અને મોટામાં મોટું પાપનું બીજ પણ એ જ છે.

રાગ-દ્વેષ તો જ ટળે કે દુઃખની જેમ સુખમાં પણ હેયબુદ્ધિ અને સુખની જેમ ધર્મમાં ઉપાદેયબુદ્ધિ જાગે.

સમજ શાથી કે...

સાધુ-સાધ્વી ત્યાગી અને શ્રાવક-શ્રાવિકા વિરાગી ?

એનું કારણ સમ્યક્ત્વ-મોક્ષનું બીજ છે. સમ્યક્ત્વનું લક્ષણ જ આસ્તિક્ય અર્થાત્ પુણ્ય-પાપના ફળોમાં દૃઢ વિશ્વાસ ઉપરાંત જીવ તથા અજીવતત્ત્વનું જ્ઞાન છે,

કર્મબંધનું કારણ આશ્રવ અને
નિર્જરાનું કારણ સંવર - એની ખાત્રી છે.

## જીવનમાં શું કરવું ? શું સમજવું ?

મોક્ષતત્ત્વની શ્રદ્ધા, સંસારના સુખમાં હેયપણાની બુદ્ધિ, સર્વ જીવ સાથે મૈત્રી અને પરમાત્માની ભક્તિ કરવી. સંસાર એ રોગ, ધર્મ એ ઔષધ, મોક્ષ એ આરોગ્ય, ધર્મક્રિયા એ પથ્ય, સંસારક્રિયા એ કુપથ્ય, સંસારી જીવો એ દર્દી, અરિહંતો એ સર્જન, સાધુઓ એ કંપાઉન્ડર અને ધર્મસ્થાનો એ હોસ્પીટલ સમજવી.

## અવિરતિનું - અવ્રતપણાનું કામ શું ?

ઇચ્છાઓ ઉત્પન્ન કરવાનું, પાંચ ઇંદ્રિયોના વિષયો મેળવવાનું અને ભોગવવાની ઇચ્છા કર્યા કરાવવાની.

પાંચે વિષયોનું ઔષધ છે વૈરાગ્ય,
ઉર્ધ્વતાસામાન્યથી આત્મતત્ત્વની એકતાનો વિચાર.

## ક્રોધ - માન - માયા - લોભકષાયનું કામ શું ?

આત્માને અવિરતિ કરાવવા અને
એમાં આડે આવનાર પ્રત્યે દ્વેષ - અરૂચિ કરાવવા.
ચારે કષાયનું ઔષધ છે મૈત્રી,
તિર્યક્સામાન્યથી આત્મતત્ત્વની એકતાનો વિચાર.

o સુખ ઉપર લાત પડે, હરિ હૃદય સે જાય,
બલિહારી હૈ દુઃખ કી, પલ પલ નામ જપાય.

## ચરમાવર્ત જીવનાં લક્ષણો

દુઃખી જીવો ઉપર અત્યંત દયા, ગુણવાન ઉપર અદ્વેષ અને સર્વ જીવો સાથે ઔચિત્યનું પાલન.

## અપુનર્બંધક જીવનાં લક્ષણો

પાપમાં તીવ્રતા નહિ, સંસાર ઉપર બહુમાન નહિ અને સર્વત્ર ઔચિત્ય. મોક્ષાર્થે ધર્મ કરનારો શુક્લપાક્ષિક છે.

## સમાધિનું લક્ષણ

દુઃખમાં અદીનતા અને સુખમાં અલીનતા.

કર્મજનિત સુખ એ સુખ નહિ, મોહરાજાની જાસુસી છે.
કર્મજનિત દુઃખ એ દુઃખ નહિ પણ ધર્મરાજાની દૂતી છે.
દુઃખનો અતિદ્વેષી સુખનો અતિરાગી હોય છે અને સુખનો અતિરાગી જ દુઃખનો અતિદ્વેષી હોય છે, એનું જ નામ મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી કષાય.

## દુઃખ કરતાં પણ સુખ શાથી બોજકારક ?

કેમકે સુખ તેના યોગમાં આસક્ત બનાવે અને વિયોગમાં દુર્ધ્યાન કરાવે. દુઃખનો યોગ કદાચ દુઃખી બનાવે, પરન્તુ દુઃખનો વિયોગ તો સુખી બનાવે.
સુખનો સંયોગ અને વિયોગ - ઉભય દુઃખકારક છે, દુઃખનો માત્ર સંયોગ દુઃખકારક છે પણ વિયોગ નહિ.

## આર્ય સંસ્કૃતિનો મુદ્રાલેખ

જે ઉપાદેય પુરુષાર્થ: મોક્ષ + એની પ્રાપ્તિના કારણભૂત ધર્મ.
જે હેય પુરુષાર્થ: સંસાર અને તેના કારણરૂપ અર્થ + કામ.

જીવને પૂર્ણ સુખ અને શાંતિની ઝંખના છે.
તે મોક્ષ સિવાય અન્યત્ર છે જ નહિ અને
તેની પ્રાપ્તિ ધર્મ સિવાય અશક્ય છે.
ધર્મની પ્રાપ્તિનાં સાધન ચતુ:શરણગમનાદિ છે,
તેથી તેનું પુન: પુન: આસેવન કર્તવ્ય છે.

## આત્મજ્ઞાન - આત્મરસ કઈ રીતે પ્રગટે ?

આત્મજ્ઞાન માટે માંસ આહાર અને માંસ વિહાર - ઉભયનો પરિહાર એ પ્રથમ શરત છે. જ્યાં માંસ કે હાડ - ચામમાં રસ છે, ત્યાં આત્મરસ પ્રગટી શકતો નથી.

આત્મા એ રસરાજ અને આનંદમૂર્તિ છે. જીવનની પવિત્રતાના પાયા ઉપર જ આત્માનું દર્શન-મિલન શક્ય છે. જીવનની પવિત્રતાનો આધાર જ અહિંસા છે, તે કાયિક - વાચિક - માનસિક ત્રણે રીતે હોય, તો પૂર્ણ બને છે. કાયિક અને વાચિક અહિંસા માટે પાંચ યમ સહાયક છે અને માનસિક અહિંસા પાળવાને માટે પાંચ નિયમોનું પાલન સહાયક છે.

## સાચો જોનારો કોણ ?

જે સર્વ ભૂતોમાં આત્માને અને આત્મામાં સર્વ ભૂતોને જુએ, તે જ સાચો જોનારો છે.

મનને તેના મૂળ સ્થાન - આત્મા તરફ વાળીને પૂર્ણ મનોનિગ્રહ મેળવવાનો પ્રયાસ ચાલુ રાખી તેમાં સિદ્ધિ મેળવવી જોઈએ. બુદ્ધિ, મન, ઇંદ્રિયોનો જેટલા પ્રમાણમાં સંયમ સધાય, તેટલો મુક્તિનો આનંદ અનુભવાય છે. મુક્તિ એ બીજું કાંઈ નહિ પણ આત્મસ્વરૂપ જ છે. પોતાની અપૂર્ણતાનું દર્શન થવું, એ ચઢતીનું ચિહ્ન છે અને પોતાની ભૂલ ન ભાસવી, એ પડતીનો પાયો છે. દુઃખનું મૂળ મમત્વ છે અને સુખનું મૂળ સમત્વ છે. મમત્વભાવનો અભાવ છે, ત્યાં દુઃખાનુભૂતિ થતી નથી. રોજ હજારો મરણ અને જન્મ થાય છે, છતાં હર્ષ કે વિષાદ આપણને થતો નથી. પોતાને જેના ઉપર મમત્વ છે, તે કુટુંબમાં કોઈનું જન્મ કે મરણ થાય, ત્યાં હર્ષ-વિષાદ થાય છે. મમત્વનું મૂળ અજ્ઞાન છે, તે નષ્ટ થવાથી દુઃખ પણ જાય છે.

વિપદો નૈવ વિપદઃ સમ્પદો નૈવ સમ્પદઃ ।
વિપદ્વિસ્મરણં વિષ્ણોઃ સંપન્નારાયણસ્મૃતિઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૪)

## પાટણમંડણ શ્રી પાર્શ્વનાથ જિનસ્તુતિ

### રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર

પૂજો પ્રણમો ભવિયણ વંદો,
પાટણ પ્રગટ્યો પુનિમ ચંદો, ચિંતિત સુરતરુ કંદો.
જસ પદ સેવે સકલ સુરીંદો,
દિન દિન વાધે અધિક આણંદો, વંદો પાસ જિણંદો ...(૧)
ભવિયાં ભાવ ધરી ચિત્ત સાચો,
જિસો અવિહડ હીરો જાચો, જિન અશુભ કર્મ નિકાચો,
ચઉવીશે જિન અવિચલ વાચો,
ઉલટ આણી અંગે સાચો, અવર દેવ મ રાચો ...(૨)
સદ્ગુરુ પદપંકજ પ્રણમીજે, જિનવચનામૃત ઘટ ઘટ પીજે,
નિજ ભવ લાહો લીજે.
નિરમલ મન - વચ - કાયા કીજે,
શિવરમણીશું રંગ રમીજે, ભવદુઃખ નવ દેખિજે ...(3)
ધમ ધમ ધમ ઘુઘરી વાજે, રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરી વાગે,
સુરવર ચરણે લાગે.
પદ્માવતી વરદેવી આગે, વિઘન વિઘાતક વિદ્યા માગે,
ઋદ્ધિવિજય મન રાગે. ...(૪)

o

|| ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ||

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫૨)**
ખરેખર આ સર્વ બ્રહ્મ જ છે, એમાં વિવિધતા કાંઈ જ નથી.
બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે અને જીવ જ બ્રહ્મ છે, બીજો નહીં.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૮૬)**
જે પોતે કૃતાર્થ થયેલા હોય અને પછી બીજાને ઉત્તમ અને અનિર્વચનીય એવો ધર્મ ઉપદેશ આપે, તે હંમેશા સર્વથી ઉત્તમ છે તથા પૂજ્યતમ છે, અતિશય પૂજ્ય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૧૩)**
જિનેન્દ્રપૂજા, ગુરૂભક્તિ, જીવદયા, સુપાત્રદાન, ગુણાનુરાગ, આગમશ્રવણ -
આ મનુષ્ય જન્મના ફળો છે.
૦ દેવપૂજા, ગુરૂભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન -
આ છ કાર્યો દરરોજ કરવા જોઈએ.
૦ પૂજ્યની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, જ્ઞાન અને પરોપકાર -
મનુષ્યજન્મના આ આઠ ફળો પણ છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૩૭)**
એક આશ્ચર્ય જોયું કે વડલાના વૃક્ષ નીચે ગુરૂ યુવાન અને શિષ્યો વૃદ્ધ હતાં.
ગુરૂનું વ્યાખ્યાન મૌન હતું, તો પણ શિષ્યોના સંશયો દૂર થતાં હતાં.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪૫)**
જે સર્વ લોકોને અને પોતાના સ્વરૂપને પણ હંમેશા ધારણ કરે છે અને જે સાક્ષાત્ આત્મરૂપ છે, તે જ્ઞાની પુરૂષો વડે હંમેશા ધારણ કરાય છે.

ધારણ કરતો હોવાથી 'ધર્મ' કહેવાય છે.
૦ ધર્મ પ્રજાને ધારણ કરે છે.
૦ ધૃતિ - ક્ષમા - દમન - અચૌર્ય - પવિત્રતા - ઈન્દ્રિયનિગ્રહ - બુદ્ધિ - વિદ્યા - સત્ય - અક્રોધ, આ દસ લક્ષણવાળો ધર્મ છે.

### પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૫૮)
પોતાના આત્માનું જ દમન કરવા જેવું છે. આત્મા જ ખરેખર દુર્દમ છે. આત્મદમન કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે. (૧)

ઉપશમ વડે ક્રોધને હણવો, નમ્રતા વડે માનને, સરળતા વડે માયાને અને સંતોષ વડે લોભને જીતવો. (૨)

એક પુરૂષ યુદ્ધમાં દુર્જય દશ લાખ સુભટ ઉપર વિજય મેળવી શકે છે અને એક મહાત્મા પોતાના આત્માને જીતે છે, તો બંનેમાં આત્મવિજય શ્રેષ્ઠ છે. (૩)

આત્માની સાથે જ યુદ્ધ કરવું જોઈએ, બહારના યુદ્ધથી શું લાભ છે?
આત્મા વડે જ આત્માને જીતવાથી સાચું સુખ પ્રાપ્ત થાય છે. (૪)

### પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૬૧)
પોતાના આત્માની જેમ બીજા સર્વ જીવોને પણ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, માટે પોતાને ન ગમતી હિંસા બીજા પ્રત્યે પણ આચરવી નહીં.

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૬૩)
કર્મક્ષયથી મોક્ષ થાય છે અને કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે.
આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય છે અને તે ધ્યાન આત્માને હિતકારી છે.

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૭૬)
આમ સદ્ આચરણથી યુકત મોક્ષમાર્ગમાં પરમ જ્યોતિવાળું અને
ત્રિકોટીદોષરહિત 'શાસ્ત્ર' કહેવાયું છે.

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૭૭)
શુદ્ધ નયથી વિચારતાં દરેક આત્મામાં શુદ્ધ પર્યાયો સમાન હોવાથી અને અશુદ્ધ નયથી વિચારતાં વિભાવપર્યાયો તુચ્છ હોવાથી સર્વ નયોમાં પરિણત સાધુને તે (શુદ્ધ-અશુદ્ધ) પર્યાયો અભિમાન માટે થતાં નથી. ૦ વ્યક્તિરૂપે પરમાત્મપદમાં રહેલો આત્મા શકિત વડે સર્વત્ર રહેલો જય પામે છે. ૦ જગતને બ્રહ્મના અંશ રૂપે જાણવું.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૮૧)
શુભ - અશુભ ફળ પ્રત્યે શુભ - અશુભ ધર્માધર્મ - પુણ્ય - પાપ જ કારણ છે. પુણ્ય - પાપ પ્રત્યે મુખ્ય કારણ તેનો કર્તા છે અને ગૌણ કારણ રૂપે નિમિત્ત બનેલા શુભાશુભ આલંબનો છે, (તેથી) સ્વર્ગ અને મોક્ષ વગેરે આપનાર (માત્ર અને માત્ર) વીતરાગ પરમાત્મા છે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૮૨)
પંચ પરમેષ્ઠીને નમસ્કાર પાપનાશક છે. નમસ્કાર કરનાર આત્મા પ્રશસ્ત છે અને નિમિત્ત કર્તા તરીકે પાપનો નાશ કરનાર અરિહંતાદિ પંચ પરમેષ્ઠી છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૫)
યોગનો અભ્યાસ તે પણ યોગ છે એટલે રત્નત્રય, ધ્યાન આ બધા યોગ છે.
તેનો અભ્યાસ કરવાથી ઉત્તમ તત્ત્વ પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૨૧૨)
વિપત્તિ એ વિપત્તિ નથી અને સંપત્તિ એ સંપત્તિ નથી.
વિષ્ણુની વિસ્મૃતિ તે વિપત્તિ છે અને નારાયણની સ્મૃતિ તે સંપત્તિ છે.



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૩ - ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## નવાક્ષરી મન્ત્ર

ॐ ह्रीं નમો અરિહંતાણં ।




નમો = મૌનેન નાદશ્રવણં ।

અરિહંતાણં = ધ્યાનેન જ્યોતિર્દર્શનં ।

નમો = we talk to God.

અરિહંતાણં । = God talks to us.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in